શાહનામું અને ફીરદોસી.

શાહનામું અને ફીરદોસી.

લખનાર,

જીવનજી જમશેદજી મોદી. બી. એ.

મુંબઈ:

જાવજી દાદાજીના

"નિર્ણયસાગર" છાપખાનામાં છાપ્યું છે.

સન ૧૮૯૭.

મેહેરબાન

શેઠ સર દિનશાજી માનેકજી

પીતીત બારોનેત.

તમો સાહેબની જુદાજુદા પ્રકારની સખાવતોમાં કેળવણી ખાતાંઓને અને કેળવણી લેનારાઓને આપે આપેલી મદદ પેહેલી જગ્યા રોકેછે. તેવા પ્રકારની સખાવત માટેનાં ઉપકારની અને આપ તરફનાં માનની એક કમીની ઇધાણી તરીકે આ પુસ્તક આપને માનપૂર્વક અર્પણ કરવાની રજા લેઉંછું.

સેવક,

જીવનજી જમશેદજી મોદી.

દીબાચો.

આ પુસ્તકમાં શાહાનામા અને ફીરદોસી બાબે ત્રણ બાબદો સમાવીછે.

૧ શાહનામાને લગતી હકીકતો એકઠી થવાની બાબદની તવારીખ.

૨ ફીરદોસીની જીંદગીનો એહવાલ.

૩ ફીરદોસી શાહનામામાં પોતાને મળેલી હકીકતોને વલગી રહ્યો છે કે પોતાની કલ્પનાશક્તિને શરણ થયો છે તે બાબેની તપાસી.

એ બાબદોની તપાસમાટે મોટે ભાગે મો. મોહલના શાહ-નામાના દીબાચાનો હું આભારી છું. સર જમશેદજી જીજીભાઈ ત્રાંસલેશન ફંડના તરસતીસાહેબોનો તેઓએ આ પુસ્તકને આપેલા આસરા માટે હું મોટો આભાર માનુંછું. કોલાબા તા. ૧૫ જુન ૧૮૯૭.

સેવક

જીવનજી જમશેદજી મોદી.

સાંકળીયું.

શાહનામું અને ફીરદોસી.

કવિતાની મતલબ— છંદમાં લખાયલા કોઈપણ લખાણને આપણે કવિતા કહીએ છીએ અને કવિતાની મતલબ આપણને ખુશી કરવાની છે. ગાયન, ચિતાર અને કોતરકામની માફક કવિતા એક નકલ કરનારો હુન્નર ગણાય છે. ગાયનનો હુન્નર સુર અને રાગ (Harmony and Melody) થી આપણને ખુશી કરે છે. ચિતારનો હુનર રંગોથી આપણને ખુશી કરે છે, કોતરકામનો હુન્નર બરાબર આકારો ઉત્પન્ન કરી આપણને ખુશ કરે છે, અને કવિતા છંદમાં ગોઠવેલા શબ્દોથી આપણને ખુશ કરે છે, ચિતાર અને કોતરકામ કોઇક બાહારના આકારોની સુંદર નકલ કરી આપણને ખુશ કરે છે અને તેમ કરતાં કોઈ ચોકસ આકાર અથવા કોઈ ચોકસ પળનો દેખાવ આપણી હજુર ધરે છે પણ ગાયન અને કવિતામાં તો એવા દેખાવો અથવા ચિત્રોની હારની હાર હોય છે જેનું સામટું રૂપ આપણને ખુશ કરે છે.

કવિતાના પ્રકારો. મનોવિકારદર્શક કવિતા— હવે કવિતા બે પ્રકારની છે. મનોવિકારદર્શક અને વીરરસ. મનોવિકારદર્શક કવિતા (Lyric poetry) તે છે કે જેમાં માણસ જાતની લાગણીઓ અને મનના વિકારોપર આધાર રાખેલો હોય છે. ફારસીમાં એવી જાણીતી કવિતા હાફેઝની છે જેને યુનાનીઓના મનોવિકારદર્શક કવિ એનેક્રેઓન સાથ સરખાવવામાં આવે છે. એ બેઉ કવિઓ ઓરત, શરાબ અને ગોલાબ એ વિષયો ઊપર પોતાના વિચારોની રેલછેલ કરે છે. હાફેઝ જાણે મોહોબત અને મજાહનાં ગાણાં ગાનારો કવિ છે. મીલટનની ઇલપેનસેરોસો અને લેલેગ્રો એવી મનોવિકારદર્શક કવિતા છે. બીજા પ્રકારની કવિતા તે વીરરસ કવિતા છે.

વીરરસ કવિતા—એક વીરરસ કવિતા (Epic) મનોવિકારદર્શક કવિતાથી એ મુખ્ય બાબદમાં જુદી પડે છે કે જ્યારે પાછલી માણુસજાતની લાગણીઓ અને મનના વિકારો ઉપર આધાર રાખે છે ત્યારે આગલી નજરે પડતી સામાન્ય ચીજો અને બાબદો હાથ ધરે છે. માણુસજાતનું મગજ પોતાની સાદી હાલતમાં એવી લાગણીઓ અને મનના વિકારો તરફ ખેંચાય તે કરતાં વધુ, સામાન્ય ચીજો અને બાબદ ઉપર ખેંચાય. એ કારણુને લીધે જુદી જુદી પ્રજાઓમાં વીરરસ કવિતાઓ એક યા બીજે રૂપે ઘણા અસલના વખતથી જાણીતી થયલી હોય છે.

ફીરદોસીનું શાહનામું દુનિયાની થોડીક જાણીતી વીરરસ કવિતાઓમાંની એક છે. યુનાનીઓમાં ઈલીઅડે અને હિંદુઓમાં મહાભારતે જેવી પ્રસિદ્ધતા મેળવી છે તેવી ઈરાનીઓમાં શાહાનામાએ મેળવી છે. યુનાની સાહિત્યમાં જે જગ્યા હોમરે રોકી છે તે જગ્યા ઇરાની સાહિત્યમાં ફીરદોસીએ રોકી છે. એ કારણુને લીધે ફીરદોસી "પૂર્વ ભણીનો હોમર" એવા નામથી જણાયલો છે.

વીરરસ કવિતાના બે પ્રકારો—વળી એવી વીરરસ કવિતા બે પ્રકારની હોય છે. એક રાજ્યસંબંધી અથવા દેશના પાદશાહો પેહેલવાનો જેવા વીર અથવા પરાક્રમી પુરૂષોસંબંધી, અને બીજી ધર્મસંબંધી. મીલટનની "પેરેદાઇઝ લોસ્ટ" અને પેલા ઈટાલીઅન અરદાએ વીરાફ (દાન્ટી)ની "દીવાઇન કોમેદી" પાછલા પ્રકારની વીરરસ કવિતાઓ છે. હોમરની ઈલીઅડ અને ફીરદોસીનું શાહનામું એ આગલા પ્રકારની વીરરસ કવિતા છે. કાવ્યસંબંધી કોશિશોમાં વીરરસ કવિતાનું કામ જેમ ઉંચા દરજાનું તેમ ઘણું મુશ્કેલ છે. એ કારણુને લીધે જુદી જુદી પ્રજાઓમાં વીરરસ કવિતાઓ જો કે ઘણી લખાઇ છે તોપણ તેઓમાં ખરેખરી ફતેહમંદ કવિતાઓ ઘણી થોડી છે. એક કવિએ એક ફતેહમંદ વીરરસ કવિતા લખવા માટે એક વાતને એવી રીતે કવિતામાં ગોઠવવી જોઇએ કે તે વાત વાંચનારાઓને ઉપયોગી થઈ પડે, ધડો આપે, અને ખુશી કરે. એવી એક સીલસીલાબંદ લાંબી વાતમાં નાના બ-

નાવોની વાતો અને જુદા જુદા વીરો અથવા પરાક્રમી પુરૂષોની જીંદગીનાં ચિત્રો, એવીરીતે દાખલ કરતાં જવું જોઇએ કે તેથી તે વાત વાંચનારાઓનાં મન શરૂથી છેવટ સુધી તે કવિતામાં ગોઠવેલી વાત તરફ ખેંચાયાં રહે. એ કામ ત્યારે જેવું તેવું મુશ્કેલ નથી. એક લખનાર કહે છે તેમ એક વીરરસ કવિતાની બાબદમાં ત્રણ ગુણો હોવા જાઇએ. તે એ કે એક તો તે કવિતાની બાબદ એકજ હોવી જોઇએ. બીજું એ કે તે વાત મોહોટી અને માહાભારત હોવી જોઇએ, અને ત્રીજું એ કે તે ધ્યાન ખેંચનારી અને ખુશી કરનારી હોવી જોઇએ. ફીરદોસીનું શાહાનામું એ ત્રણે ગુણો ધરાવે છે. તેની બાબદ એક છે અને તે ઇરાનની તવારીખ અને તેના દુશ્મનો સાથની લડાઈ છે. એ બાબદમાં બીજી બાબદો અથવા દાસ્તાનો જેવાં કે સોહરાબ અને રૂસ્તમના, બેજન અને મનીજેહનાં દાખલ કર્યાં છે ખરાં પણ તે સઘળાં મુખ્ય બાબદના સંબંધમાં જોડાયલાં છે. એ બાબદ જેમ સીલસીલાબંદ એક છે તેમ તે સાથેલાગી વળી મોહોટી અને મહાભારત છે. તે એક મોટી શાહાનશાહાતનું વર્ણન કરે છે જે એક નાની શરૂઆત ઉપરથી બોહોળા વિસ્તાર ઉપર ફેલાઈ હતી. વળી એ વર્ણન ફીરદોસીએ એવી રસીલી જબાનમાં અને એવી રસીલી રીતે કર્યું છે કે તે શરૂઆતથી તે છેવટ સુધી વાંચનારનું ઘણુંખરૂં એકસરખું ધ્યાન ખેંચે છે. એક વીરરસ કવિતાની બાબદના ઉપલાને મલતા ત્રણ મુખ્ય ગુણો વિદ્વાન એડીસન નીચલા જણાવે છે. ૧. તે કવિતાની બાબદ એકજ હોવી જોઇએ, ૨. તે સંપૂર્ણ હોવી જોઇએ, ૩. અને તે મોટી હોવી જોઇએ. ફીરદોસીના શાહનામાની બાબદ એ ત્રણે ગુણો ધરાવે છે.

એક વીરરસ કવિતા તરીકે ફીરદોસીના શાહાનામાની ફતેહનો સબબ.

એક પ્રજા અથવા રાજ્યના પાદશાહ પેહેલવાનોનાં પરાક્રમો સંબંધી વીરરસ કવિતા, તે પ્રજામાં બાપદાદાથી ઉતરી આવેલી વાર્તા,

એટલે કે એક બાપ પોતાના દીકરાને કહે અને તે દીકરો પોતાના દીકરાને કહે એવી દંતકથાઓ ઉપર રચાય છે. ઘણીક પ્રજાઓ પોતાના લડવૈયાઓનાં પરાક્રમો સંબંધી એવી વાર્તા એક અથવા બીજે રૂપે જાળવી રાખેછે. એક સુધરેલા જમાનામાં જે વાતો એક લેખ યા સત્તાદારી લખાણોમાં જલવાઇ રહેછે તે અસલી જમાનાઓના લોકોમાં લાવણીઓ અથવા ગીત ગરબાઓમાં જલવાઇ રહેતી. સુધરેલાં શેહેરોથી થોડેક દૂર હાલમાં પણ ઘણાં ગામો હશે જેમાં તે ગામના કોઇ આગલા શુભેચ્છકની કીર્તિ યા પેહેલવાનની પેહેલવાનગીરી તે ગામના વતનીઓથી ગવાતી લાવણીઓમાં અથવા ગીત ગરબાઓમાં જલવાઈ રહી હશે. પાછલથી સુધરતા અને કેળવણી લેતા જમાનામાં એક તવારીખ નવેશ જ્યારે તે શેહેરની તવારીખ લખવા બેસેછે ત્યારે ઘણા પુરાના જમાનાની તવારીખ જેને વિષે લેખો અથવા દસ્તાવેજો થોડાજ જલવાઇ રહ્યા હોયછે તે તવારીખના સફાઓ લખવામાટે બાપદાદાઓથી ઉતરી આવેલી વાતોને લગતી ઉપલી લાવણીઓ અને ગીત ગરબાઓ તરફ તે જોયછે. એ લાવણીઓ અને ગરબા ગીતો એવે પ્રસંગે લેખોની કીમતી ગરજ કેટલેક પ્રકારે સાચવેછે.

એક પ્રજાની તવારીખ સંબંધી વીરરસ કાવ્ય લખનાર કવિ પણ પોતાની બાબદના આધાર માટે એવાજ પ્રકારના ગીત ગરબાના પુરાના સંગ્રહ તરફ જુવેછે. જે પ્રમાણમાં તે કવિ વફાદારરીતે તે પ્રજામાં અસલી બાપદાદેથી જલવાઇ રહેલી વાતો વર્ણવેછે અને તેની અસલી ઝમક અને અસર જાળવી રાખેછે તે પ્રમાણમાં તેની કવિતા ફતેહમંદ થાય છે. જો તેની એવી મોટી કવિતા લખાયા પછી લોકો પેલી અસલી બાપદાદેથી ઉતરી આવેલી પોતાના વડવાઓનાં પરાક્રમોને લગતી લાવણીઓ અને ગીત ગરબીઓ વીસરી જાય તો તે તેની કવિતાની ફતેહની, તેની સંપૂર્ણ સરસાઇની એક નીશાની ગણાય. તે પ્રજાના વડવાઓની હકીકત પુરતી વફાદારીથી જેવી રીતે તે લોકોમાં જણાયલી અને મશહૂર હતી તેવીજ રીતે તેની પુરતી અને અસલ

ઝમક અને લાગણી સાથે તેણે વર્ણવેલી હોવાથી તેની નવી કવિતા લોકોને માનીતી અને પ્યારી થઈ પડેછે અને તેઓ આસ્તે આસ્તે અસલી લાવણીઓ અને ગીત ગરબાઓ મેલતા જઇ આએ નવી કવિતા પોતાને મોહોડે લેતા જાયછે. એનું પરિણામ એ આવેછે કે થોડા વખતમાં તે અસલી ગીત ગરબાઓ નીસ્તી પામેછે અને તેથી પાછલા જમાનાના કોઈ ટીકાકારોને સરખામણી કરવા માટે કોઇ સાધન રહેતું નથી કે પેલા કવિએ પોતાની બાબદ માટેની હકીકતો ખરેખરી રીતે અને વફાદારીથી અસલી બાપદાદાઓથી ઉતરી આવેલી પેલી વારતાઓ પ્રમાણે લીધી છે કે ફક્ત તેણે પોતાની શાએર અથવા કવિતરીકેની તેમાં કલ્પના ચલાવી છે એ ખરૂં છે, પણ આપણે આગલ કહ્યું તેમ જે પ્રમાણમાં એ નવી કવિતા લોકોમાં માનીતી અને પ્યારી થાયછે તે પ્રમાણમાં તેની બાબદમાટે ગવાહી મલેછે કે તેમાં તે કવિએ તે પ્રજાની હકીકત જેવી રીતે લોકોમાં બાપદાદેથી જળવાઈ રહી હતી તેવીજ રીતે દાખલ કરી છે. જો તે કવિએ અસલી ખરી હકીકતો મેલી દેઇ પોતાની નવી વીરરસ કવિતામાં પોતાની કલ્પનાનોજ આધાર લીધો હતે તો તેની કવિતા લોકોમાં લોકપ્રીય થતે નહીં અને લોકો પોતાની અસલી માનીતી લાવણીઓ અથવા ગીત ગરબીઓ જેમાં તેઓના વડીલોની વાતો જળવાઈ રહી હતી તે કદી મેલી દેતે નહીં. મો. મોહલ એ સમજાવવા માટે હોમરની ઇલીઅડનો અને વર્જીલની ઇનીઅડનો દાખલો આપેછે. વર્જીલની ઇનીઅડ કરતાં હોમરની ઇલીઅડ વધારે લોકપ્રીય અને વધારે ફતેહમંદ નીવડી તેનો સબબ શો? ફક્ત એજ કે હોમરે યુનાનીઓમાં બાપદાદેથી ઉતરી આવેલી દંતકથાઓ પુરતી વફાદારીથી જાળવી રાખી અને પોતાની કલ્પનાશક્તિને તે દંતકથાઓએ વર્ણવેલી અસલી હકીકત ઉપર ફાવી જવા નહીં દીધી. તેથી લોકોએ પોતાની અસલી વાતોને હોમરે તેને આપેલા નવા સુંદર પોષાકમાં જલદી ઉંચકી લીધી. પણ વર્જીલે એમ નહીં કર્યું. તેણે તો પોતાની કલ્પનાને પુરછુટથી વાપરી તેથી જો કે તેની કવિતામાં

તેણે એક કવિતરીકેની ઘણીક કળા વાપરી હતી તોપણ તે કવિતા લોકોમાં ઘણી માનીતી અને પ્યારી થઇ પડી નહીં.

ફીરદોસીના વખતમાં બાપદાદેથી ઊતરી આવેલી અસલી ઇરાની વીરો અને પરાક્રમી પુરૂષોની વાતો ઇરાનમાં ઘણી પ્રસાર પામેલી હતી. જો કે ઇરાનમાં, અફ્ગાનીસ્તાનમાં અને મધ્યએશિયાના બીજા ભાગોમાં, જ્યાં એક વખત જરથોસ્તી ઝુંડો ઊડતો હતો ત્યાં, હવે પએગમબર મહમદનો વાવટો ઊડતો હતો, તોપણ અસલી જરથોસ્તી પાદશાહ પેહેલવાનોનાં પરાક્રમોની વાતો, બાપદાદેથી ઊતરી આવેલી, લોકોમાં સારી પેઠે ફેલાયલી હતી. જોહાક અને જમશેદ, અને રૂસતમ અને સોહરાબનાં દાસ્તાનો બાપદાદેથી ઊતરી આવી કેઆનીઅ વંશના વખતમાં ઇરાનીઓમાં મશહુર હતાં એમ આપણને ખોરેનના મોઝીસ નામના એક આરમીનીઅન લખનાર ઊપરથી પણ માલમ પડે છે. જમશેદ અને જોહાકનું દાસ્તાન એશીઆમાઇનરમાં ખ્રીસ્તીઓની ધર્મસંબંધી લડાઇ (ક્રુઝેદ) ના વખતસુધી મશહુર હતું તેજ કારણથી સર ઊવોલ્ટર સ્કોટ પોતાની તાલીસમાન નામની એ લડાઇસંબંધી એક વાતમાં એ દાસતાનનો ઇસારો કરે છે. હવે એ દાસ્તાનો જે બાપદાદેથી મોહોડે ઊતરી આવેલાં તે ફીરદોસીની આગમચ પુસ્તકોમાં એકઠાં કરી રાખવાને કેટલીક કોશિશો થઇ હતી. ફીરદોસીએ પુસ્તકોમાં જળવાઈ રહેલાં અથવા મોહોડેથી સંભળાતાં આવેલાં એ દાસ્તાનોને એવી તો વફાદાર રીતે પોતાના શાહાનામામાં એકઠાં કર્યાં કે ત્યારપછી લોકો આગલી કોશિશોને ભુલી જઇ એ નવી કોશિશ ઊપર મોહી પડ્યાં. આપણે આગળ કહ્યું કે જે પ્રમાણમાં એક કવિ અસલી વાતોને વફાદારીથી પોતાની કવિતામાં જાળવી રાખે તે પ્રમાણમાં તેની કવિતા ફતેહમંદ થાય. એ પ્રમાણે ફીરદોસીએ પોતાના શાહનામામાં પોતાની ઉંચા પ્રકારની શાએરી, પોતાનું પેહેલા વર્ગનું કવિપણું વાપરી અસલી વાતોને એવી તો વફાદાર રીતે ખરેખરી વર્ણવી કે તેની કવિતા લોકોને પસંદ પડી અને તે લોકોને મોહોડે જલદીથી ચહડી. એ તેની ફતે-

હની એક કસોટી હતી. એણે વર્જીલની માફક પોતાની એક શાએર અથવા કવિ તરીકેની કલ્પનાશક્તિને દંતકથાથી ઊતરી આવેલી ખરી હકિકતો ઉપર ફાવી જવા નહીં દીધી. પણ હોમરની માફક તે કવિ તરીકેની શક્તિને પોતાના અંકુશમાં રાખી બાપદાદેથી ઊતરતી આવેલી વાતોને જેમ તે ઊતરી આવી હતી તેમ ખરેખર અને વફાદાર રીતે રજુ કરી. ફીરદોસીના શાહાનામાની ફતેહનું મુખ્ય કારણ એ હતું. એનું શાહનામું લોકપ્રીય થઇ પડ્યું તેનો મુખ્ય સબબ એ હતો. જેમ તેના જમાનામાં તેમ હાલમાં, તેના મરણપછી આજે નજદીક નવ સદીપછી, ઇરાનમાં અને અફગાનીસ્તાનમાં શાહનામુ જે શોખ અને ભાવથી વંચાય છે તેનો સબબ એજ છે. સર હેનરી લેયર્ડ પ્રમાણે ઈરાનના કેટલાક ભાગોના જંગી જવાન મરદો આજે પણ ફીરદોસીનાં સોહરાબ રૂસ્તમનાં દાસ્તાનો વાંચી બચ્ચાંની માફક રડે છે.[1]

ઇરાનદેશની આગલી તવારીખને લગતી હકીકતો એકઠી કરવાની કોશિશોની તવારીખ.

ઈરાનદેશના આગલા પાદશાહો પેહેલવાનોની તવારીખને લગતી હકીકતો એક પુસ્તકમાં એકઠી કરવાની કોશિશો ફીરદોસીની આગમચ ત્રણી વાર થઈ હતી અને તેમાંની બે તો ખુદ સાસાનીઅત જમાનામાં થઈ હતી. તૈમુર પાદશાહના નબીરા બાઇસિનગરખાને ઈ૦ સ૦ ૧૪૨૫માં કેટલીક નકલો એકઠી કરી તે ઉપરથી સરખાવી શાહાનામાની એક શુદ્ધ નકલ તૈયાર કરાવી હતી. તે નકલમાં જે દીબાચો આપ્યો છે તે દીબાચામાં બાસ્તાનનામું એકઠું થવાની હકીકત એવાં મથાળાં તળે તે લખનારે એ અસલ હકીકતો એકઠી કરવાની કોશિશોની વીગત આપી છે. મેકને પોતાનાં કલકત્તાવાળાં શાહાનામામાં એ ફારસી દીબાચો આપ્યો છે તે દીબાચાને આધારે[2] આપણે એ વીગતો ત-

---

(૧) Layard's Early adventures in Persia Susa &c. vol. I p. 489.
(૨) જુઓ મેકનનાં કલકત્તાવાળાં શાહાનામાનો ફારસી દીબાચો પા. ૧૧.

પાસીશું. મોં. મોહલ એજ દીબાચાની પોતાની નકલને આધારે અને તેની નજદીકના વખતે લખાયલા એક બીજા દીબાચાને આધારે જે વધુ વીગત આપે છે તે પણ સાથે આપણે જોઈશું.

એ વીગતો નીચે આપવા પેહેલાં અહીં કહેવાની જરૂર છે કે ઈ. સ. ની પાંચમી સદીમાં "ખોરેનનો મોઝીસ" એવા નામનો આરમીનીઅન લખનાર થઇ ગયો છે તેના જણાવવા પ્રમાણે અસલી ઈરાનીઓને લગતી ઘણીક વાતો તેના જાણવામાં આવી હતી. એ ઉપરથી દીસે છે કે તે વાતો કોઈ પુસ્તકરૂપે એકઠી થયલી તેણે વાંચી હોય અથવા તો તેણે સાંભળી હોય. એવી વાતોમાં તે બીવરસ્પ (જોહાક), તેના સાંપો અને તેના દેમાવંદ કોહ નામના પહાડની વાત [1]જણાવે છે. બીજી વાત રૂસ્તમ અને તેના અદભુત કૌવતની જણાવે છે અને તેને સેમસન અને હરકયુલીસ સાથ સરખાવે છે.[2]

બાઈસિનગરખાનવાળાં શાહાનામાનો દીબાચો જેનો આધાર મેકન અને મોહલ બેઉએ લીધો છે તે પ્રમાણે અસલ ઈરાની પાદશાહ પેહેલવાનોને લગતી તવારીખની હકીકતો એકઠી કરવાની પેહેલવેહેલી કોશિશ ઈ. સ. ની છઠી સદીમાં પાદશાહ નોશેરવાન અદલે કરી હતી. તેણે જુદા જુદા મુલકોમાં માણસો મોકલી એ હકીકતો એકઠી કરાવી તેનું એક પુસ્તક પાદશાહી પુસ્તકખાનામાં મુકાવ્યું. આફ્રીને રપીથવનમાં એ પાદશાહના ફ્રેરોહરને "હમા જોર ફ્રેરોહરે અનોશેહરવાન ખોસરો કોબાદાન બાદ" એવા શબ્દોમાં યાદ કર્યું છે તે તેની બીજી સેવાઓ સાથ એ સેવા માટે પણ હોય. નોશેરવાન પછી યઝદજર્દ શહેરયારે દાનેશ્વર નામનો એક માહીતગાર પુરૂષ જે મદાયન શેહેરનો એક દેહેકાન અને અકાબર હતો તેને એ કામ સોંપ્યું કે તેણે કયોમર્સથી ખુશરો પરવીઝનાં રાજ્યની શરૂઆત સુધી સઘળી તવારીખની બાબત એક પછી એક રચવી અને તેમાં જે કાંઇ અધુરૂં હોય

(૧) જુઓ એનો હવીસ્ટનનો લાટીન તરજુઓ પા. ૭૭–૮૦

(૨) જુઓ એજ પા. ૯૬.

તે મોબેદો અને બીજા ઓલમાઓથી પુછી વાકેફ થઈ ચોકસ સંપૂર્ણ કરવું. દાનેશ્વરે એમ કરી તે પુસ્તક યઝદજર્દના ખજાનામાં મુકયું. ફીરદોસી પોતાના દીબાચામાં પોતે પોતાની હકીકતો શા આધારે લીધી છે તે જણાવે છે ત્યાં તે એક દેહકાનની જે ચોપડી માટે બોલેછે તે એ દાનેશ્વરની ચોપડી માટે બોલે છે. તે એ શખસ માટે અને તેના પુસ્તક માટે નીચે પ્રમાણે બોલેછે.

" અસલના વખતની એક ચોપડી હતી જેમાં ઘણાં દાસ્તાનો લ-
" ખેલાં હતાં. તે ચોપડી સઘળા મોબેદોના હાથમાં વેંહેચાઈ ગઇ
" હતી અને સઘળા દાનેશમંદ લોકો તેનો થોડોક ભાગ ધરાવતા હતા.
" એક દેહકાનની બુનીઆદનો પેહેલવાન હતો, જે બાહાદુર બુઝોર્ગ
" અક્કલવાળો અને સખી હતો. તે અસલી જમાનાની હકીકતો ખો-
" ળતો હતો અને ગુજરી ગયલા જમાનાની હકીકતો એકઠી કરતો
" હતો. દરેક મુલકમાંથી બુઝોર્ગ મોબેદો જેઓએ ઊપલા પુસ્તકના ભાગો
" એકઠા કરેલા હતા તેઓને તેણે એકઠા કર્યા. તેઓને તેણે કેઆંની
" પાદશાહોની ઓલાદવિષે અને બખ્તાવર નામદાર પેહેલવાનો વિષે
" પુછયું કે તેઓ, આગળ કેવી રીતે આએ દુનિયાંનો કારોબાર કરતા
" હતા કે જે દુનિયાં હાલ તેઓ આવી પાયમાલ હાલતમાં આપણે માટે
" મેલી ગયા છે અને તેઓના રોશન સેતારાની મદદથી દરરોજ તેઓનાં
" પરાક્રમ કેવી રીતે પાર પડતાં હતાં. તે મોટાં માણસોએ એક પછી
" એક તેની આગળ પાદશાહોની હકીકત અને દુનિયાના દોરની વાત
" કહી. જ્યારે તે સરદારે (એટલે દેહકાને) એ હકીકતો સાંભળી ત્યારે
" તેણે એક નામીચી કેતાબ શરૂ કીધી. દુનિયામાં એ પ્રમાણે તેની
" યાદગારી રહી ગઇ અને તેની ઉપર શું નાંધલા કે મોટા સર્વે દુઆ
" કરવા લાગા."

દાનેશ્વરનું એ પુસ્તક પેહેલવી ભાષામાં લખેલું હતું કે જે ભાષા તે વખતની સાસાનીઅન પાદશાહોની દરબારી ભાષા હતી. ફીરદોસી ઘણીકવાર ખોલાસામાટે પોતાનાં દાસ્તાનમાં એ પુસ્તકમાં વપરાયલા પેહે-

લવી શબ્દ આપેછે. મો. મોહલપ્રમાણે દાનેશ્વરનાં એ પુસ્તકનું નામ 'ખોદાએ નામે' કરી હતું જે શબ્દનો અર્થ બરાબર શાહનામાંને મલતો 'પાદશાહોની ચોપડી' કરી થાય છે. હાલમાં આપણે 'ખોદાએ' શબ્દ સર્વને પેદા કરનાર ઇશ્વરને અર્થેજ લેઇએ છીએ. પણ અસલ પેહેલવીમાં એ શબ્દ ફકત "પાદશાહ, સાહેબ, ધણી" એવે અર્થે વપરાતો.[1] પાદશાહોમાટે હાલમાં જે 'ખોદાવંદ' શબ્દ વપરાય છે તેમાં અને લગ્નમાટે 'કદ ખુદાઇ' શબ્દ વપરાય છે તેમાં હજુર એ આગલા અર્થનો અંશ રહેલો છે. ફીરદોસીએ પોતાના પુસ્તકનું નામ એજ અર્થને મલતા બીજા શબ્દોમાં 'શાહનામા' તરીકે આપ્યું અને 'ખોદાએ નામે' કરીને નહીં આપ્યું, કારણ આરબ ફતેહ પછી તેના વખતમાં એ 'ખોદા' શબ્દ ફકત ઈશ્વિરને માટેજ વપરાવા લાગો હતો અને તેથી જો એ અસલી કદીમ નામ "ખોદાએ નામે" કરી આપે તો વળી તેના દુશમનો પાદશાહ મહમુદની દરબારમાં તે માટે ગડબડ મચાવે કે અસલ જરથોસ્તી પાદશાહ પેહેલવાનો તરફ અતીશે માન અને પ્રીતી દેખાડવા સાથ તેણે ખોદાતરપ અધર્મની નજરથી જોયું અને ખોદા માટેનો ખાસ શબ્દ પાદશાહોને પણ લગાડયો.

હવે દાનેશ્વરનાં એ ખોદાએનામા નામનાં પુસ્તકને પછવાડેથી કેટલાક લખનારાઓ 'બાસ્તાન નામે' તરીકે ઓલખી જાય છે તે મોહલ પ્રમાણે ફીરદોસી જેવી રીતે બાસ્તાન શબ્દ વાપરેછે તે રીત બરાબર નહીં સમજવાની ભુલથી છે. જે પુસ્તક ઉપરથી દાનેશ્વરે પોતાનું પુસ્તક રચ્યું હતું તે બાબે બોલતાં ફીરદોસી કહી જાયછે કે

યકી નામે બુદ અઝ ગેહે બાસ્તાન
ફરાવાન બદુ અન્દરૂન દાસ્તાન.

અંહી ફીરદોસી બાસ્તાન નામે કરી કોઇ ચોપડીનું નામ જણાવતો નથી પણ ફકત કહેછે કે "એક અસલના (બાસ્તાન) વખતની ચોપડી હતી."

---

(૧) અરદાએ વીરાફ બા. I. ૧૩. પંદનામે આદરબાદ મારેસપંદ ફ. ૫,૮,૬૬,૧૪૪.

હવે આપણે અસલી પાદશાહ પેહેલવાનોને લગતી હકીકતો એકઠી કરવાની ફીરદોસીની આગમચ થયલી કોશિશોની તપાસ બાઈસિનગરખાનના દીબાચાને આધારે આગળ ચલાવીએ. યઝદજર્દે નેહવંદની લડાઇમાં આરબોને હાથે ઇ. સ. ૬૪૧ માં હાર ખાધા પછી ઈરાનની સલતનત સાથે એ પાદશાહની સઘળી માલમિલકત પણ આરબોને હાથ ગઈ અને તેમાં એ પુસ્તક પણ ગયું. ફતેહ મેલવનાર આરબ સરદાર સઅદ વકાસે ખલીફ ઉપર તે મોકલ્યું. ખલીફે તરજુમો કરનારને ફરમાવ્યું કે એ પુસ્તકની મતલબ સમજાવે. તેણે પેશદાદીઅન પાદશાહોના ઇનસાફ કાયદા વિગેરે બાબદો કહી સમજાવી જે પસંદ આવ્યાથી ખલીફે તે પુસ્તકનો અરબીમાં તરજુમો કરવાને ફરમાવ્યું. પણ જ્યારે ખુરશેદ અને આતશની સેતાયશની વાત અને સીમોર્ગ અને જાલનાં દાસ્તાનો સાંભળ્યાં ત્યારે ફરમાવ્યું કે એ કેતાબ વાંચવા લાયક નથી. ખલીફ ઉમરે એ કેતાબ રદ કરવાથી તે તેના લુટ મેલવેલા માલની વાંટણીમાં હબ્સ (એબીસીનીઆ)ના મુલકના તેના કોઈ આરબ સીપાહીને હાથ ગઇ જેઓએ તેને પોતાના હબ્સના મુલકના પાદશાહને ભેટ આપી. એ પાદશાહે તેનો આરબીમાં તરજુમો કરાવ્યો. એબીસીનીઆથી પછી દાનેશ્વરવાળું એ પેહેલવી પુસ્તક હિંદુસ્તાન ગયું. પછી જ્યારે ખોરાસાનમાં યાકુબ લઇસની હકુમત થઇ કે જે યાકુબ અસલી ઇરાની પાદશાહ પેહેલવાનોની હકીકત એકઠી કરવાનો શોખ રાખતો હતો અને જે ખલીફની સત્તા તળેથી છુટો પડવા માંગતો હતો, ત્યારે તેણે એ પેહેલવી પુસ્તક હિંદુસ્તાનથી મંગાવ્યું અને અબદુલ્લા ફરરોખના છોકરા અબુમનસુર અબદુલ ફઝાક કે જે તેનો એક વજીર હતો તેને ફરમાવ્યું કે દાનેશ્વરની પેહેલવીનો ફારસીમાં તરજુમો કરે. દાનેશ્વરનું પુસ્તક તો ખુશરો પરવેઝના રાજ્યની શરૂઆત સુધીનુંજ હતું માટે તેણે ફરમાવ્યું કે તેમાં ખુશરો પરવેઝના રાજ્યથી યઝદજર્દ શેહેરયારના રાજ્યસુધીની હકીકત ઉમેરે.

હવે દાનેશ્વરનું એ ખોદાએનામાવાળું પેહેલવી પુસ્તક એબી-

સીનીઆ ગયું હોય અને ત્યાંથી હિંદુસ્તાન ગયુ હોય એ વાત મોં. મોહલ માનતો નથી. તે કહે છે કે નોશેરવાન અદલે કલીલે અને દમને નામનું પુસ્તક હિંદુસ્તાનથી મંગાવ્યું હતું તેની વાત સાથ આએ બાબદને પાછલા લખનારાઓએ ભેલી નાખી છે. ખરેખર તો એ પુસ્તક ઈરાનમાંજ રહ્યું હતું. જો એ દાનેશ્વરવાળું પુસ્તક યકુબ લઈસના વખતમાં હિંદુસ્તાનથી ઈરાન આવ્યું હોય તો તે હીજરી ત્રીજી સદીની અધવચમાં (ઇ. સ. નવમી સદીની છેવટે) આવવું જોઇએ, કારણ કે યકુબ લઇસ હીજરી ૨૫૩ થી ૨૬૫ સુધીમાં રાજ કરી ગયો છે. પણ એ આગમચતો આપણે જોઇએ છીએ કે હીજરી બીજી સદીના પેહેલા અરધા ભાગમાં (ઇ. સ. આઠમી સદીમાં) તો અબદલા એબને અલ મોકફ્ફા નામના શખસે દાનેશ્વરના ખોદાએનામાનો અરબી ભાષામાં તરજુમો કર્યો હતો. એ ઊપરથી ત્યારે મોં મોહલ કહે છે તેમ માલમ પડે છે કે દાનેશ્વરનું ખોદાએનામાવાળું પેહેલવી પુસ્તક હિંદુસ્તાન ભણી કદી આવ્યું ન હતું.

દાનેશ્વરના પેહેલવી પુસ્તકનો અરબીમાં તરજુમો કરનાર એ અબદલ્લા એબને અલમોકફ્ફા અસલ એક જરથોસ્તીજ હતો. તેનું ખરૂં નામ રૂઝબેહ તે દાદુયેહનો છોકરો કરી હતું. તે ઇરાનના હાકમ ઈસાના હાથ હેઠળ ઇસલામી ધર્મમાં વટલ્યો હતો પણ બાતેનમાં તે જરથોસ્તી હતો એમ એની ઊપર ગુમાન લેઈ જવામાં આવતું હતું. એણે ઘણાંક પેહેલવી પુસ્તકોનો આરબીભાષામાં તરજુમો કર્યો હતો એમ અબુલફ્રરજ અલવરક નામનો એક આરબ લખનાર પોતાની ' અલફ્રહરેસ્ત ' નામની ચોપડીમાં જણાવે છે. અબુલફ્રરજ એ પુસ્તકમાં અબદલ્લાએબને અલમોકફ્ફાએ પેહેલવીમાંથી અરબીમાં તરજુમો કરેલી ચોપડીઓની યાદી આપે છે તેમાં દાનેશ્વરનું એ ખોદાએનામાવાળું પુસ્તક પણ છે. એ તરજુમા માટે મોં મોહલના કહેવાપ્રમાણે હાજીખલફ્રા નામનો લખનાર નીચેપ્રમાણે લખી જાય છે. " અસલી ઈરાની લખનારાઓએ ઇરાન દેશની હકીકત વિષે લખેલું

એ પુસ્તક છે. ઇરાનીઓને તે ઘણું પસંદ છે કારણ તેમાં તેઓના વડાઓની તવારીખ અને તેઓના પાદશાહની જીંદગી સમાવેલી છે. શાહાનામાં અને બીજાં પુસ્તકોનું મૂળ એ કેતાબ છે અને તે પેહેલવીમાંથી આરબીમાં એબને અલ મોકફ્ફાએ તરજુમો કરેલો છે." એ અરબી તરજુમાનું નામ "સઇર અલ મુલુક" હતું. જેમ દાનેશ્વરનું ખોદાએનામું તેમ એબને અલ મોકફ્ફાનું 'સઇર અલ મુલુક' ગુમ થઈ ગયાં છે. એબને અલ મોકફ્ફાની માફક બીજા જરથોસ્તીઓએ પણ પોતાના મુલકોની આગલી તવારીખની હકીકતોનાં પુસ્તકો લખ્યાં હતાં, જેવા કે જમના છોકરા મોહમદે, મરદાન શાહના છોકરા બેહેરામે, શાપુર શેહેરના વતની મોબેદે, ગેહેરાન ઇસ્ફાંનીના છોકરા બેહેરામે. એઓ પછી શાએર અલી તે બલખવાલા આહમેદના છોકરા મહમદના છોકરાએ પોતાનું 'શાહનામે અલ કદીમ' એટલે અસલી શાહનામું એવા નામનું એક તવારીખનું પુસ્તક રચ્યું હતું. તેમાં એણે ઉપલા જરથોસ્તીઓએ એકઠી કરેલી હકીકતોનો ઉપયોગ કર્યો હતો. નવા આવેલા આરબ તવારીખ લખનારાઓ એ પુસ્તકોની હકીકતોનો જુજ ઉપયોગ કરતા હતા. બાકી આરબોનો મોટો ભાગ અને જેઓ આરબો સાથ ઘણાજ ભેલાઈ ગયા હતા તેઓ એ હકીકતોમાં અને એ પુસ્તકોમાં થોડોજ લાભ લેતા હતા.

એ સઘળું ઇરાની શાહનશાહાતના પશ્ચિમ ભણીના ભાગમાં હતું. પણ એ શાહનશાહાતના પૂર્વ ભણીના ભાગમાં મામલો જુદી તરેહનો હતો. ત્યાં સામા લોકો અસલી ઇરાની પાદશાહ પેહેલવાનોની તવારીખની હકીકતોમાં વધારે લાભ લેતા હતા. એક શાહાનશાહાતના એ ભાગોમાં અસલી તવારીખની વાતો જાણવાના શોખમાં એ પ્રમાણે ફરક પડવાનો સબબ રાજદ્વારી હતો. બાઇસિનગરખાનના દીબાચાને આધારે અસલી તવારીખની હકીકતો એકઠી કરવાની તવારીખની આપણી તપાસ આગળ ચલાવવા પેહેલાં એ સબબ આપણે અહીં તપાસીએ.

ઘણા થોડા મુલકોની તવારીખ એવા દાખલા રજુ કરી શકશે કે જેમાં ફતેહ કરતી પ્રજાએ ફતેહ કરેલા મુલકની હાલતમાં એટલો બધો અને એટલો ઝડપથી ફેરફાર કર્યો હોય કે જેવો આરબ જીતનારાઓએ ઈરાનદેશની હાલતમાં કર્યો. એ આરબ પ્રજાએ ઈરાન મુલકની ધર્મસંબંધી, એલમસંબંધી, સંસારી અને રાજદવારી હાલતમાં એકદમ ગંજાવર ફેરફાર કરી નાખ્યો. તેમાં એ ફેરફાર તે મુલકોમાં સંપૂર્ણ હતો કે જ્યાં આરબો પોતે જઈ મોટી સંખ્યામાં વસી શકયા. એક રાજ કરતી પ્રજાના લોકો પોતે જ્યાં મોટી સંખ્યામાં જઈ રહેછે ત્યાં તેઓ લોકોના વિચાર આચારમાં મોટો ફેરફાર કરેછે. 'જેની દીન તેનો દોર' એ નિયમ પ્રમાણે તેઓ લોકોનાં આકીન, રીતભાત, વિચાર, વચન, અને ભાષા ઉપર ઘણી અસર કરેછે. ઇરાનની આરબોને હાથ ફતેહ થવા પછી ઈરાનમાં એમજ બન્યું. આરબોએ એ મુલકના અસલ જરથોસ્તી ધર્મનો નાશ કર્યો અને એક હાથમાં કોરાન અને બીજા હાથમાં શમશેર પકડી ઈરાની પ્રજાના મોટા ભાગને ઈસલામી મજહબમાં દાખેલ કર્યો. વળી તે સાથે અસલી ઈરાની સાહીત્યનો નાશ કરી આરબી સાહીત્ય દાખલ કર્યું અને આરબી ભાષા ચાલુ કીધી.

હવે એ ફેરફાર મુખ્ય કરી ઈરાની શાહાનશાહતના પશ્ચિમ ભાગમાં હતો. એ ભાગ અરબસ્તાનની નજદીક આવેલો હોવાથી આરબો મોટી સંખ્યામાં ત્યાં આવી વસ્યા. તેઓએ બગદાદ, કુફા મોઝલ જેવાં નવાં શેહેરો સ્થાપ્યાં. પેહેલવી જે એ મુલકોમાં દરબારી ભાષા હતી તેને રદ કરી આરબી ભાષા દાખલ કરી, પોતાનું આરબી સાહીત્ય પુરજોસથી દાખલ કર્યું અને વળી પોતાના કાયદા કાનુનો નવા દાખલ કર્યા. એ પ્રમાણે ઘણીક બાબદોમાં અસલી ઈરાની લાગણીએ દુર કરી ઘણુંક નવું આરબી દાખલ કર્યું. એ કારણને લીધે લોકોની અસલી ઈરાની પાદશાહ પેહેલવાનોની તવારીખને લગતી હકીકત જાણવાની લાગણી ઘણી મંદ થઇ ગઈ અને તેથી એ પશ્ચિમ ભણીના

ભાગોમાં લોકો અસલી આપદાદાઓથી ઉતરતી આવેલી વાતોમાં થોડો લાભ લેવા લાગ્યા.

પણ ઈરાની શાહાનશાહતના પૂર્વ ભણીના ભાગોમાં સઘળું એ પ્રમાણે નહતું. એ ભાગો અરબસ્તાન વિગેરે મુલકો જ્યાંથી આરબો હુમલો લાવ્યા હતા તે મુલકોથી ઘણા દૂર હતા. તેથી ત્યાં આરબો મોટી સંખ્યામાં જઈ વસ્યા નહતા. તેથી જો કે એ મુલકો પણ આરબોએ જીત્યા હતા તોપણ તે જીત, વિચાર આચાર, રીતભાત, ભાષા, લાગણીઓ વિગેરે બાબદોમાં પશ્ચિમ ભણીના મુલકોની માફક સંપૂર્ણ નહતી. એ બાબદ બરાબર સમજવા માટે આપણી ઇંગ્રેજી સલતનતનો દાખલો લેઇએ. ઇંગ્રેજોએ જેમ મુંબાઈ ફતેહ કર્યું છે તેમ માંડેલે ફતેહ કર્યું છે. પણ મુંબાઈ માર્ગમાં ઇંગ્લાંડથી વધારે નજદીક હોવાને લીધે અને બીજાં કેટલાંક કારણોને લીધે તે એક લેખે રાજધાની શેહેર થઈ પડેલું હોવાથી એ રાજકરતી કોમના ઘણા લોકો એ શેહેરમાં [illegible]સેછે અને તેની રીતભાત, ભાષા, લાગણીઓ, સાહિત્ય વિગેરે ઉપર [illegible]અસર કરેછે. તેઓએ પોતાની ભાષા દરબારી ભાષા કરી છે, પોતાનું [illegible]અંગ્રેજી સાહિત્ય દાખલ કર્યું છે, પોતાની રાજ કરવાની નવી રીતીઓ [illegible]ખલ કરી છે વિગેરે. એ કારણને લીધે એઓની ફતેહની નીશાની [illegible]હીં વધારે સંપૂર્ણ છે. એ ફતેહ ફક્ત જમીન યા મુલકની ફતેહ નથી [illegible]ણ વિચાર, વચન, લાગણી અને દિલની વધુ સંપૂર્ણ ફતેહ છે. પણ બીજા [illegible] ઉપર માંડેલે જેવા દુર દેશની ફતેહ ફક્ત જમીન અને મુલ[illegible]ની ફતેહ છે, તે ફક્ત સપાટી ઉપરની ફતેહ છે કે જે લાગ ફાવે [illegible]ા ફેંકી દેવાને લોકો વખત ન લગાડે. રાજકરતી પ્રજાના મુલકથી [illegible] દુર હોવાને લીધે એ રાજકરતી પ્રજાના ઘણા લોકો ત્યાં જઈ [illegible]સી ન શકે તેથી તેઓ ત્યાંના લોકોની લાગણી, દેલ, ભાષા, વીચાર [illegible]ચન ઉપર ઘણી અસર કરે નહીં. એ ફતેહ ફકત તલવારની છે, [illegible]લ અને મનની નહીં.

ઈરાની શાહાનશાહાતના પૂર્વ તરફના ભાગોમાં પણ એમજ

હતું. ત્યાં પણ દીન અને દરબારની ભાષા તરીકે પેહેલવીને બદલે આરબી દાખલ થઇ હતી ખરી. પણ એક સંપૂર્ણ ફતેહ સ્થાપવા માટે ત્યાં રાજકરતી પ્રજાના ખુદ આરબ લોકો દુરદેશ હોવાને લીધે ઘણા થોડા જઇ વસ્યા હતા. એ કારણને લીધે સઘળા લોકોમાં બોલાતી ભાષા તરીકે આરબી ઘણી થોડી જણાયલી હતી. લોકો પોતાની અસલી ઇરાનીજ ભાષા બોલતા હતા તેથી તે અસલ ભાષા સાથે લોકોમાં એક પ્રજાતરીકેની પોતાની અસલી લાગણીઓ હજુર તાજી હતી, જો કે જાહેરમાં તેઓ સર્વ અથવા મોટા ભાગે ઇસ્લામી થયા હતા.

વળી એ પૂર્વ ભણીના મુલકોમાં અસલી ઇરાની ભાષા અને તવારીખની હકીકતો અને બાપદાદાથી ઉતરી આવેલી વારતાઓ જલવાઈ રહેવાનો બલકે સજીવન થવાનો એક બીજો સબબ હતો. યઝદજર્દની પડતી પછી જો કે આખી ઇરાની શાહાનશાહતમાં ખલીફોની હકુમત પૂરી વળી હતી તોપણ તે હકુમત સઘળે કૌવતમંદ નહતી. ઘણીક શાહાનશાહાતોમાં બનેછે તેમ એ ખલીફની શાહાનશાહાતમાં બન્યું. એક રાજ્ય જેમ ખુદ પોતાના મુલકથી દુર પથરાતું જાયછે તેમ જો પુરતી સાવચેતીએ નહીં રાખી હોય તો નબલું થતું જાયછે. દાખલા તરીકે રોમન શાહનશાહાત પોતાના ઈટાલી દેશથી દુર એશિયા ભણી ઘણી આગલ વધ ગઈ. આખેરે પોતાના દુરના દેશોને પોતાના ખુદ સ્વદેશ ઈટાલીમાંથી હકુમત ચલાવી તે પુરતી રીતે જાલવી નહીં શકવાથી એ નવી પ્રતેહો તેની તરફ કૌવત અને મદદ લાવવાને બદલે સામો તેનો નાશ આણ બ્રીટીશ શાહાનશાહત જેમ નવા મુલકો જીતતું જાયછે તેમ તે કોઇક હિતેચ્છુ કહેતા જાએ છે કે દુર દેશની જોખમ ભરી પ્રતેહોથી પોતાના ખુદ ઇંગ્લાંડના રાજ્યનો જોખમ વધારે છે. પણ અસલી તવારીખ ઉપરથી ધડો લેઇ એ રાજ્ય પોતાના નવા મુલકોની હકુમત પોતાના ઇંગ્લાંડ દેશની હકુમતથી ચોકસ રીતે અલગી રાખી નવા મુલકોને પોતાના પગ ઉપરજ ઉભા રહેવાને ડહાપણ અને દુરઅંદેશથી શક્તિવાન કરેછે. અમેરીકાનો કેટલોક ભાગ તેની હકુમતથી છુટો પ

ડવા પછી એ દેશે સાવચેતી ભરી રાજનીતિ અખત્યાર કરી એવો માર્ગ લેવા માંડ્યો છે કે નવી ફતેહો તેને કમજોર કરવાને બદલે તેની તરફ જોર અને કૌવત આણે.

હવે ખલીફની શાહાનશાહત પોતાના અસલ અરબસ્તાન અને એશીઆમાઇનરવાળા મુલકોથી જેમ વધારે દુર પથરાતી ગઈ તેમ તેનું કૌવત ઓછું થતું ગયું. જેમ એક ઝાડ જેનું થડ ઘણું મજબુત અને જાડું ન હોય, તેની ડાંખલીઓ જ્યારે તે આજુબાજુ ઘણી દુર ફેલાય ત્યારે પવનના નાના જેવા સપાટાથી પણ ભાંગી જાય, તેમ ખલીફની શાહાનશાહત તેના પોતાના મુલુકના કૌવત સાથ સરખાવતાં એટલી બધી દૂર પથરાવા માંડી કે તેથી તેનું કૌવત ઓછું થતું ગયું. તેના નવા ફતેહ કરેલા પૂર્વ તરફના ભાગોના હાકમોએ એક પછી એક ખલીફની હકુમત ફેંકી દેઈ સ્વતંત્ર થવા માંડયું. એ મુલકોના કેટલાંક પુરાનાં કુટુંબો જેઓ મોટી જમીનના માલેકો હતા તેઓએ હવે પોતાનું જોર વધારવા માંડયું. આરબીભાષા અને સાહિત્યનો જે થોડો ઘણો પણ દોર ચાલ્યો હતો તે હવે જતો રહ્યો. અસલી ઇરાનીભાષા અને સાહિત્ય, જેઓએ આરબીભાષા અને સાહિત્યને પોતાને બદલે દુરદેશના મુલકોમાં સંપૂર્ણ જગ્યા તો કદી આપી ન હતી, તેઓ હવે સજીવન થવા માંડ્યાં. બગદાદ જે ખલીફની રાજધાની હતી ત્યાંથી નવા હાકેમો મેળવવાનું બંડ કરી જુના હાકેમોએ પોતાની પ્રજાની દીલસોજી અને વફાદારી પોતાતરફ ખેંચી પોતે હવે આપઅખત્યાર થવા માંડ્યું. તેઓએ અસલી ઇરાનીભાષા પાછી પોતાની દરબારોમાં દાખલ કરી અને અસલી ઇરાનીભાષાનાં સાહિત્યને ઉત્તેજન આપવા લાગા. એઓની દરબારો હવે ઇરાની કવિઓ અને શાએરોથી ભરાવા લાગી. ઇરાનીભાષા અને સાહીત્યને તેઓએ એટલું બધું ઉત્તેજન આપવા માંડયું તેનું કારણ એમાંથી એક ગણાવું જોઇએ. એક તો એકે અસલી ઇરાનીભાષાના સાહિત્યનો અને તવારીખનો શોખ જે તે તરફનાં લોકોમાં હજુર જલવાઇ રહ્યો હતો

તે પ્રજાના સર્વ લોકોની માફક તેઓમાં પણ સજીવન થયો હોય. બીજું કારણ—અને તે વધારે સંભાવિક દીસે છે તે—એક જાતની રાજ-દ્વારી કલા અથવા કુનેહ છે. એ હાકેમો ખલીફની હકુમતથી હવે છુટા પડ્યા હતા અને સ્વતંત્ર થયા હતા. એવી વખતે તેઓને પોતાની રૈયતના ટેકાની, તેઓની દીલસોજીની, તેઓની વફાદારીની ઘણી અગત હતી. ખલીફની સત્તા ફેંકી દેવાથી તેઓએ એક રીતે તેની ખફગી ખેંચી લીધી હતી. એવી અઘરી અથવા મુશકેલીની વેળાએ પોતાની પ્રજાનો પ્યાર અને ટેકો અગતનાં હતાં કે તેઓની મદદથી તેઓ ખલીફની સત્તાનો અનાદર કરી શકે. હવે ત્યારે લોકોનો પ્યાર મેળવવાના બીજા કેટલાક માર્ગોસાથે એક અગતનો માર્ગ શો હતો? એ પૂર્વ ભણીના લોકોમાં, જો કે તેઓ આરબોની હકુમતમાં ગયા હતા અને જો કે તેઓએ મોટો ભાગ આરબોની દીન અખત્યાર કરી હતી તોપણ અસલી ઇરાનીભાષા, સાહિત્ય અને તવારીખનો શોખ બાપદાદેથી બચી રહ્યો હતો અને હાલમાં વળી નવે સજીવન થયો હતો. તે શોખને ઉત્તેજન આપવું, તે શોખની મુરબીગીરી કરવી, તેને ટેકો અને મદદ આપવી, એ પોતાની રૈયતની લોકપ્રીયત મેળવવાનો એક માર્ગ હતો. ખલીફની હકુમત થવાથી જે આરબી દોર દાખલ થયો હતો અને આરબીભાષા અને આરબી સાહિત્યનું જે જે થોડું ઘણું વધવાની નીશાની દીસતી હતી તેને બદલે જો પોતાના સ્વદેશની અસલી ઇરાનીભાષાનુંજ જોર વધે, અસલી ઇરાની સાહીત્ય પ્રબળ થાય અને અસલી ઇરાની તવારીખની હકીકતોજ વધુ રોશનીમાં આવે તો તેથી લોકો ઘણા ખુશી અને મગન થાય ત્યારે જે કામ લોકો ખુશી અને રાજી થાય તે કામને ટેકો આપવો એ લોકોની પ્રીતી મેળવવાનો એક માર્ગ હતો. પૂર્વ ભણીના હાકેમોએ ખલીફની સત્તા ફેંકી દેવામાટે બીજા કેટલાક માર્ગો સાથ આએ માર્ગ અખત્યાર કર્યો. ફકત કોઈ ચોકસ વખતનાજ હાકેમોએ એ માર્ગ અખત્યાર કર્યો નહીં, પણ તેઓની ઓલાદમાના કેટલાકોએ એક પછી એક એ માર્ગ લોકપ્રીયતા જાળવી રાખવામાટે અખત્યાર કર્યો.

લોકપ્રીયતા મેલવવામાટે એ માર્ગ અખત્યાર* કરવાને પેહેલો કોશેશ કરનાર યાકુબ એબને લૈસ નામનો સોપ્ફારીદ વંશનો પાયો નાખનાર પાદશાહ હતો. એ હલકા દરજ્જા ઉપરથી આસ્તે આસ્તે વધ્યો હતો. સીસ્તાનના હાકમની નોકરીમાં એક સીપાઈની જગ્યાથી તે પૂર્વ ઈરાનના મોટા ભાગનો પાદશાહ થયો હતો.

અહીં આપણે આપણી અસલ બાબદ ઉપર આવીએ છિએ, એટલે ફીરદોસીની આગમચ અસલી પાદશાહ પેહેલવાનોને લગતી હકીકતો એકઠી કરવાની કોશિશોની તપાસ બારઈસનગરખાનવાળાં શાહનામાંના દીબાચાને આધારે આપણે અગળ ચલાવીએ. યકુબ લઈસે દાનેશ્વરવાળાં ખોદાએનામાનું પુસ્તક પોતાને હાથ ખુદ ઈરાનમાંથી, અને નહીં કે જેમ ભુલથી કહેવામાં આવેછે તેમ હિંદુસ્તાનથી મેળવ્યું. આપણે આગળ કહ્યું તેમ એણે પોતાના વજીર અબુમનસુર અબદુલ રઝકને ફરમાવ્યું કે તેણે એ પુસ્તકનો પેહેલવીમાંથી ફારસીમાં તરજુમો કરાવવો અને તેમાં ખુશરો પરવેઝ, જેના રાજ્ય-[illegible]ધીનીજ હકીકત દાનેશ્વરે એકઠી કરી હતી તેના વખતથી યઝદજર્દના વખતસુધીની હકીકત ઊમેરવી. વજીરે એ કામ સઊદ [illegible]બને મનસુર અલ મોઅમ્રી નામના શખસને સોંપ્યું, અને [illegible]ીસાથે મદદ કરનાર તરીકે નીચલા ચાર શખસો આપ્યા. હરી [illegible]ુરાત)નો તાજ બીન ખોરાસાની, સીસતાનનો યઝદાનદાદ શાપુર, [illegible]શાપુરનો માહુઈબીન ખોરશેદ, અને તુસનો સુલીમાન બીન નુરીન[1]. [illegible] શખસોના અસલી રીતનાં નામ ઉપરથીજ માલમ પડેછે કે [illegible] તે મુલકના અસલી રહેવાસીઓના વંશના ઈરાનીઓ હતા. [illegible]નો વજીર અબદુલરઝક પોતે અને સાઊદ જેને તેણે એ કામ [illegible]્ય સોંપ્યું હતું તેઓ તો કેસ્વાદનાં ખાનદાનના હતા કે જે ખાનદાન [illegible]ક અસલી ઈરાની નામીચું ખાનદાન હતું. એઓને સોંપેલું કામ એ-

---

(૧) બાઈસનગરખાનવાળા દીબાચાની મોં મોહલની નકલ એ નામ [illegible]દન બીન બરઝીન કરી આપેછે.

ઓએ હીજરી ૨૬૦ માં એટલે ઇ. સ. ૮૮૨ માં તમામ કર્યું. મોં મોહલ એક બીજા દીબાચાને આધારે જણાવેછે કે એઓએ પોતાના નવા પુસ્તકને 'શાહાનામા'નું નામ આપ્યું જે નામ દાનેશ્વરના પુસ્તકના 'ખોદાએનામાં' નામનો તરજુમો હતો. એ પુસ્તકની નકલો ખોરાસાન અને ઇરાકમાં પંથરાઈ. મોં. મોહલની એક નકલના દીબાચા પ્રમાણે એ પુસ્તક લખનારાઓએ પોતાના દીબાચામાં જણાવ્યું હતું કે "એ શાહાનામામાં કેટલીક બાબદો એવી જણાવી છે કે જે પેહેલી નજરે ઘણી અજબ માલમ પડે પણ જેઓ તેનો ખરો ભેદ સમજે તેઓને તે વાતો ખુશી કર્યાવગર રહે નહીં. દાખલા તરીકે ફ્રેદુને પોતાની ઉપર પહાડ ઉપરથી આવી પડતો પથ્થર અટકાવ્યો તે વાર્તા અને જોહાકની ખાંધ ઉપર સાંપો ઊગી નીકળ્યા તે વાર્તા." ખલીફ ઉમરે આતશની સેતાયશની બાબદ ઉપરથી અને તે સાથે એવી કોઇકિ બાબદ ઉપરથી દાનેશ્વરનું ખોદાએનામું આખું રદ કર્યું હતું તે ઉપરથી એ નવાં પુસ્તકના કર્તાઓએ ખોલાસો કરવાનું દરૂસ્ત જોયું હોય કે કેટલીક ભેદભરેલી બાબદો જેનો સપાટી ઉપરથી ખોલાસો તરત સમજ ન પ[illegible] તે ઉપરથી આ પુસ્તકને કોઇએ રદ ગણવું નહીં જોઇએ.

હવે યાકુબ લઇસના કુટંબના હાથમાં તેના મુલકની પાદશા[illegible] લાંબો વખત ચાલુ રહી નહીં. આસરે ઈ. સ. ૯૦૭ માં તેઓનો મુ[illegible] સામાનીઆન વંશના હાથમાં ગયો જે વંશ સાસાની વંશ સાથ કાં[illegible] સંબંધ ધરાવતું હતું. એ નવા વંશે અસલી ઈરાની દંતકથાઓ અને [illegible] વારીખને લગતી હકીકતો ઘણા હોંસથી એકઠી કરવાનું ચાલુ [illegible] એ વંશનો અબુ સલીહ મનસુર નામનો પાદશાહ જે ઈ. સ. ૯[illegible] ૯૭૫ સુધીમાં થઈ ગયો છે તેના વજીર બદામીએ દકીકી નામના[illegible] એરને ફ્રમાવ્યું કે તેણે દાનેશ્વરનાં પેહેલવી પુસ્તક ઉપરથી અબ[illegible] રઝકે યકુબ લઇસના ફ્રમાવવાથી ફારસી ભાષામાં જે પુસ્તક તૈય[illegible]ર કરાવ્યું હતું તે પુસ્તક કવિતામાં રચવું. એ પાદશાહની દરબારમ[illegible]ના ઘણાક કવિઓમાંથી દકીકીને પસંદ કરવામાં આવ્યો, તેપરથી [illegible]

પાદશાહની અસલી તવારીખની હકીકતો એકઠી કરવાનો શોખ માલમ પડેછે. દકીકી જામી નામના બીજા શાહેરના લખવા પ્રમાણે એક જરથોસ્તી હતો અને તેથી તેને પસંદ કરવામાં આવ્યો કે તે અસલી વડીલો તરફના એક જાતના પુત્રભાવથી પોતાનું કામ સારી ઉલટ અને હોંસથી કરે. દકીકીએ ગુસ્તાસ્પના રાજ્યથી પોતાની હકીકત શરૂ કીધી અને તેણે હજાર બેતો હજુર નહીં લખ્યાં કે તે પોતાના એક નવા ગોલામને હાથે માર્યો ગયો.

દકીકીનું ગુસ્તાસ્પ વિષેનું થોડુંક લખાણ ફીરદોસીએ પોતાનાં શાહાનામામાં દાખલ કર્યું છે. ફીરદોસી કહેછે કે તેણે સ્વપનામાં દકીકીને જોયો. તેણે કહ્યું કે "મેં હજાર બેત જોડ્યા જેવામાં મારી જીંદગીનો છેડો આવ્યો. જો એ બેતનો ખજાનો તારા હાથમાં આવે અને તું તે પાદશાહ આગળ ધરે તો મારૂં સર માહતાબ સાથ લાગે." ફીરદોસીએ તેના બેતો એ ઉપરથી પોતાના શાહાનામામાં દાખેલ કર્યાં. એ બેતો ઉતાર્યાં પછી ફીરદોસી દકીકીનાં લખાણ ઉપર શાહાનામામાં ટીકા કરેછે કે એના બેતો ઝમક વગરના છે. "મેં એ બેતો અંહી ઉમેર્યાં છે કે પાદશાહ જાણે કે હુનરવગરનું લખાણ તે શું છે. જ્યારે તેનામાં ભંડોલ નહીં હતો ત્યારે તેણે એ કામ માથે ઉઠાવવુંજ નહીં જોઈતું" વગેરે. દકીકી એક જરથોસ્તી હતો તે જામીનાં એનાં વિષેનાં નીચલા બેતો ઉપરથી માલમ પડેછે.

દકીકી ચાર ખેસલત બર ગુઝીદે અસ્ત
બગએતી અઝ હમે ખુબીઓ ઝીશ્તી
લબે યાકુત રંગો નાલેએ ચેદંગ
મએ ખુન રંગો દીને ઝરદોહશ્તી.

અર્થ—દુનિયામાં સર્વ સારાં માહાંમાંથી દકીકીએ ચાર ગુણો પસંદ કર્યાં છે. યાકુત રંગના હોઠ (એટલે હોઠવાળી સ્ત્રી), તંબુરાનો આવાજ (એટલે ગાયન), લોહીના રંગનો (લાલ) શરાબ અને જરથોસ્તીદીન.

દકીકીના મરણ બાદ સામનીદ વંશવાળાઓ એનું કામ કોઈ બીજા

લાયક કવિના હાથમાં મેલે તેટલામાં તો તેઓની હકુમતનો છેડો આવ્યો અને તેઓનું રાજ ગીઝનવી વંશના હાથમાં જતું રહ્યું. એ વંશનો બીજો પાદશાહ માહમદ જે હિંદુસ્તાનની તવારીખમાં મહામદ ગીઝનવીને નામે મશહુર થયલો છે તેણે બીજા હાકેમો કરતાં ખલીફાથી સ્વતંત્ર થવામાટે ઘણી કોશિશ કરી (ઇ. સ. ૯૯૭ થી ૧૦૩૦). તે જો કે ધર્મમાં એક ચુસ્ત ઇસલામી હતો તોપણ ખલીફની સત્તાનો અનાદર કરવામાં પેહેલો હતો. તેણે અસલી ઇરાની સાહિત્યને ઉત્તેજન આપ્યું એટલુંજ નહીં પણ ફારસી ભાષાને તેણે પોતાની દરબારી ભાષા સર્વ પ્રકારે બનાવી. તેના વજીર અબુલ આબાસે પણ આરબી ભાષાનો ઉપયોગ સમુલો દૂર કરવામાં ઘણો ભાગ લીધો. એ પાદશાહ સાહિત્યનો ઘણો શોખી હતો.

તેના મેહેલમાં દર સાંજે ઓલમાઓની મોટી મીજલસ મળતી હતી જેમાં શાએરો પોતાની જોડેલી કવિતાઓ વાંચતા અને ઓલમાઓ વાદવીવાદ ચલાવતા હતા. મોં. મોહલ કહેછે તેમ તેની દરબાર એક ખરેખરી 'આકાદેમી' એટલે વિદ્યાલય થઈ પડી હતી. એ પાદશાહની એક મુખ્ય ખાહેશ એ હતી કે ઇરાન મુલકના અસલી પાદશાહ પેહેલવાનોને લગતી હકીકત સાસાનીઅન વંશના અને ત્યાર પછી સામાનીદ વંશના પાદશાહોએ એકઠી કરી હતી તે કરતાં વધુ સંપૂર્ણ રીતે એકઠી કરવી અને તેને કવિતામાં ગોઠવાવવી. એ કારણને લીધે તેણે સર્વ જગ્યાએ અસલ હકીકતોને લગતાં પુસ્તકો અને મોહોડેની દંતકથાઓની ખોળ કરવા માંડી. એની એ બાબેની કાળજી એટલી બધી હતી કે એ પાદશાહની મેહેરબાની મેલવવાનો એક માર્ગ એ હતો કે તેને અસલી તવારીખનાં પુસ્તકો અથવા મોહોડેની દંતકથા મેલવી આપવી. એ પાદશાહે સીસ્તાનથી એક પુસ્તક મેલવ્યું કે જેમાં આપણે ઉપર કહેલા અબદલ્લા એબને અલ મોકફ્ફાવાલાં સઇર અલ મુલુકવાલાં પુસ્તકનો થોડોક ભાગ હતો. કહેછે કે ખુર ફીરૂઝ નામનો એક શખસ જે નોશીરવાન અદલના વંશનો હતો તે એક વખત

પૈસા સંબંધી અને બીજી હાલતમાં ઘણો બતંગ આવી ગયો હતો. તે ગીઝની તરફ આવ્યો કે નસીબ જોગે તેની ત્યાં પાદશાહ મહમદની દરબારમાં કાંઈ દાદ લાગે. ત્યાં તેણે જોયું કે પાદશાહની દરબારમાં આગલા પાદશાહ પેહેલવાનોની હકીકત એકઠી કરવા માટે શાએરો અને ઓલમાઓમાં દોરધામ ચાલતી હતી. એ ઉપરથી તેણે પાદશાહની દરબારના એક ઈમામ સાથે એ બાબે વાત કરી અને પોતાપાસે પોતાને ગામ સઈરિઅલમુલુકવાળું પુસ્તક હોવાની વાત જણાવી. ઈમામે જણાવ્યું કે પાદશાહ પાસે જો તેણે પોતાનું કાંઈ કામ કરાવી લેવું હોય તો આએ સારી તક છે. પાદશાહને તે પુસ્તક આપવાથી તે તેની સર્વે મેહેરબાની મેલવશે. ઈમામ મારફતે ખુરફીરૂઝે પાદશાહની મુલાકાત લીધી અને પોતાની અરજ અને સરવે હકીકતથી તેને વાકેફ કીધો અને પોતા પાસેની ચોપડીની વાત કહી. પાદશાહ મહમુદે તુરત તેને ગામ કાસદો મોકલી એ સઈરિઅલમુલુકવાળી ચોપડી મંગાવી લઈ તેના બદલામાં ખુરફીરૂઝને નવાજ્યો.

એ વાત સર્વે મુલકમાં પથરાઈ અને સર્વે લોકો જાણવા લાગા કે પાદશાહ મહમુદને આગલા પાદશાહોને લગતી હકીકતો એકઠી કરવાનો ઘણો શોખ છે અને તેથી તેની મેહેરબાની મેળવવાનો એક માર્ગ તેને એવી હકીકતો પુરી પાડવાનો છે. કેરમાનના પાદશાહને એ વાત ખબર પડી. તે મહમુદ પાદશાહની દોસ્તી મેળવવાને ઘણો ખાહેશમંદ હતો અને તે મતલબથી તેના ઉપર વારે ઘડીએ ભેટ સોગાદ મેકલતો હતો. તેને ખબર પડી કે તેના કેરમાન શેહેરમાં સાસાનીઅન પાદશાહ શાપુર ઝાઅલ અકતાફનાં વંશનો એક શખસ નામે આઝર બરઝીન રેહેતો હતો જે અસલી પાદશાહ પેહેલવાનોને લગતી હકીકતો ભેગી એકઠી કરતો હતો. કેરમાનના પાદશાહે એ શખસને મહમુદની દરબારમાં મોકલ્યો જેણે એ શખસને ઘણી ભેટ સોગાત આપી અને કેરમાનના પાદશાહને માટે પણ મોકલી. વળી મર્વનો સર્વ આઝાદ નામનો એક સખસ જે પોતાને જાલે સામ નરીમાનનાં ખાનદાનનો

જણાવતો હતો તેણે પાદશાહ મહમુદને સામ, જાલ અને રૂસ્તમને લગતી કેટલીક હકીકતો જે તે ધરાવતો હતો તે પુરી પાડી. ફીરદોસી રૂસ્તમનાં મરણનું દાસ્તાન શરૂ કરતાં જ્યાં એ બાબદવિષે પોતે બોલેછે, ત્યાં તે એ ધણીનું નામ અઝાદ સર્વ કરી આપેછે અને તેને વિષે કહે છે કે તે મર્વ શેહેરમાં સહલના છોકરા આહમદને ત્યાં રહેતો હતો. એ સહલને વિષે થોડુંક આગલ ચાલતાં તે કહેછે કે તે સહલ માહાનનો (છોકરો) હતો. અહીં આઝાદ સર્વને સહલને રોશન કરનાર કહયો છે તે ઉપરથી દીસે છે કે તે સહલનો છોકરો હતો. એ આઝાદ સર્વ સામ નરીમાનનાં ખાનદાનથી ઉતરેલો એક ડહાપણવાળો પીરમરદ હતો અને તે આગલા પેહેલવાનોની હકીકતની ચોપડી ધરાવતો હતો.

એ પ્રમાણે મહમુદ ગીઝનવીના હાથમાં અસલ પાદશાહ પેહેલવાનોને લગતી ઘણીક હકીકત એકઠી થઈ. હવે એ સઘળી હકીકતોને કવિતામાં રચવા માટે એક લાયક કવિ શોધી કાહાડવાની ખોટી હતી કે જે કવિ તે જમાનાના શોખ અને રૂઢીને અનુસરતી રીતે તે બાબદોને કવિતામાં એવી રીતે રચે કે તેથી અસલ હકીકતોને ગેરઈનસાફ થાય નહીં અને તેઓ સંપૂર્ણ રીતે જળવાઈ રહે. એલમનાં એ મુરબી પાદશાહ મહમુદની દરબારમાં તે વેળાએ નીચલા સાત કવિઓ તેની મુરબીગી ભોગવતા. અનસરી, ફરરૂખી, ઝયની, અસજદી, મનજીક, ચંગઝન, ખુર્રમી અને તરમદી. કહેછે કે એઓમાંથી લાયકને ચુંટી કાહાડવા માટે પાદશાહે દરેકને એકેક બાબદ સોપી કે એ બાબદ ઉપર જે સર્વથી સરસ કવિતા જોડે તેને પછી આખા શાહનામાનું મોટું કા સોપવામાં આવે. એઓમાં અનસરીને સોહરાબનું દાસ્તાન સોપ્યું હ એ હરીફાઈનું પરીણામ એવું આવ્યું કે અનસરીની કવિતા પાદશ હને પસંદ પડી. કહેછે કે અનસરીનું દાસ્તાન નીચલા બેતોને લી શાહામહમુદને પસંદ આવ્યું. સોહોરાબ રૂસ્તમ ઉપર ફતેહ મેલ છે ત્યારે રૂસતમના માગવાથી તેને જીવતદાન બખશે છે. પણ બી વખતે જ્યારે રૂસતમ સોહોરાબ ઉપર ફતેહ મેલવે છે ત્યારે તે

જીવતદાન બખશવાને નાપાડી ખંજર ખેંચે છે. જ્યારે રૂસ્તમ ખંજર ખેંચે છે ત્યારે સોહોરાબ નીચલા સખુનો કહેછે.

હરાન ગેહે કે તેશને શુદી તો બ ખુન
બેયાલુદી ઈન ખનજરે આબગુન
જમાને બખુને તો તેશને શવદ
બઅન્દામે તો મુઈ દશને શવદ

(મેકન ફારસી દીબાચો પા. ૩૦)

અર્થ—જ્યારે બી તું લોહીનો તરસો થયો ત્યારે તેં આએ પાણીનાં રંગનાં સાફ ખંજરને ખરાબ કર્યું. જમાનો તારાં લોહીનો તરસો થશે ત્યારે તારા શરીરપરના બાલ ખંજર મીસાલે થશે.

પાદશાહ મહમુદે અનસરીને એ શાહાનામાનું કામ માથે લેવાનો આગ્રહ કર્યો. એ શાએર પાદશાહનો માનીતો હતો. પોતાના બીછાના આગલ તેને બેસાડી સુતાં સુતાં તે તેનાથી દાસ્તાંનો સાંભળતો. અનસરીએ પુરસદ નહીં હોવાનું બાહાનું કાહાડી એ કામ પોતાના મીત્ર ફીરદોસીને સોપવાને કહ્યું.

ફીરદોસીને શાહા મહમુદે એ કામ કેવીરીતે સોપ્યું અને ફીરદોસીનું શાહ મહમુદના દરબારમાં આવવું શા કારણે થયું તે બાબદ આપણે શાએર ફીરદોશીની જીંદગીના અહેવાલમાં તપાસીશું.

ફીરદોસીની જીંદગીના એહવાલની હકીકતોનો આધાર.

ફીરદોસ્તીની જીંદગીનો હેવાલ બાઈસિનગરખાનવાળા શાહાનામાના દીબાચાને આધારે મેકને પોતાના ફારસી દીબાચામાં આપ્યો છે. મોહલે પણ એ દીબાચાની પોતાની નકલને આધારે અને બીજી સત્તાઓને આધારે એ હેવાલ પોતાના તરજુમાંના દીબાચામાં આપ્યો છે. હવે ઘણ્ય કરી એ બેઉને આધારે આપણે એ શાએરની જીંદગીની હકીકતો તપાસીશું. "ફેરી કુઈન" એટલી "પરીઓની રાણી"ના કર્તા અંગ્રેજી કવિ સ્પેનસર માટે તેની જીંદગીનું વૃત્તાંત લખનાર હેલ્સ જે કહે છે તે

ફીરદોસી માટે પણ ખરૂં છે કે "તેની કવિતા તે જાણે તેના જાતી મીત્રો-સમાન હતી કે જે આગલ તે પોતાનું દીલ ખોલીને દીલની વાત કહેતો હતો. પોતાની કવિતાની સાથે તે પોતાની જીંદગીના તરેહવાર બનાવોની વાત કરતો હતો. તેના કાનમાં તે પોતાની ખુશીઓની અને દીલગી-રીઓની, પોતાની આશાઓની, ધાસ્તીઓની અને ચિંતાઓની વાત કહેતો હતો."[1] ફીરદોસીની જીંદગીની હકીકત માટે તેના જમાનાના કોઇ લખનારનું લખાણ એવું નથી કે જે તેની ઉપર રોશની નાખે. માટે એનો એહેવાલ લખનારને એ હકીકતો મુખ્ય કરી તેનાં પોતાનાં લખાણ ઉપરથી એકથી કરવી પડે છે. પોતાની ઉપર પડતાં દુઃખો અ-થવા હાદેસાઓના અને પોતાને મલતી આશાઓ અથવા સુખના જે ઈસારાઓ તે શાહાનામાનાં દાસ્તાનોમાં અને બીજાં લખાણોમાં કરે છે તેથી આપણને એની જીંદગીની કેટલીક નોંધો મલે છે.

ફીરદોસીની જીંદગીનો એહવાલ.

એનું નામ—ફીરદોસીનું ખરૂં નામ અબુલકાસીમ મનસુર હતું. ફીરદોસી નામ એને એ ઉપરથી મળેલું કહેવાય છે કે જ્યારે એ શાહ મહમુદની દરબારમાં ગીઝની આવ્યો ત્યારે શાહ તેની તુરત એ[illegible] જોડી કહાડવાની હુશીઆરીથી ખુશી થયો. એક વખત તેણે મહમુદન[illegible] માનીતા અને જાણીતા ગુલામ અયાઝ વિષે સુંદર બેતો તુરત જો[illegible] કહાડવાથી સુલતાને તેને શાબાસી આપવા માટે કહ્યું કે "તેં મારી દરબ[illegible] રને ફીરદોસ (એટલે બેહેશ્ત)ના જેવી રોશન બનાવી છે." એ ઉપર[illegible] એણે ફીરદોસીનું શાએરી નામ અખત્યાર કર્યું. બીજો એહવાલ એમ ક[illegible] છે કે એના બાપનો ફીરદુસ (એટલે બેહેશ્ત) નામનો એક સુંદ[illegible] બાગ હતો તે ઉપરથી એણે એ નામ અખત્યાર કર્યું.

એના બાપનું નામ—એના બાપનું નામ ફકરૂદ્દીન આહમે[illegible]

---

1 Complete Works of Spenser by Morris p. XV.

હતું જે ફર્રખોલ ફીરદોસીનો છોકરો થતો હતો. દોલતશાહ નામનો જાણીતો લખનાર ફીરદોસીના બાપનું નામ ઇશીક શેરીફશાહ કરી આપે છે અને ફીરદોસીનું પોતાનું નામ હસન તરીકે આપે છે અને કહે છે કે સુરી બીન મોઆસ નામના એક શખ્સનો, રીઝન નામનાં ગામમાં ફીરદોસ નામનો જે બાગ હતો તેનો તે બાગબાન હતો. દોલતશાહે આપેલાં એ નામો અને વીગતને બીજાઓથી બરાબર ટેકો મળતો નથી. એવું દીસે છે કે ફીરદોસીનો બાપ મઓલાના ફકરૂદ્દીન આહ-મેદ પોતાનાજ એક બાગની બાગબાની કરતો હતો. તે એક જાતનો દેહકાન અથવા જમીનદાર હતો.

જન્મ શેહેર—ફીરદોસીનો જન્મ ખોરાસાનનાં મુલકમાં તુસ નામનાં શેહેરની પાસેના શાદાબ નામનાં ગામમાં થયો હતો. તુસ શે-હેરમાં એનો જન્મ થવાથી કોઇક લખનારાઓ એને ફક્ત તુસીના નામથી પણ ઓળખે છે. દાખલા તરીકે નીચલી બેતોમાં.

"ચે ખુશ ગોફ્ત તુસી સખુન હમચુ દોર્ર
મુરગ્બી બેયારો મુરબ્બા બેખોર" એટલે
"તુસીએ મોતી જેવા કેવા મજેનાં સખુનો
કહ્યા છે કે મુરબ્બી હોય તો મુરબ્બો ખવાય."

જન્મ વખતે એના બાપને સ્વપ્નું—એના જનમ વખતે કહે છે કે એના બાપને એક સ્વપ્નું આવ્યું હતું, જે ઉપરથી તેનો બેટો એક શાએર નીકલશે એવી તેને આશા મલી હતી. કહેછે કે એણે યું કે એનો બેટો મનસુર (ફીરદોસી) ઘેરનાં છાપરાં ઉપર ચહડેલો તો અને ત્યાંથી કેબલા (એટલે મક્કા) તરફ મોં કરી પોકાર કરતો તો અને તેના જવાબમાં ચોમેરથી તેને પણ પોકારો મલતા હતા. વાર પડતાં એના બાપે એ સ્વપ્નાનો ખુલાસો શેખ નજીબુદ્દીન નામના ક પરહેજગાર પુરૂષને પુછયો. તેણે ખુલાસો કર્યો કે ઘરના છાપરાં પરથી તારો છોકરો ચોમેર પોકાર કરતો હતો તેનો ખુલાસો એ કે ા એક મોટો સખુન કેહેનારો થશે અને દુનિયાના સર્વે ભાગના લોકો

એનાં સખુનો સાંભળશે. સર્વ બાજુએથી જવાબનાં પોકારો આવ્યા તેનો ખુલાસો એ કે એનાં સખુન લોકોને પસંદ આવશે અને કબુલ થશે.

જન્મનો સને—એના જન્મના સનેવિષે એની જીંદગીનો એહવાલ લખનારાઓ કાંઈ ખબર આપતા નથી. પણ એના શાહાનામાની છે-વટના નીચલા બેતો ઉપરથી એના જન્મનો સને મુકરર કરી શકાયછે.

ચું સાલ અંદર આમદ બ હફ્તાદો યક
હમી ઝીરે શઅર અન્દર આમદ ફૂલક
સીઓ પંજ સાલ અઝ સરાએ સે પંજ
બસી રંજ બોરદમ બઊમીદે ગંજ
ચુ બર બાદ દાદન્દ રંજે મરા
નબુદ હાસેલે સી ઓ પંજે મરા
કનુન ઉમ્ર નઝદીકે હસ્તાદ શુદ
ઉમીદમ બયક બારેહ બરબાદ શુદ
સર આમદ કનુન કીસ્સે એ યઝદગર્દ
બ માહે સપ્ંદાર મદ રૂઝે અર્દ
ઝે હીજરે શુદે પંજ હસ્તાદ બાર
કે ગોફ્તમ મન ઈન નામે શાહવાર

“ **અર્થ**—જ્યારે એકોતેર વર્સની મારી ઉમ્મર થઈ ત્યારે આસ્મા-
“ ન મારી કવિતાની અસરથી નીચે આવ્યું. ખજાનો મેળવવાની ઉમેદ-
“ માં આએ ત્રણ પાંચ દહાડાની દુનિયામાં મેં ઘણી રંજ ખેંચી. જ્યારે
“ મારી મેહેનતને ફોકટ બરબાદ કીધી, ત્યારે મારાં પાંત્રીસ[1] વર્ષે
“ મને કાંઇએ ફાયદો થયો નહીં. હાલ મારી ઉમ્મર નજદીક એંશી વર્ષે
“ થઈ ત્યારે મારી ઉમેદ એકદમ સર્વ બરબાદ થઈ. સપ્ંદારમદ મ
“ અને અર્દ (અશીસંગ)[2] રોજે હવે યઝદગર્દનું દાસ્તાન ખલ

(૧) ફીરદોસી બીજી જગ્યામાં શાહાનામા પાછળ ત્રીસ વર્ષ રોકેલાં જણાવે અહીં ૩૫ જણાવેછે તો બીજા પાંચ વર્ષ તરજુમો સુધારવા પર ગુજાર્યાં હોય.

(૨) મો. મોહલની ગણત્રી પ્રમાણે એ દીવસ ૨૫મી ફેબરવારી ૧૦૧૦ નો આવે

" થયું. આએ પાદશાહી પુસ્તક હું તમામ બોલી રહ્યો ત્યારે પાંચ વ-
" ખત ઍંશી (એટલે ૪૦૦) હીજરી વર્ષ થયાં હતાં."

આએ પુસ્તક ફીરદોસીનાં વર્ષો જણાવેછે તે ઉપરથી મોહલ એના જન્મનો સને હીજરી ૩૨૯ (ઈ. સ. ૯૪૧) નો ગણેછે પણ મેકન હીજરી ૩૨૦ (ઈ. સ. ૯૩૨) નો ગણેછે. એ ફરકનું કારણ ઉપલા ફકરામાં દેખઈતું છે. ફીરદોસી છેવટે જણાવેછે કે તેણે તેનું શાહાનામું સફંદાર મહીનો ને અશીસંગ રોજે પુરૂં કર્યું ત્યારે હીજરી સને ૪૦૦ નો હતો. એ વખતે તે ઉપલા ફકરાની શરૂઆતમાં જણાવેછે કે તેની ઉમર ૭૧ વર્ષની હતી, પણ વળી બે લીટી પછીથી ફરી જણાવેછે કે તે નજદીક ૮૦ વર્ષનો હતો. મેકન હીજરી ૪૦૦ માં એની ઉમર ૮૦ વર્ષની ગણી એનો જન્મ હીજરી ૩૨૦ માં ગણેછે, પણ મોહલ એની ઉમ્મર ૭૧ વર્ષની ગણી એનો જન્મ હીજરી ૩૨૯ માં જણાવેછે. હવે ફીરદોસી પોતાની ઉમ્મર એ ફકરામાં ખરે-ખરી શું કહેવા માગેછે તે ઉપર એ સને મુકરર કરવાનો આધાર રહેછે. કેટલોક વિચાર કરતાં મોં. મોહલની ગણત્રી દરૂસ્ત દીસેછે. ફીરદોસી જે પેહેલે શારૂઆતમાંજ પોતાની ઉમ્મર એ વખતે ૭૧ વર્ષની જ-ણાવે છે તેજ દરૂસ્ત દીસેછે. બે ચાર લીટી પછી તે પાછાં ૮૦ વર્ષ જણાવેછે તેમાં તે 'નજદીક' એવો જે શબ્દ વાપરેછે તેની કહેવાની મ-તલબ ફકત અંહી એવી છે કે હવે હું નજદીક ઍંસીની ભરતીમાં આ-વ્યોછું. ઘણીક વાર આપણે કોઇ ઘરડા આદમીને તેની ઉમ્મર પુછીએ છીએ ત્યારે એમ બે રીતે જવાબ આપેછે. એક તો આસરે ભરમમાં જણાવેછે કે ત્રણ કુંડી યા ચાર કુંડી અને બીજી ખરેખરી ઉમ્મર. ફીર-દોસી પોતાનાં શાહાનામાંની છેવટે બળાપો કરેછે. તે કહેછે કે તેને ૭૧ વર્ષ તમામ થયાં અને તેમાં ૩૫ વર્ષ આએ કામ પાછલ ફોકટ ગયાં. એમ બળાપો કરતાં તે ફરીથી જણાવેછે કે નજદીક ૮૦ ની ભરતીમાં હું આવી પોંહોચ્યો ત્યારે જોઊંછું કે મારી સઘળી મેહેનત ફોકટ ગઇછે. એમ ફરીથી આસરે ઍંસીનો જુમલો જાહેર કરવાનો સબબ મોહલ કહેછે તેમ એ દીસેછે કે તે હીજરી સને પોતાનું પુસ્ત-

ક તમામ થવા માટે જણાવેછે તે ૮૦ ના ગુણાકારમાં જણાવેછે કે પાંચ વખત હેસી (એટલે ૪૦૦) હીજરીના શનેમાં મેં મારૂં કામ તૈયાર કર્યું, જ્યારે હું પોતે પણ નજદીક હેંસીની ભરતીમાં આવી પોં-હોચ્યો હતો.

ફીરદોસી એક બીજી જગ્યાએ પોતાની ઉમ્મર જણાવેછે ત્યાં પણ એ પ્રકરાની માફક બે જુદી જુદી ઉમર જણાવેછે. એક ખરેખરી અને બીજી આસરે દસના દાહેકાની સંખ્યામાં. કએખસરૂ અફ્રાસીઆબની દરબારમાંથી ઈરાન આવેછે તે દાસ્તાન શરૂ કરવા આગમચ ફીરદોસી પોતાના બુઢ્ઢાપાને માટે બોલેછે ત્યાં નીચલી લીટીઓ કહેછે.

ચુ આમદ બનઝદીકે સર તીગે શસ્ત
મદેહ મએ કે અઝ સાલ શુદ મર્દ મસ્ત

....

ચુ બરદાશ્તમ જામે પન્જાહો હસ્ત
નગીરમ બે જુઝ યાદે તાબુતો દશ્ત.

"અર્થ—જ્યારે સાઠ (વર્ષની ઉમ્મર) ની તલવાર માથાં નજદીક "આવી પોંહોચી ત્યારે શરાબ આપો ના કારણ કે ઉમ્મર (ની નબ-"લાઈ) થીજ માણસ છાકટા જેવો થાયછે......................જ્યારે મેં "અથાવન (વર્ષની ઉમ્મર)ની જામ ઉઠાવી છે ત્યારે હું જનાજો અને "ઘોરસ્તાન સીવાય બીજા કસાને યાદ કરીશ નહીં.

એ પ્રકરામાં પણ ફીરદોસી દાહેકામાં પોતાની ઉમ્મર પેહેલે સાઠ જણાવેછે. વચમાંની બીજી સતરોમાં પણ એમ આડકતરી રીતે જણાવે છે. પણ પછી ખરેખરી અથાવન વર્ષની ઉમ્મર જણાવે છે. શરૂઆતમાં તેની મતલબ ફક્ત એવું કહેવાની છે કે હું હવે સાઠ વર્ષની ઉમ્મરની ભરતીમાં આવી પોહોંચ્યો છું. એ બીજા દાખલાની તપાસ ઉપરથી ત્ય દીસે છે કે જેમ એ પ્રકરામાં તેમ આપણી તપાસવાળા શાહાનામ ના પ્રકરામાં ફીરદોસી બે રીતે ઉમ્મર જણાવે છે. એક આસરે દા કામાં અને બીજી ખરેખરી. તેથી ત્યારે હીજરી ૪૦૦ માં શાહાના

પુરૂં કરતી વખતે તેની ખરેખરી ઉમર ૭૧ વર્ષની હતી અને તેથી તેનો જનમ હીજરી ૩૨૯ માં એટલે ઈ. સ. આસરે ૯૪૧ માં થયો હતો.

હવે મોહલ કહેછે તેમ હીજરી ૪૦૦ માં ફીરદુસીની ઉમ્મર ૭૧ વર્ષની હતી અને મેકન કહેછે તેમ ૮૦ વર્ષની નહીં હતી અને તેથી ફીરદોસીનો જન્મ હીજરી ૩૨૯ માં થયો હતો અને નહીં કે હીજરી ૩૨૦ માં, તેની બીજી આડકતરી સાબેતી ફીરદોસીનાં બીજાં લખાણ ઉપરથી મલેછે. પેહેલા યઝદગર્દની હકીકતની શરૂઆતમાં તે પોતાની ઉમ્મર વિષે અને પોતાના મુરબ્બી પાદશાહ મહમુદ વિષે નીચે પ્રમાણે ઈસારો કરેછે.

અયા શસ્તોસે સાલ મર્દે કેહુન
તો અઝ બાદેહ તા ચન્દ રાની સખુન
હમાન રૂઝે તો નાગહાન બેગુઝરદ
દરે તોબેહ બેગુઝીન બ રાહે ખેરદ

....

ગર ઉ ઈન સખુનહા કે અન્દર ગેરફ્ત
બપીરી સર આરદ નબાશદ શેગફ્ત
બનામે શેહાનશાહે શમશીર ઝન
બબાલા સરશ બરતર અઝ અનજુમન

....

જેહાનદાર મહમુદ ગેતી કુશાએ
ખોદાવંદે શમશીર વ ફરહંગો રાએ

અર્થ—“ એ ૬૩ વર્ષના બુઢા મરદ! ક્યાંસુધી તું શરાબ વિષે “ સખુન બોલ્યા કરશે ? તારી (જીંદગીના) દીવસો એકાએક તમામ “ થશે, માટે પસ્તાવાનો દરવાજો અને અકલનો રસ્તો પસંદ કર.... “ અગર જો તે (શાએર) આએ સખુનો કે જે (લખવાને) તેણે માથે “ લીધા છે તે શમશીર મારનાર પાદશાહના નામથી પોતાના બુઢા- “ પામાં તમામ કરે તો તેમાં અજાયબી કાંઈ નથી. તે (શાહાનશાહ) “ નું સર અનજુમનમાં વધારે બુલંદ છે. તે જેહાનનો પાદશાહ મહમદ

" દુનીઆને ખુશી આપનાર છે તે શમશીર અને દાનાઈ અને અક્ક-
" લનો સાહેબ છે. "

આએ પૂકરામાં ફીરદોસી બે બાબતના ઇસારા કરે છે. એક તો એકે એ લખતી વખતે તેની ઉમ્મર ૬૩ વર્ષની હતી અને બીજો એકે એ વખતે મહમુદ પાદશાહીએ આવ્યો હતો. હવે જો આપણે મેકનની ગણત્રી પ્રમાણે ફીરદોસીનો જન્મ હીજરી ૩૨૦ માં લેઇએતો તેની ૬૩ વર્ષની ઉમ્મર હીજરી ૩૮૩ નાં વર્ષમાં થાય. હવે ફીરદોસી પ્રમાણે એની એ ૬૩ વર્ષની ઉમ્મરે જ્યારે એણે યઝદગર્દનું દાસ્તાન લખ્યું ત્યારે પાદશાહ મહમુદ ગાદીએ આવ્યો હતો. પણ તવારીખે એ પાદશાહની તારીખ જે મુકરર કરી છે તે પ્રમાણે એ પાદશાહ ગીઝનીના તખ્તઉપર તો છેક હીજરી ૩૮૭ માં આવ્યો. એ ઉપરથી ત્યારે ખુલ્લું દીસે છે કે એના જન્મનો સને મેકન ગણે છે તેમ હીજરી ૩૨૦ નહીં હતો પણ ત્યાર પછીનો હતો. અને આપણે ઉપર જોયું તેમ તે હીજરી ૩૨૯ નો હતો.

ફીરદોસી હીજરી ૩૨૯ માં જન્મ્યો હતો તેને મો. મોહલ કહે છે તેમ એનું એક બીજું લખાણ ટેકો આપે છે. કેખસરૂ અને અફ્રાસીઆબ વચ્ચેની લડાઈના વર્ણનમાં એક જગ્યાએ ફીરદોસી પોતાની ઉમ્મર માટે અને શાહ મહમુદના તુરતના ગાદીપર આવવામાટે નીચે પ્રમાણે ઈસારો કરેછે.

" બદાંન ગેહે કે બુદ સાલ પંજાહો હશ્ત
જવાન બુદમો ઈનિ જવાંની ગુઝશ્ત
ખરૂશી શનીદમ ઝે ગેતી બુલન્દ
કે અન્દીશે શુદ પીરો મન બીગઝન્દ
કે અએ નામદારાંનો ગર્દન કશાન
કે જસ્ત અઝ ફરીદુને ફરરોખ નેશાન
ફરીદુને બીદાર દેલ ઝીન્દે શુદ
ઝમીનો ઝેમાન પીશે ઉ બન્દે શુદ. "

"અર્થ—તે વખતે કે જ્યારે હું ૫૮ વર્ષની ઉમ્મરનો હતો ત્યારે

" જવાન હતો. તે જવાની પસાર થઈ ગઈ. મેં જેહાંનમાં એક બુલંદ
" પોકાર ઉઠેલો સાંભળ્યો કે જેથી (મારી) ચીંતાઓ બુઢી થઈ ગઈ
" (એટલે તમામ થવાની અણી ઉપર આવી) અને હું દુઃખવિનાનો
" થયો. (તે પોકાર એ હતો કે) ઓ બાહાદુર નામદારો ! બખતાવર
" ફરેદુનની નીશાન એકાએક હસ્તીમાં આવી છે. ચંચલ દીલનો ફરે-
" દુન પાછો જીવતો થયો છે. જમીન અને જમાનો તેની આગલ ગુ-
" લામ થઈ પડયો છે."

એ પ્રકરામાં ફરેદુન એ વખતે પાછો સજીવન થવાનો ઈસારો તે મહમુદ ગીઝનવીના તે વખતે તુરતના ગાદી ઉપર આપવાનો ઈસારો છે. હવે જો આપણે ફીરદોસીનો જન્મ આપણી ઉપલી ગણત્રી પ્રમાણે હીજરી ૩૨૯ માં લેઇએ છીએ તો તેની ૫૮ વર્ષની ઉમ્મર હીજરી ૩૮૭ માં થાયછે જે શાલ બરાબર તવારીખ પ્રમાણે મહમુદ ગીઝનવીનું ગાદીઉપર આવવાનું વર્ષ છે. એ સઘલી તપાસ ઉપરથી ત્યારે આપણે છેવટઉપર આવીએ છીએ કે ફીરદોસીનો જન્મ હીજરી ૩૨૯ માં એટલે ઈ. સ. ૯૪૧ માં થયો હતો.

ની બચગી—ફીરદોસીની બચગીવિષે એટલું માલમ પડે છે કે હતાં પાણીને કીનારે બેસી તેથી ગમત મેલવવામાં ઘણી મોજ . તેના ઘર આગલથી એક નેહેર પસાર થતી હતી જે નેહેર પો- પાણી તુસ શેહેરની એજ નામની નદીમાંથી લેતી હતી. એ નેહેરને ારે બેસી તેમાંથી વહેતું પાણી જતું જોઈ તે ઘણી ગમત લેતો. તુસ ના માર્ગમાં કાંટાના ભારા આડા નાખી અને તેઓને માટીથી ચણી એક પુસ્તો બાંધેલો હતો જેથી પાણી પોતાના મારગમાં વેહેતું થો- અટકી એ નેહેરમાં વહેતું. ઘણીકવાર એ કાચું બાંધકામ નદીમાં ીક રેલ આવવાથી ધસી પડતું અને ઘસડાઈ જતું. ત્યારે પાણી એ હેરમાં આવતું અટકી જતું અને તેથી નેહેર સુકી થઈ જવાથી આ- ા બાલક શાએરની રમુજમાં અડચણ પડતી. તે હમેશાં ઈચ્છતો કે પરનો બંદ માટી લાકડાં વગેરેને બદલે જો પથ્થર ચુનાથી બાંધી

લીધો હોય તો કેવું સારૂં કે તેથી તે ઘડી ઘડી રેલથી ભાંગી નહીં જાય. તેણે પોતે પોતાના મનમાં એ બચગીને વખતે ઠરાવ કરી રાખ્યો કે ખોદાતાલા જો તેને સારી રોજી આપે તો કોઈ વખતે એ બાંધકામ કરવામાં પોતાનો પૈસો ખરચે.

કેળવણી—ફીરદુસીની નાનપણની કેળવણી માટે કહેછે કે તેને તરેહ-વાર કીતાબો વાંચવાનો ઘણો શોખ હતો. તેણે તે વખતપ્રમાણે ઘણી સારી કેળવણી લીધી હતી. તેણે અરબી ભાષામાં સંગીતજ્ઞાન મેલવ્યું હતું. એમ એની જીંદગીના પાછલા ભાગમાં બનેલા બનાવ ઉપરથી જણા-યછે કે જ્યારે તેણે પોતાના એ ભાષાના જ્ઞાનથી ઘણા ઓલમાઓને હેરત કીધા હતા. તેણે અરબી અને પેહેલવીનો અભ્યાસ ૨૬ વર્ષસુધી કીધો હતો એમ તેના લખાણ ઉપરથી[1] માલુમ પડેછે. અરબી ઉપરાંત તે

(૧) નેશનલરીવ્યુ વા. ૧૪ પા. ૮૦૮. Journal of the Royal Asiatic society vol. IX (old seies) p. 122.

બસી રંજ દીદમ બસી ગોફ્તે ખાન્દમ
જે ગોફ્તારે તાજી વ અજ પેહેલવાની
બચન્દીન હુનર શસ્તો દોસાલ બુદમ
કે તોશે બરમ ઝ આશકારો નેહાંની
બે જુઝ હસરતો જુઝ વબાલે ગુનાહાન
ન દારમ કનુન અજ જવાની નીશાની
બયાદે જવાની કનુન મુયે દારમ
બરાન બઈતે બુતાયરે બુસ્રવાની
જવાની મન અજ કુદકી યાદ દારમ
દરીગા જવાની દરીગા જવાની.

અર્થ—મેં ઘણી રંજ દીઠી છે અને અરબી અને પેહેલવીમાં લખાયલાં ઘણાં ખાણો વાંચ્યાં છે. એપ્રમાણેના હુનરમાં (અભ્યાસમાં) મેં ૬૨ વર્ષ પસાર કર્યાં કે જાહેર અને છુપાંનો મને ફાયદો મલે. પણ દિલગીરી અને ગુનાહોની સજા સીવ જવાનીની કાંઈ પણ નીશાની હું જોતો નથી. બુ તાહીર ખુસરવાનીની (નીચ બેત પ્રમાણે જવાનીની યાદમાં હાલ હું રડુંછું. "હું બચગીની જવાની યાદ કરૂં અફસોસ! ઓ જવાની, અફસોસ! ઓ જવાની."

પેહેલવી પણ જાણતો હતો એમ તેના પોતાના દીબાચા ઉપરથી માલમ પડેછે કે જ્યાં તે કહેછે કે એક મીત્રે તેને એક પેહેલવી ચોપડી તેનાં શાહાનામાંના કામમાટે લાવી આપી હતી. એ ચોપડી મળ્યાથી ફીરદોસી કહેછે કે તે ઘણોજ ખુશી થઈ ગયો હતો. એ ઉપરથી દીસેછે કે તેને પેહેલવી સારી પેઠે આવડતું હોવું જોઇએ. તે પોતાના લખાણમાં કોઇકિ ખાશ ફારસી શબ્દોને માટે પેહેલવી શબ્દો આપેછે જે પણ દેખાડેછે કે તે એ ભાષા જાણતો હતો. આરબોની ફતેહ પછી પેહેલવી ભાષાનું જ્ઞાન જરથોસ્તી ધર્મગુરૂઓમાંજ અને કેટલાક દેહેકાન અથવા જમીનદારો, જેઓએ જો કે ઇસલામી ધર્મ અખત્યાર કર્યો હતો તોપણ પોતાના વડીલોની અસલી હકીકત જાણવાને ખાહેશમંદ હતા તેઓમાંજ અટકી રહ્યું હતું. એટલા માટે ફીરદોસીનું એ ભાષાનું જ્ઞાન તેનો ખાસ અભ્યાસ દેખાડેછે. જરથોસ્તીઓના કેટલાક રીવાજ અને રસમોનું તે કેટલીકવાર શાહાનામામાં એવું તો સારૂં જ્ઞાન દેખાડેછે કે તે ઉપરથી પણ માલમ પડેછે કે એણે તે બાબેની મ[illegible]તી અસલ પેહેલવી પુસ્તકો ઉપરથી મેલવી હશે. દાખલા તરીકે બેહરામ ગુર હિંદુસ્તાનના સનગેલ નામના પાદશાહની બેટીને પરણવામાટે તેણીને આદર ગોશપના પુરાના આતશકદેહમાં લાવેછે અને ત્યાંના મોબેદપાસે તેણીને જરથોસ્તી દીનમાં દાખેલ કરાવેછે અથવા પારસીઓના શબ્દોમાં કહીએ તો તેણીને સુદરેહ પેહેરાવેછે. એ બાબદનાં વર્ણનમાં ફીરદોસી જરથોસ્તી ક્રીયાનું અને તેમાંનાં કેટલાક ખાશ શબ્દોનું સારૂં જ્ઞાન દેખાડે છે જેપરથી માલમ પડેછે કે તેણે તે પેહેલવી પુસ્તકો ઉપરથી લીધું હશે.

લગન—કેળવણી લીધા પછી તેની જીંદગીના કોઈ સંસારી બનાવની પેહેલી હકીકત મલતી હોય તો તે એ છે કે તે અઠાવીસમા વર્ષની આગમચ પરણેલો હોવો જોઇએ, જોકે ક્યારે તે ચોકસ દીસતું નથી. એ ઉમ્મરે તેને ત્યાં એક બેટાનું ફરજંદ થયું હતું એમ શાહાનામાના એક ભાગનાં લખાણ ઉપરથી માલમ પડેછે, જ્યાં તે એ બેટાના મર-

ણુની નોધ લેતાં તેની ઉમ્મર તે વેળાએ ૩૭ વર્ષની જણાવે છે અને પોતાની ૬૫ વર્ષની જણાવે છે.

મરા શસ્તો પંજો વરા સી ઓ હફ્ત
ન પુરસીદ અઝીન પીશે તનહા બેરફ્ત

અર્થ—મને પાંસઠ વર્ષ અને એને સાડત્રીશ. હું ઘરડા આદમીને કાંઈ પુછયુ નહીં અને એકલો જતો રહ્યો.

શાહનામાની શરૂઆત—જો કે ફીરદુસીએ શાહાનામાને બરાબર રચવાનું કામ હીજરી ૩૮૭ માં, જ્યારે શાહ મહમુદ ગીઝનીની ગાદીએ આવ્યો ત્યારે બરાબર શરૂ કીધું હતું તોપણ તેનો અવારનવાર થોડોક ભાગ ગણો આગમચથી લખેલો હતો. પોતાની છેક જવાન વયથી તેણે અસલી પાદશાહ પેહેલવાનોની હકીકત કવિતામાં રચવાની શરૂઆત કીધી હતી એમ તેના દીબાચા ઉપરથીજ માલમ પડેછે.

દકીકી જેણે આપણે આગળ કહ્યું તેમ સામાનીઅન વંશના એક પાદશાહ અબુ સલીહ મનસુરના હુકમથી,તેના વજીર બદામીના કહેવાથી, અસલી પાદશાહ પેહેલવાનોને લગતી બાબદો કવિતામાં રચવા [illegible] હતી, તેણે ગુસ્તાસ્પની હકીકતથી પોતાની કવિતા શરૂ કરી હતી [illegible] હજુરતો તે એક હજાર બેતો રચે તેટલામાં એક ગુલામને હાથે [illegible] ગયો હતો. ફીરદોસી એના એ મરણનો ઈસારો કરી કહેછે કે એ બન[illegible] તેનાં મનમાં વીચાર આવ્યો કે દકીકીએ અધુરૂં મેલેલું કામ તે ત[illegible] કરે. તે કહેછે કે[1] જે ચોપડી ઉપરથી દકીકીએ પોતાની બેતો રચવા [illegible]ડી હતી તે ચોપડી મેલવવાની તેની ઈચ્છા થઈ કે તે તેનો પોતાની જુબાનમાં તરજુમો કરે. તેણે ઘણાકોને એ વાત કહી પણ તેને પોતાને પોતાની જીંદગી ઉપર ભરૂસો આવ્યો નહીં કે રખેને એ ગંજાવર કામ તેનાથી અધુરૂં રહી જાએ અને બીજાને હાથ જાય. વળી તેને પોતાની ગરીબી હાલતને લીધે પૈસાની બાબદની ચીંતા લાગી કે તેની મેહેનતનો કોઈ ખરીદદાર થશે નહીં. એ વાત તેનાં મનમાં ઘણો વખત સુધી રમ્યા

(૧) મોહલ વા. ૧. પા. ૧૯.

કીધી અને તેણે કોઇને કહી નહીં, પણ આખરે તેણે પોતાનાં શેહેરનાં એક મીત્રને એ વાત કહી. મોહલ પ્રમાણે તેની નકલનો એક સરેહ કરનાર એ મીત્રનું નામ મોહામેદ લશકરી કરી આપેછે. બાઇસિનગરખાન વાળો દીબાચો પણ એ મીત્રનું નામ એજ આપેછે. એ મીત્રએ કહ્યું કે જે પુસ્તક ઉપરથી દકીકીએ પોતે બેતો બનાવવા માંડ્યા હતા તે પુસ્તક તેની પાસે હતું. તેણે ફીરદુસીને તે પુસ્તક આપવા કહ્યું અને તેને ઘણી હીમત આપી કે હજુર તો તું જવાન છે અને તારામાં બોલવાની ઘણી સારી શક્તી છે માટે તું ખચીત એ કામ માથે ઉઠાવ. એ બાબે ફીરદોસી પોતે નીચે પ્રમાણે કહેછે.[1]

મરા ગોફ્ત્ ખુબ આમદ ઈન માએ તો
બનીકી ગરાયદ હમી પાયે તો
નબીશતે મન ઈન નામે એ પેહેલવી
બપીશે તો આરમ મગર નગ્નવી
કુશાદે જબાનો જવાનીત હસ્ત
સખુન ગોફ્તને પેહેલવાનીત હસ્ત
તો ઈન નામેએ ખુસ્રવાંન બાઝ ગુઈ
બદીન જુઈ નઝદે મેહાંન આબરૂઈ
ચુ આવુર્દ ઈન નામે નઝદીકે મન
બર અફ્રુખ્ત ઈન જાને તારીકે મન

[અર્થ]ો—તેણે મને કહ્યું કે આએ તારો વિચાર ઘણો સારો છે. તે તારા [પગ]જાને નેકીએ પોંહોચાડશે. આએ પેહેલવી લખેલું પુસ્તક હું [તા]રી આગળ લાવીશ. તું સુસ્ત ના થઈ જતો. તારામાં બોલવાની [તાક]ટ છે. તુને (હાલ) જવાની છે અને તારામાં પેહેલવાની સખુનો બો-[લવ]ાની શક્તિ છે. તું એ પાદશાહોને લગતાં પુસ્તક(ની બાબદ) ફરી- [થી] વર્ણન કર અને તેમ કરી મોટાં માણસો આગળ આબરૂ સોધ. [જ્]યારે તે એ ચોપડી મારી નજદીક લાવ્યો ત્યારે મારો આએ દલ- [ગી]ર થયલો જીવ રોશન થયો.”

[1]) મોહલ. વા. ૧. પા. ૨૦.

બાઇસિનગરખાનવાળા દીબાચા પ્રમાણે[1] ફીરદોસીએ પોતાનાં શેહેરના મહમદ મશુક નામના એક શેખની પણ સલાહ લીધી અને તેણે પણ તેને એ કામમાં હીમત આપી. એઓની હીમતથી ત્યારે એણે આગલા પાદશાહ પેહેલવાનોની હકીકત, મહમદ લશકરીએ આપેલા પેહેલવી પુસ્તક ઉપરથી શરૂ કરી. એ પુસ્તક દાનેશ્વરવાળું ખોદાએનામું હતું કારણ કે આપણે આગળ કહ્યું કે દકીકીએ પણ પોતાનું લખાણ, એ દાનેશ્વરવાળાં પેહેલવી પુસ્તકનાં ચકુબ લઇસની ફ્રરમાશથી અબદુર રઝકે કરેલા ફારસી તરજુમા ઉપરથી, બેતમાં રચવા માંડ્યું હતું.

શાહનામું શરૂકરવાનોસને–ફીરદોસીએ એ કામ શરૂ કર્યું ત્યારે એની ઉમ્મર ૩૬ વર્ષની હતી, એમ શાહાનામાંની છેવટનાં એના લખાણ ઉપરથી માલમ પડેછે. ત્યાં તે તે વખતે પોતાની ઉમ્મર ૭૧ વર્ષની જણાવેછે અને શાહાનામાંઉપર ૩૫ વર્ષ ગુજરેલાં જણાવેછે. તે ઉપરથી ખુલ્લું દીસેછે કે શાહાનામાને લગતું કામ તેણે શરૂ કર્યું ત્યારે તેની ઉમ્મર ૩૬ વર્ષની હતી. એ ગણત્રી પ્રમાણે ત્યારે એણે હીજરી ૩૬૫ માં એ કામ બરાબર હાથમાં લીધું. શાહનામાંનું કામ સરૂ ક[illegible] એ સનેને ફીરદોસીનાં બીજાં લખાણથી પણ ટેકો મળેછે. [illegible] જગ્યાએ કહેછે કે.

"સખુનરા નેગેહે દાશતમ સાલે બીસ્ત
બદાન તા સઝાવારે ઈન ગજ્જ કીસ્ત"

એટલે "વીસ વર્ષસુધી મેં મારા (લખેલા) સખુનોને જ[illegible] "રાખ્યા કે (ખાતરી કરૂં કે) એવા ખજાનાને લાયકનું કોણ[illegible]

ફીરદોસી અહીં શાહ મુહમદનો ઈસારો કરેછે કે તેની મુરબીગ[illegible] ઠલ મેં એ કામ તમામ કરવાનું માથે લીધું તેની ૨૦ વર્ષ આગમ[illegible] મારાં લખાણનો ઘણો ભાગ લખીને રહેવા દીધો હતો. ફીરદોસી "આસરે ૨૦ વર્ષ" કહેતો દીસેછે કારણ મહમુદ હીજરી ૩૮૭ માં ઉપર આવ્યો તેની બરાબર બાવીસ વર્ષ આગમચ એણે એ કામ

(૧) મેકન પા. ૨૩.

કર્યું હતું. મહમુદની મુરબ્બીગીરી હેઠલ એણે એ કામ શરૂ કર્યું તેની ઘણી આગમચ એણે એ લખવા માંડ્યું હતું તેને એનાં એક બીજી જગ્યાનાં લખાણથી ટેકો મળેછે. તે કહેછે કે

હમી ગોપ્તમ ઈન નામેરા ચન્દગાહ
નેહાંન શુદ ઝે કએવાનો ખુરશીદો માહ

એટલે "મેં કેટલોક વખત થયો આએ નામુ લખી રાખ્યું પણ તે શનિશ્ચર અને સૂર્ય અને ચંદ્રથી છુપું હતું."

એ તપાસ ઉપરથી દીસેછે કે ફીરદોસીએ શાહ મહમુદ ગીઝનીની ગાદી ઉપર આવ્યો તેની આસરે ૨૨ વર્ષ અગમચ શાહનામાને લગતું કામ શરૂ કર્યું હતું, એવી ઉમેદથી કે કોઈ માએનોપુત એની કદર બુજનાર નીકળી આવશે. બાઈસિનગરખાનના દીબાચાવાલો લખનાર અને બીજાઓ એવો ઈશારો કરતા દીસેછે કે ફક્ત શાહ મહમુદના કહેવાથીજ તેણે એ કામ શરૂ કર્યું હતું તે એ તપાસ ઉપરથી તદન ભુલભર્યું દીસેછે.

એક બીજી જગ્યાએ પણ ફીરદુસી એ બાબે કહેછે કે,–

મન ઈન નામે ફ્રૂરોખ ગીરફ્તમ બફાલ
હમીન રંજ બોરદમ બ બીસીઆર સાલ
ન દીદમ સર અફ્રાઝ બખ્શન્દેઈ
બ ગાહે કીઆન બર દરખ્શન્દેઈ

એટલે "મેં આએ મુબારકનામુ સારા સગનથી હાથ ધર્યું અને "ઘણાં વર્ષો તે ઉપર મેહેનત લીધી. મેં (તેપર) બક્ષીસ કરનાર કોઈ "બુલંદ મરતબેનો શખ્સ દીઠો નહીં, કીઆની તખત ઉપર કોઈ "ચલકાટ નાખનાર શખ્સ દીઠો નહીં."

અહીં ફીરદોસી ખુલ્લો ઇસારો કેરેછે કે શાહ મહમુદે તેને આસરો આપ્યો તેનાં ઘણાંક વર્ષો આગમચ તેણે એ કામ શરૂ કર્યું હતું પણ તેને કોઇ એની કદર બુજનાર મુરબ્બી મળ્યો નહીં હતો.

શાહાનામાનું પેહેલાં કયું દાસ્તાન હાથ ધર્યું–બાઇસનગરખાનવાળા દીબાચા પ્રમાણે એણે જે પેહેલી બાબદ હાથ ધરી તે જોહાક અને ફૂરેદુન વચ્ચેની લડાઈની હતી. એની એ બાબતના બેતો સાંભળવાને ઘણા લોકો ખાહેશમંદ હતા. એ વખતે એના શેહેરનો હાકેમ અબુ મનસુર નામનો હતો. તેણે ફીરદોસીના બેતોની તારીફ સાંભળી પોતે તે સાંભળવાની મરજી દેખાડી. તે બેતો સાંભળી તે ઘણો મગન થયો અને તેણે ફીરદોસીપર ઘણી નવાજેશ કીધી. તેણે ફીરદોસીની ઘણીક હાજતો તે વખતથી પુરી પાડવા માંડી. ફીરદોસી એ બાબે પોતાના દીબાચામાં નીચે પ્રમાણે કહેછે.

મરા ગોફ્ત કજ મન ચે આયદ હમી
કે જાનત સખુન બર ગેરાયદ હમી
બચીઝી કે બાશદ મરા દસ્ત રસ
બેકુશમ નેયાઝત નયારમ બકસ
હમી દાશ્તમ ચુન યકી તાઝે સીબ
કે અજ બાદ ન આયદ બ મન બર નહીબ

"મને કહ્યું કે મારીથી શું બની શકશે કે તેથી તારો જાન આએ "(કવિતાનાં) સખુનો કેહેવાપર મંડે. મારીથી જે પણ કાંઈ બની શ-"કશે તે માટે હું પોતે કોશીશ કરીશ, અને તારી હાજત હું "કોઈ આગળ નહીં લઈ જઇશ. તેણે મને એક તાજા સેપની માફક "જાળવી રાખ્યો કે પવનથી પણ મારી ઉપર કાંઈ નુકસાન આવે "નહીં."

ફીરદોસીના કમનસીબે એ ભલો અને કદરદાન હાકેમ થોડા વખતમાં મરણ પામ્યો. ફીરદોસી પોતાના દીબાચામાં એની મેહેરબાની માટે તારીફ કરી અને ઉપકાર માની એના મરણ માટે બહુ શોક કરે છે અને કહેછે કે તેના મરણથી મારૂં શરીર નેતરની માફક ધ્રુજવા લાગ્યું. ફીરદોસી તેની એક શીખામણ યાદ કરેછે કે તેણે મને કહ્યું હતું કે આએ તારૂં પાદશાહી પુસ્તક કોઈ પાદશાહનેજ અર્પણ કરજે.

હવે જ્યાંસુધી ફીરદોસી પોતાના તુસ શેહેરમાં હતો ત્યાંસુધી તેણે શાહાનામું ક્યાં દાસતાનસુધી લખ્યું હતું, તે તેના શાહાનામાના એક ઈસારા ઉપરથી માલમ પડેછે. સીઆવક્ષનું દાસ્તાન તમામ કરી તે પોતાની જઈફી માટે અને પોતાની ઉમ્મરનો મોટો ભાગ એ કામમાં પસાર કીધો તેમાટે બળાપો કરેછે. તે વખતે એટલે સીઆવક્ષનું દાસ્તાન તમામ કરતી વખતે તે પોતાની ઉમર ૫૮ વર્ષની જણાવેછે. એની એ ૫૮ વર્ષની ઉમ્મરે હીજરી ૩૮૭ નું સાલ હતું કે જ્યારે શાહ મહમુદ ગીઝનીના તખ્ત ઉપર આવ્યો હતો અને ત્યારપછી ફીરદોસી તેની દરબારમાં ગયો હતો. એ ઉપરથી ત્યારે દીસેછે કે ફીરદોસીએ પોતાની ૫૮ વર્ષની ઉમ્મરની આગમચ, એટલે પોતાનું તુસ શેહેર છોડી તે પાદશાહ મહમુદના પાયતખ્ત ગીઝની શહેર તરફ ગયો તે આગમચ, સીઆવક્ષનું દાસ્તાન લખ્યું હતું. આપણે એમ ચોકસ કહી નહીં શકીશું કે સીઆવક્ષ પછીનાં કોઈ દાસ્તાન એણે એ આગમચ નહી લખ્યાં હતાં અથવા સીઆવક્ષનાં વખતની આગમચનાં સઘળાં દાસ્તાન એણે એ આગમચ લખ્યાં હતાં, કારણ કે ફીરદુસીએ સઘળી બાબદ એક પછી એક પાદશાહોના વખતના અનુક્રમ પ્રમાણે હાથ ધરી હોય એમ ચોકસ કહી શકાતું નથી. આપણે આગળ જોયું કે એની જીંદગીનું વર્ણન લખનારાઓ પ્રમાણે એણે કયોમર્સથી જમશેદ સુધીનાં શરૂઆતનાં દાસ્તાનો મુકી દઇને પેહેલે જોહાક અને ફરીદુન-[illegible]ર કર્યું હતું. એટલા માટે ફીરદોસીનાં પોતાનાં લખાણના ઉપલા [illegible] ઉપરથી આપણે સલામત રીતે ફક્ત એ છેવટ ઉપર આવીએ [illegible] સીઆવક્ષનું દાસ્તાન તેના ૫૮ વર્ષની ઉમ્મરની આગમચ અને મહમુદની દરબાર માટે પોતાનું તુસ શેહેર છોડયું તે આગમચ હતું અને એજ ઇસારામાં જણાવવા પ્રમાણે કેખશરૂએ સીઆ[illegible]ં કીનામાં અફ્રાસીઆબ સાથે જે લડાઈ ઉઠાવી અને તેમાં રૂ[illegible]જે મોટો ભાગ લીધો તે સઘળું દાસ્તાન એણે ૫૮ વર્ષની ઉમ્મર [illegible] લખ્યું હતું.

દાસ્તાનનો અનુક્રમ— શાહામહમુદની દરબારમાં ફીરદુસી ગયો તેની આગમચ એણે સીઆવક્ષના વખતની પછીનાં પણ કોઈ દાસ્તાનો છુંટા છુંટા કદાચ લખી રાખેલાં હોય એમ વીચાર લઈ જવાનો સબબ છે. એણે ૩૬ વર્ષની ઉમ્મરે શાહાનામાને લગતાં કામની શરૂઆત કરી હતી તેથી સીઆવક્ષનું દાસ્તાન લખવાની એની ૫૮ વર્ષની ઉમ્મર સુધી તેણે ૨૨ વર્ષ એ કામપર રોકયાં હોય. હવે યઝદજર્દ શેહેરીઆરનાં દાસ્તાનની છેવટે તે જણાવે છે તેમ ૭૧ વર્ષની ઉમ્મરે તેણે શાહાનામાનું કામ તમામ કર્યું હતું. સીઆવક્ષનું દાસ્તાન લખવાના અને યઝદજર્દનું દાસ્તાન પુરૂં કરવાના એ વખતો વચ્ચે ત્યારે ફક્ત ૧૩ વર્ષનો ગાળો ગુજરેલો હતો. હવે આપણે શાહાનામાના એતો તરફ જોઇએ છીએ તો શરૂઆતથી તે સીઆવક્ષસુધીનું લખાણ આખા શાહનામાના ચોથા ભાગથી પણ ઓછું છે. ત્યારે જો આપણે એમ વીચારીએ કે ફીરદુસીએ સઘળું શાહનામું પાદશાહોના વખતના અનુક્રમ પ્રમાણે એક પછી એક એમ લખ્યું હતું તો એમ બને છે કે સીઆવક્ષનાં દાસ્તાન સુધીનો એક ભાગ લખતાં તેને ૨૨ વર્ષ થયાં પણ સીઆવક્ષથી યઝદજર્દ સુધીનો ત્રણગણાંથી વધારે ભાગ લખવાને તેને વધારે વર્ષ થવાને બદલે ફક્ત ૧૩ વર્ષ થયાં. એ વીચાર ઉપરથી ત્યારે વધારે સંભવીત એ દીસેછે કે ફીરદુસીએ પોતાનું શાહાનામું સઘળું બાદશાહોના વખતના અનુક્રમ પ્રમાણે નહીં લખ્યું હોય. શાહા મહમુદની દરબારમાં જવા આગમચ કદાચ તેણે સીઆવ[ક્ષ...] [પ]છીનાં પણ કોઈ દાસ્તાનો લખી રાખ્યાં હોય. એવું દીસે છે કે એણે છુટાં દાસ્તાનો અવારનવાર લખી રાખ્યાં હોય અને પછી શાહા[મહ]મુદની દરબારમાં આગલા પાદશાહ પેહેલવાનોને લગતી વધુ હ[કીકત] જે તે પાદશાહે ઘણી ઉલટથી એકઠી કરી હતી તે ઉપરથી તે દાસ[્તાનો] તેણે સુધાર્યાં અને વધાર્યાં હોય અને પછી તેઓને અનુક્રમે ગોઠવ્યાં

તુસ શેહેર છોડી શાહા મહમુદની દરબારમાં જવ[ાનો] સબબો— તુસ શેહેર છોડી શાહા મહમુદની દરબારમાં ગીઝની

વાના કેટલાક સબબો જણાવવામાં આવે છે. બાઈસિનગરખાનના દીબાચા પ્રમાણે એક સબબ એ હતો કે શાહા મહમુદે રાજગાદી ઉપર આવ્યા પછી ફીરદુસીની શાએરીની તારીફ સાંભળી તેથી તેણે તુસના હાકેમ અરસલાનખાન, જે અબુમનસુરના મરણ પછી હાકમી ઉપર આવ્યો હતો, તેની ઉપર હુકમ મોકલ્યો કે ફીરદુસીને ગીઝની મોકલવો. અરસલાને ફીરદુસીને બોલાવી મંગાવી એ હકીકત કહી. ફીરદુસીએ આનાકાની કીધી પણ પછી શેખ મહમદ મઅશુક જેણે તેની આગળ હીમતનાં સખુનો કહ્યા હતા તેના શબ્દો તેને યાદ આવ્યા કે 'તારી મોરાદ હીમત પકડવાથી બર આવશે.' એ ઉપરથી તેણે કબુલ કીધું અને ગીઝની તરફ ગયો.

ફીરદુસીનો ગીઝની જવાનો સબબ બીજાઓ એમ આપેછે કે તુસનો એક સરકારી અમલદાર જેનું કામ મેહેસુલ ઉઘરાવવાનું હતું તેણે ફીરદુસીને અપમાન કરવાથી અને હેરાન કરવાથી તે પોતે ખુદ શાહા મહમુદ આગલ તે બાબે ફર્યાદ કરવાને ગીઝની ગયો. એ બેઉ સબબો માટે ફીરદુસી પોતાના લખાણમાં મુદલ ઈસારો કરતો નથી. જો શાહા મહમુદે પોતેજ તેને બોલાંવ્યો હતે તો પોતાના દીબાચામાં જ્યાં તે એ શાહની તારીફ કરેછે ત્યાં એ વાત મોટી ઉક્માઈ સાથ જણાવતે કે શાહે પોતે મને પોતાની દરબારમાં બોલાવ્યો. બીજું જો ઉપલાં સરકારી અમલદારથી હેરાન થવાનો સબબ ખરો હોતે તો ફીરદુસી જેવો શાએર જે પોતા ઉપર પડેલાં સંસારી, રાજદ્વારી અને તંદરોસ્તી સંબંધી દુખોના તરેહવાર શાએરી ઈસારાઓ કરેછે તે એ બાબતનો ઈસારો કર્યાવગર રહેજ નહીં.

એની ગીઝનીની મુલાકાતનો ત્રીજો સબબ જે જણાવવામાં આવેછે અને જે વધારે ખરો દીસેછે તે એ છે કે ફીરદુસી પોતે પોતાની ખુશીથી શાહા મહમુદની મદદ અને આસરો મેળવવાની ઉમેદમાં ત્યાં ગયો. તેણે સાંભળ્યું કે એ પાદશાહ આગલી તવારીખનો શોખીન છે અને ઈરાની સાહીત્યનો મુરબ્બી છે, અને તેની દરબાર એક જાતનું વિદ્યા-

લય થઈ પડ્યું[1] છે, તેથી તે પોતાની ખુશીથી પોતાના શાહાનામાને લગતાં કામ માટે શાહા મહમુદમાં એક મુરબ્બી મેળવવાની ઉમેદથી ત્યાં ગયો. તુસના આગલા હાકમ અબુ મનસુરે તેને જે સલાહ આપી હતી કે તેણે પોતાના પાદશાહી પુસ્તક માટે એક પાદશાહની મદદ મેળવવી તે સલાહ ધ્યાનમાં રાખીને તે એ નવા પાદશાહના મુલક તરફ ગયો હોય. પોતાના દીબાચામાં શાહા મહમુદની તારીફમાં જે બેતો તે કહેછે તેમાં જણાવવા પ્રમાણે ફીરદુસીને પોતાને, મહમુદની તારીફ સાંભળી, ત્યાં જવાનું મન થયું હોય એમ દીસે છે. ફીરદુસી એ બાબે પોતાના કોઈ ગીઝનીના મીત્ર સાથ પત્રવેહેવાર ચલાવી તેની કુમક ઉપર આધાર બાંધી નીકળ્યો હોય એમ દીસે છે. મો. મોહલ કહેછે તેમ સંભવીક છે કે શાહા મહમુદ અને ફીરદુસી બેઉએ એકમેક માટે, તારીફ સાંભળી એકબીજાને સોધ્યા હોય. શાહા મહમુદ, તેણે પોતે અસલી પાદશાહ પેહેલવાનોને લગતી જે હકીકતો એકઠી કરી હતી તેને માટે, કોઈ લાયક શાએરની ખોળમાં હતો. અને ફીરદુસી, પોતે જે લાંબો વખત થયો અસલી પાદશાહ પેહેલવાનોનાં દાસ્તાનો બેતોમાં રચતો હતો તે પોતાના કામમાટે એક મુરબ્બીની ખોળમાં હતો. તેથી તેઓ બેઉ પારકી થોડી સીફારસથી, એકમેક તરફ ખેંચાયા હોય એ ઘણું સંભવીક છે.

ફીરદુસીની ગીઝની તરફ મુસાફરી, હેરાતની મંજલ, હેરાતમાં ખોટી— શાહા મહમુદની દરબારમાં ગીઝની તરફ જતાં તેને માર્ગમાં હેરાતમાં થોડેકસુધી ખોટી રહેવું પડ્યું હતું એમ કેટલાકો જણાવે છે. બાઈસનગરખાનવાળા દીબાચા પ્રમાણે

---

૧ પીકેરીંગ કહેછે તેમ જેમ ઈંગલાંડની તવારીખરૂપી દંતકથામાં આરથરની અને પાછલી તવારીખમાં ત્રીજા એદવર્ડ રાજાની ગોળમેજ (Round Table) જણાયલી છે કે જેની આજુબાજુ એ પાદશાહોનાં આમંત્રણથી દેશદેશના બહાદુર વીરો ભેગા મળતા તેમ મહમુદની દરબાર એકજાતની ભણેલા પુરૂષોની ગોળમેજ થઈ પડી હતી જ્યાં નામીચા શાએરો ભેગા મળતા હતા. (નેશનલ રીવ્યુ વોલમ ૧૪ પા. ૭૯૮).

જ્યારે ગીઝનીમાં ફીરદુસીની તે તરફ અવવામાટે નીકળવાની વાત ખબર પડી ત્યારે બદીઉદ્દીન નામનો એક સરકારી મોટો અમલદાર અનસરી અને રૂદકી નામના મોટા દરબારી કવિઓ આગળ ગયો અને તેઓને કહ્યું કે, ફીરદુસી અહીં આવે અને તેને અસલી પાદશાહ પેહેલવાનોને લગતી કેતાબ કવિતામાં ગોઠવવામાટે સોપવામાં આવે એ સારૂં નહીં. એથી એવું માલમ પડે કે દરબારના કવિઓમાં એ કામની કાંઈ શક્તિ નથી. ફીરદુસીના અહીં આવવાથી ઘણી ખેજાલત યાને હીનપસ્તી લાગશે. ત્યારે અનસરી અને રૂદકીએ કહ્યું કે આપણાથી પાદશાહને કેહેવાઈ શકાતું નથી કે ફીરદુસીને રસ્તામાંથી પાછો ફેરવે. માટે આપણે કોઈ એવી કોશીશ કરવી જોઇએ કે ફીરદુસી પોતેજ આવે નહીં અને કાંઈ બાહનું શાહઉપર મોકલે. એ વીચારથી અનસરી અને રૂદકીએ ફીરદુસી ઉપર માર્ગમાં એક કાસદ મોકલ્યો જે તેને હેરાતમાં મલ્યો. તેઓએ તેની તરફ સઘળી દોસ્તી અને મીત્રાચારીનું ડોળ ઘાલ્યું અને કેહેવાડ્યું કે શાહા મહમુદે પેહેલ વેહેલાં તેને (ફીરદુસીને) બોલાવવા માટે હોકમ મોકલ્યો હતો. ત્યાર પછી ફરીથી તે વાત તેણે યાદ પણ કરી નથી અને દરબારમાં તે બાબે સુદલ વાત પણ થઈ નથી અને હાલમાં ફીરદુસીના આવવા તરફ કાંઈ પસંદગી નથી. એવી રીતનો દીલ ઉતારી નાખનારો પેગામ ફીરદુસીને હેરાતમાં મલવાથી ફીરદુસીનું દીલ ગીઝની જવા માટે ઢચુપચુ થઈ ગયું અને તુસ તરફ પાછું ફરવા ચાહ્યું. તોપણ તેને વહેમ ગયો કે કદાચ પોતાની કોઈ મતલબને ખાતર તેઓએ એમ કહેવાડ્યું હોય એમ ધારી પોતાને શેહેર પાછો ફરવાને બદલે તે હેરાતમાંજ અબુબેકર વરાકની ધર્મશાળામાં થોડા દીવસ બેમાલુમ રીતે રહ્યો. એવામાં એવું બન્યું કે પેલા બદીઊદ્દીનને અનસરી અને રૂદકીસાથે કજીઓ થયો. એઓએ ફીરદુસીને પાછો ફેરવવાનો વાંક તેને લાગુ પાડ્યો. તેણે તુરત એક કાસદ ફીરદુસી ઊપર મોકલ્યો કે તેને અનસરી અને રૂદકીએ જે બી કાંઈ આગળ કેહેવાડ્યું હતું તે સઘળું ખોટું હતું અને અદેખાઇને લીધે હતું. માટે તેનામાં (ફીરદુસીમાં) જો સખુન બોલવાની (શાએરીની)

શક્તિ તેઓની બરાબર હોય તો તુરત ગીઝની આવવું. એ પેગામ મળવાથી ફીરદુસી ગીઝની તરફ ગયો. ફીરદુસીને માટેની અદેખાઇને લગતી ઊપલી અને બીજી વારતાઓ જે કેટલાકો જણાવે છે તે કેટલી હદસુધી ખરી છે તે ચોકસ કહી શકાતું નથી કારણ કે ફીરદુસી એ બાબે પોતે કાંઈ ઈસારો પોતાનાં લખાણમાં કરતો નથી. પણ સાહિત્યની મુરબીગીરી કરનાર એક પાદશાહની દરબાર જે કેટલાક શાએરોથી ભરપુર હતી તેમાં એક નવા આવનારા તરફ જુના કવિઓ અદેખાઈથી જોએ એમાં અજબ જેવું કાંઈ નથી. કહે છે કે ફીરદુસી બદીઉદદીનનાં પેગામનો નીચલો જવાબ મોકલી પોતે ગીઝની ગયો.

બગુશ અઝ સરૂશમ બસી મુઝદહાસ્ત
દેલમ ગંજે ગોહર ઝબાન અઝદહાસ્ત
ચે સનજદ બમીઝાને મન અનસરી
ગીહા ચું કશદ પીશે ગુલબન સરી
અઝ બીદાનશી બાશદો કુદકી
કે રાએ ફઝુની ઝનદ રૂદકી

અર્થ—સરોશ (યઝદ) થી મારા કાનમાં ઘણી સારી ખબરો આવીછે. મારૂં દીલ ઝવેરનો ખજાનો છે અને મારી જબાન અઝદહા (ની મીસાલે) છે. મારા તરાજુમા અનસરીનો શું ભાર? ગુલાબની આગલ એક ઘાસનું તણખલું પોતાનું માથું કેમ ઉંચકી શકે? રૂદકી જો મોટાઇનો વીચાર મનમાં રાખતો હોય તો તે તેની કમઅક્કલ અને નાદાનીને લીધે છે.

ગીઝની બાહેરના બાગમાં દરબારી કવિઓ સાથ મુલાકાત— કહે છે કે ફીરદુસીએ ગીઝની શેહેર આગળ આવી એક બાગમાં આસાએશ લીધી અને એક કાસદને શેહેરમાં પોતાની આવવાની ખબર મીત્રોને જણાવવાને મોકલ્યો. પોતે હાથ મોઢું ધોઈ નીમાજમાં મશગુલ થયો. એ વખતે અનસરી ફર્રોખી અને અસજદી નામના શાહાની દરબારના ત્રણ નામીચા શાએરો એ બાગમાં

ઊજાણી આવ્યા હતા. ફીરદુસી નેમાજથી ફારેગ થઇ એઓના તરફ જવા લાગ્યો. ત્યારે તેઓને પસંદ ન પડયું કે એક અજાણ્યો શખ્સ આવી તેઓની ખાનગી મોજમજાંહમાં ખલલ કરે. તેથી તેઓમાંના એકે કહ્યું કે આપણે કોઈ જાતની મસ્તી કરી એને આપણેથી દુર કરીયે. અનસરીને એ વાત પસંદ નહીં આવી. ત્યારે બીજાએ કહ્યું કે આપણે ત્રણે કવિઓ એકેક કવિતાની લીટી જોડી કાહાડીએ અને એને કહીએ કે એ પણ જો ચોથી લીટી તેના કાફીઆ સાથની જોડી કાહાડે તો તે આપણી સંઘાતને લાયકનો ગણાય, નહીં તો તેણે આપણી આગળથી જતું રહેવું. એ બોલવું સર્વેએ કબુલ કર્યું અને ફીરદુસીને તે હકીકત જણાવવાથી તેણે પણ કબુલ કર્યું અને કહ્યું કે "હું કોશીશ કરી જોઉં." એ ઉપરથી ત્રણે કવિઓ એક ખુબસુરત ઓરતની સીફતમાં નીચે પ્રમાણે કવિતાની ત્રણ લીટીઓ બોલ્યા અને ફીરદુસીએ ચોથી લીટી જોડી આપી.

અનસરી—ચું આરેઝે તો માહ નબાશદ રોશન
ફરૂખી—માનન્દે રૂખત ગુલ નબુવદ દર ગુલશન
અસજદી—મીઝગાનત ગુઝર હમી કુનદ દર જુશન
ફીરદુસી—માનન્દે સનાને ગીવ દર જંગે પશન

અર્થ—તારા ગાળ મીસાલ હોતો નથી રોશન કોઈ માહ
તારા ચેહરા મીસાલ નથી બાગનું ફુલ ખુશનુમાં.
ભવાં તારાં બખતર ચીરી થાય છે પસાર.
જેમ ગેવનો નેજો પશનની લડાઇને પાર.

એ કવિઓને ગેવ અને પશનની લડાઈની હકીકતની ખબર ન હતી. તે તેઓએ ફીરદુસીને પુછી. તે તેણે કહી અને ત્યારપછી ફીરદુસીને એ ત્રણે શાએરોસાથે જાહેરમાં દોસ્તી બંધાઈ, જોકે બાતેનમાં તેઓ તેની અદેખાઈ કરતા હતા. કેટલાકોના કહેવા પ્રમાણે એકદમ કવિતા જોડવાની એ વાત ગીઝનીની બાહેરના બાગમાં નહીં બની હતી પણ પાછલથી શાહા મહમુદની દરબારમાં બની હતી. શાહે એ ત્રણે શાએરો અને ફીરદુસીની કાબેલીઅત તપાસવા તેઓને કવિતાની ચાર લીટીઓ

કાફીઆ સાથની એકદમ જોડવા કહી. પેહેલા કવિએ કાફીઆ સારૂ છેલ્લે શન આવે એવો શબ્દ પસંદ કર્યો કે જે શનના કાફીઆ સાથના રોશન ગુલશન અને જુશનં એવા ત્રણજ શબ્દો છે. સામાન્ય નામનો એવો 'શન'ના છેડાનો કોઇ બીજો શબ્દ બાકી નહીં હોવાથી ફીરદુસીએ પોતાનું આગલી તવારીખને લગતું જ્ઞાન કામમાં લાવી તુરત 'પશન' કરી વિષેશનામવાળો શબ્દ કામમાં લેઈ લીધો. ફીરદુસીની એ હુશીઆરી ઉપરથી તેને સાંભળનારાઓ તેની તારીફ કરવા લાગ્યા. મોલ ધારે છે કે એ કવિતા જોડવાની હરીફાઇનો બનાવ એક બાગમાં બને તેના કરતાં શાહ મહમુદની દરબારમાં બને એ વધારે સંભાવિક છે કારણ એ શાહની દરબાર સાહિત્ય અને એલમનું એક વિદ્યાલય થઈ પડી હતી માટે શાહે પોતાના નામીચા કવિઓનીસાથે ફીરદુસીની સરખામણી કરવા એ તપાસ કરી હોય.

હવે કહે છે કે જ્યારે ફીરદુસી એ બાગમાં હતો ત્યારે ત્યાં શાહા મહમુદનો એક અમલદાર નામે *માહક આવ્યો હતો અને તેને ફીરદુસી સાથ પીછાન થઈ. ફીરદુસીની વાકચાતુરી અને અક્કલથી તે ખુશી થયો અને તેની ઊપર મેહેરબાની દેખાડવા લાગ્યો અને તેને પોતાને ઘેર ખાણા ઉપર લઈ ગયો. ખાણું ખાઈ રહ્યા પછી તેણે ફીરદુસીને તેની સઘળી હકીકત પુછી. ફીરદુસીએ પોતાની સઘળી હકીકત અવલથી તે આખેરસુધી કહી. પછી માહકે ફીરદુસીને 'સઇર અલ-મલુક' નામની કેતાબની વાત જણાવી કે તે પાદશાહની દરબારમાં આવી હતી અને પાદશાહે પોતાના કવિઓને એકેકું દાસ્તાન કવિતામાં રચવાને સોપ્યું હતું. ફીરદુસી એ સાંભળીને ખુશી થયો અને પોતાની પણ કાંઈ કવિતામાં રચવાની શક્તિ અને મરજી જણાવી અને પોતે પાદશાહની મુલાકાત લેવાની ઇચ્છા જણાવી. ફીરદુસીએ પાદશાહને સૂર્ય સાથ સરખાવ્યો અને પોતાને સૂર્યનાં એક કીરણમીસાલ ગણ્યો અને કહ્યું કે જેમ એક કીરણ સુરજ પાછલ જાય છે તેમ મને પાદશાહ આગળ જવાની ઇચ્છા થાય છે.

---

* અમીન અહમદ રાઝીના હફતએકલીમ નામના સંગ્રહમાં એ બાબદ જણાવીછે.

બુવદ ઝરરેહ અબુ કાસમ વ શાહ મેહેર
પએ મેહેર ઝરરેહ રવદ તા સેપહેર

અર્થ—અબુકાસમ (ફીરદોસી) એક કીરણ છે અને શાહ સૂર્ય છે. કીરણ સૂર્ય પાછલ છેક આસમાન તલક જાય છે.

માહકે પાદશાહ સાથ મુલાકત કરાવવાનું કબુલ કીધું. પણ આજ દીનસુધી ફીરદોસી વિષે પાદશાહ આગલ કાંઇપણ વાત કરવાને તેને લાગ ફાવ્યો નહીં. એક દીને તેણે આવી ફીરદોસીને વળી જણાવ્યું કે શાહે જુદા જુદા શાએરોને જે કવિતા રચવા આપી હતી તેમાં અનસરીની સોહેરાબ રૂસ્તમ વિષેની કવિતા શાહને પસંદ પડી હતી.

એ શાએર અનસરી પાછલથી ફીરદોસીની કવિતાથી એવો તો ખુશ થઈ ગયો હતો કે તેણે એ શાએરમાટે નીચલા શબ્દો કહેલા જણાવવામાં આવે છે.

આફ્રીન બ રવાને ફીરદોસી
આન હોમાયુન નેહાદ ફરખન્દે
ઊ ન ઊસ્તાદ બુદ વ મા શાગેર્દ
ઊખોદાવન્દ બુદ વ મા બન્દે.

અર્થ—ફીરદોસીનાં રવાન ઉપર આફ્રીન હોજો, જે મુબારક તોખમનો બખતાવર હતો. તે ઊસ્તાદ હતો અને અમો શાગર્દ હતા એટલુંજ નહીં પણ તે અમારો સાહેબ હતો અને અમો બંદા હતા.

શાહસાથે પેહેલી મુલાકાત— માહકથી દાસ્તાન રચવાની વાત સાંભળી ફીરદોસીએ રૂસ્તમ અને અસફંદીઆરનું દાસ્તાન જે તેણે આગલ લખેલાં દાસ્તાનોમાનું એક હતું તે તૈયાર કર્યું અને માહકને આપ્યું કે તેણે તે શાહા મહમુદને પોંહોચાડવું. ફીરદોસીએ તેને કહ્યું કે એ દાસ્તાન અનસરીનાં દાસ્તાન અને કવિતા કરતાં સરસ છે. તેની સાદતમાં તેણે નીચલા બેતો માહકને કહ્યા.

"અરૂસી દરખશ્દેહ ચુન આફતાબ
નેહાંન લેક દર ચાદરે મશ્ક નાબ

ચુરૂહ અલકદસ પએકરશ અનવરી
ને અજ આલમે ઓનસરે અનસરી
દરખશાન જેઝીરે નેકાબે મોરાદ
ચું આબે ખજર દરમીઆંને સવાદ"

અર્થ—(તે કવિતા) સુરજના જેવી ચલકતી એક કંન્યા છે, પણ તેણી સ્વચ્છ કસ્તુરીના પરદા પાછલ છુપાયલી છે. પવીત્ર રૂહની મીસાલે તેનો ચેહેરો રોશન છે. અનસરીની માફક તે શરીરી તત્વોની બનાવેલી નથી. જેમ ખજરનું (શોધી કાહાડેલું આબે હૈયાતનું) પાણી અંધારામાં ચલકે છે તેમ તે મોરાદના બુરખા હેઠલ ચલકે છે.

શાહને તે પસંદ પડ્યાથી પુછયું કે તે કોણે લખ્યું હતું. માહકે ફીરદોસીની સઘળી હકીકત શાહા મહમુદને કહી.[1] શાહે ફીરદોસીને દરબારમાં તેડાવ્યો અને તેને એ દાસ્તાન વિષે અને બીજી દાસ્તાનોવિષે પુછયું. ફીરદોસીએ શાહ ઉપર દુઆ કરી અને પોતાનાં દાસ્તાનની હકીકત કહી. શાહ તેની વાતઉપરથી ખુશી થયો. પછી શાહે તેને તેનાં વતન તુસ શેહેરને લગતી હકીકત પુછી અને તેમાં પુછયું કે તુસ શેહેરને કોણે બાંધ્યું હતું. ફીરદોસીએ એ શેહેરની સ્થાપનાવિષેની આગલી હકીકત પાદશાહને કહી સંભળાવી.[2] તેથી પાદશાહે

(૧) જેઓ કહે છે કે ફીરદોસી તુસ શેહેરના એક અમલદારની ફ[રી]યાદ કરવા- માટે શાહની દરબારમાં ગયો હતો તેઓ કહે છે કે માહકે એ વાત [પ]ણ શાહને કહી. તેઓના જણાવવાપ્રમાણે ફીરદોસીએ પણ પાછલથી શાહ સાથ [વા]ત કરતાં એ વાત તેને જણાવી.

(૨) ફીરદોસીએ પાદશાહને તુસ શેહેરની સ્થાપનાવિષે નીચલી હકીક[ત] કહી— મીનોચેહેરના છોકરા નોઝરના છોકરા તુસે એ શેહેર સ્થાપ્યું હતું. એ[ક] વખત પાદશાહ કૈખસરૂએ તુસ શાહજાદાને તુરાન તરફ મોકલ્યો કે અફ્રાસીઆ[બ] સાથે લડાઇ કરે. પણ તેને તાકીદ કીધી હતી કે તેણે કેલાતનો માર્ગ લેવો નહીં કે [જ]હાંય તેનો સાવકો ભાઈ ફરૂદ જે પીરાન વેસેની છોકરીનેપેટે સીઆવક્ષ[થી જ]ન્મ્યો હતો અને જે જરા જાહેલ અને તુંદ સ્વભાવનો હતો તે ત્યાં રહેતો [illegible] તેનીસાથે લડાઈ ઉઠાવે. જ્યારે તુસ તુરાનની સરહદ ઉપર જ[illegible] પો-

આગલી તવારીખ અને પાદશાહ પેહેલવાનોને લગતી હકીકત વિષેના તેના જ્ઞાનમાટે ઊંચું મત બાંધ્યું. પછી શાહે દરબારમાં પોતાની આગલ કવિઓને બોલાવી તેઓસાથે ફીરદોસીની પીછાન કરાવી કે તેણે અસપંદીઆર અને રૂસતમનું દાસ્તાન બેતમાં લખ્યું છે. મીજલસનાં બુજોર્ગો અને કવિઓ તેથી અજબ થયા. પછી પાદશાહે ફીરદોસીને ખેલાત બખશી. કહે છે કે એ મીજલસ પછી અને ફીરદોસીનું લખાણ સાંભળવા પછી શાએર અનસરી જે સર્વ શાએરોમાં ચહડતો હતો તેની ફીરદોસી સાથની મીત્રાચારી વધી અને તેણે ફીરદોસીના બેતોની સીફતમાં નીચલા બેતો કહ્યા.

"ચે નજમ અસ્ત કજ નસર બેહતર બુવદ
ચે શઅર અસ્ત કજ શઅરી અજહર બુવદ
રવાન બર જબાન હમ ચું જાન દરબદન
કે ગુયદ દર ઈન અસ્ર ચુન ઊ સોખન."

અર્થ–કેવી સરસ કવિતા છે? તે ગદ્ય કરતાં પણ સરસ છે. કેવી સરસ કવિતા છે? સર્વ કવિતા કરતાં રોશન છે. જેમ શરીરમાં જીવ ચાલુ રહે છે તેમ તેની જબાનપર કવિતા ચાલુ છે. આએ વખતમાં તેના જેવાં સખુન કોણ બોલે છે?

પછી અનસરીએ તેના હાથ ઉપર બોસો લઈ ફરીથી નીચલા સીફતનાં સખુનો કહ્યા.

"સોખન ગરચે આમદ જે ચર્ખે બુલંદ
તો બાજશ બરઆન બોર્દી અએ હુશમંદ

હોચ્યો ત્યારે તેણે શાહનાં કહેવા ઉપર ધ્યાન નહીં આપ્યું અને કેલાતને માર્ગથીજ પસાર થયો અને તેની અને ફરૂદ વચ્ચે લડાઇ થઇ તેમાં ફરૂદ માર્યો ગયો. પાદશાહ કૈખસરૂને એ વાતની ખબર પડવાથી તે તુસ ઉપર ઘણો રીસે ચહડયો કે મેં તુંને મારો બાપ જેને અફ્રાસીઆબે મારી નાખ્યો હતો તેનો કીનો લેવા મોકલ્યો તેને બદલે સામો મારા ભાઇને મારી નંખાવ્યો. તુસ જ્યારે તુરાનથી પાછો ફર્યો, ત્યારે પાદશાહ કૈખસરૂની દરબારમાં જવાની તેની હીમત નહીં ચાલી તેથી તેણે ત્યાં એક જુદો કસબો વસાવ્યો અને તેનું નામ પોતાના નામઉપરથી તુસ કરી રાખ્યું.

તો દાદી દરઇન અરસે દાદે સખુન
કે બાદી સતુદે બહર અનજુમન
નમુદે હોનર અનસરત બે શુમાર
બેમાનદ ચુ નામત સખુન યાદગાર
તો શાહનશાહે મુલકે નઝમે દરી
બે બન્દદ બ પીશત કમર અનસરી.

અર્થ–જોકે સખુન (કવિતા) બોલવાની શક્તિ બુલંદ આસમાનપરથી ઊતરી છે (એટલે એક કુદરતી બક્ષીસ છે) તોપણ ઓ દાનાવ! તું તેને પાછો તે (આસમાન એટલે બુલંદ હાલત) તરફ લઈ ગયો છે. આએ વખતે તેં સખુનોને (એવો) ઇનસાફ આપ્યો છે કે તું દરેક મીજલસનાં વખાણ પામશે. તારી જાતી ખાશીએતે ઘણા હુનરો દેખાડ્યા છે કે જેથી તારા સખુનો તારા નામની મીસાલે યાદગાર રહી જશે. હાલની ફારશી જબાનની કવિતાના મુલકનો તું પાદશાહ છે. તારી આગળ અનસરી કમર બાંધીને (સેવામાં) ઉભો રહે છે.

વળી કહે છે કે એ મીજલસમાં શાહમહમુદે પોતાના કવિઓને કહ્યું કે શાહના માનીતા ગુલામ આયાજની દાહડી અને ગેબીઆની સીફતમાં બે બેતો તુરતાતુરત જોડવી. સઘળાઓએ ફીરદોસીની તપાસ લેવા તેને ઇશારત કીધી. ફીરદોસીએ જોડેલા બેતોથી શાહા મહમુદ ખુશ થઇ ગયો. તેને ઘણો નવાજ્યો અને કહ્યું કે " મારી મીજલસને તુંએ બેહેસ્ત (ફીરદોસ) ની માફક રોશન કરી છે. " પાદશાહના એ વાપરેલા ફીરદોસ શબ્દ ઉપરથી કહે છે કે તેને ફીરદોસીનું નામ મલ્યું. શાહ સામેની કવિતામાં ફીરદોસીએ બાબદનો ઇસારો કરતો દીસે છે.[1]

(૧) એ બેતો નીચેપ્રમાણે છે.

મસ્ત અસ્ત બુતા ચશ્મે તો વ તીર બદસ્ત
બસ કસ કે જે તીરે ચશ્મે મસ્તે તો નજસ્ત
ગર પુશદ આરેજત જરરેહે ઓજરશ હસ્ત
કજ બતીર બે તરસદ હમે કસ ખાસ્સે જ મસ્ત

અર્થ—ઓ ખુબસુરત મરદ! તારી આંખો મસ્ત છે અને તારા હાથમાં તીર

એ ઉપરથી પાદશાહે ફીરદોસીને 'સઇર અલમુલુકવાળા' પુસ્તકને લગતી હકીકત બેતમાં લખવાનું કામ સોંપ્યું અને તે માટે પોતાના મેહેલની પાસે ફીરદોસીનેમાટે એક ઓરડો તૈયાર કરાવ્યો અને તેમાં દીવાલો ઉપર પેહેલવાનોનાં અને લડાઇનાં હથીઆરોનાં અને જનાવરો વીગેરેના ચીત્રો ચીતરાવ્યાં કે તેથી ફીરદોસીને પોતાની કવિતા લખતાં તે ચીત્રો જોઈ નામો તુરત યાદ આવે. એ ઓરડામાંથી એક બારણાને રસ્તે ફીરદોસીને શાહના ખાનગી બાગમાં પણ રમુજ માટે જવાનો હક હતો. ફીરદોસીએ અહીં પોતાનું શાહનામું સંપૂર્ણ કરવાનું કામ શરૂ કીધું. તેના ઓરડામાં એક ગોલામ અને શાહના માનીતા ગુલામ અયાઝ સીવાય બીજા કોઇને જવાનો હુકમ ન હતો. શાહ ફીરદોસીના બેતો ઉપર ઘણો મોહીત હતો અને કેહેતો કે "મેં ઘણીવાર એવાં દાસ્તાનો સાંભળ્યાં છે પણ ફીરદોસીનાં દાસ્તાનની અસર અને જમક ઓરજ રીતનાં છે. આપણી સુસ્ત લાગણીઓને તે અજબરીતે ઉસકેરે છે."

વલી કહેછે કે શાહની દરબારમાંજ શાહમાટે ફીરદોસીએ તત્કાલ નીચલી લીટીઓ જોડી તેથી પણ શાહ તેની કવિતરીકેની શક્તિમાટે ખુશી થયો.

ચુ કુદક લબ અઝ શીરે માદર બે શુસ્ત
બ કેહવારે મહમુદ ગુયદ નખુસ્ત

અર્થ—જ્યારે બચ્ચું હજુરતો માએના દુધથી પોતાના હોઠ ભીજવેછે ત્યારે પારણામાં પેહેલે મહમુદનું નામ દીએછે.

દો ચીજ બર તો બી ખતર બીનમ
કાનરા ખતરસ્ત નજદે હર મેહેતર

છે. ઘણા શાખસો છે કે જેઓ તારી મસ્ત આંખોનાં તીરથી છટકી શક્યા નથી. અગર જો તારો ચેહરો બખતર પેહેરે તો તેમ કરવાનું વાજબી કારણ છે, કારણ કે સઘળાઓ તીરથી અને ઘણું કરીને મસ્ત લોકોનાં તીરથી ડરેછે.

દીનાર ચું બર નહીં બસર બર તાજ

દર મઅરકે જાન ચું બરનેહી મગપૂર

અર્થ—બે ચીજો કે જે બીના મોટા સરદારો મોટી બીસાદની ગણેછે તેને હું જોઉં છું કે તું બીસાદ વગરની ગણેછે. (એક એકે) જ્યારે તું તાજ પેહેરેછે ત્યારે દીનાર (એટલે દીનારને બીસાદ વીનાનો ગણી તું તેને સખાવતમાં આપી દેછે). (બીજું) જ્યારે તું લડાઈની કોલાહ પેહેરેછે ત્યારે લડાઇમાં જાન (એટલે જ્યારે તું લડાઇપર ચઢેછે ત્યારે હીમતથી લડવામાં તારા જાનની દરકાર કરતો નથી.)

(Journal Royal As. Sty. old series Vol. IX.)

શાહની દરબારમાં એનાં દાસ્તાનોનાં વાંચણોની મીજલસ– એવું ધારવામાં આવેછે કે ફીરદોસી જેમ પોતાનાં દાસ્તાનો તમામ કરતો જતો તેમ શાહ મહમુદ અવારનવાર તે વંચાવતો જતો હતો. મોં મોહલ તેની પાસેની એક જુની નકલમાં આપેલા એક ચીત્રને આધારે જણાવેછે કે ફીરદોસી ગાયનનાં વાજીંત્રો અને નાચ કરનારી સ્ત્રીઓના નાચ સાથે પોતાની કવિતા શાહા મહમુદને ગાઈ સંભળાવતો હોય એવું દીસેછે. એ ચીત્રમાં ફીરદોસી એક ગાડી ઉપર બેઠેલોછે અને તેની આગળ એક જાતની બેઠક ઉપર તેનું શાહનામું મેલેલું છે. તેની સનમુખ કેટલાક ગવૈયાઓ ઉભા છે. કેટલીક નાચનારીઓ ડાબી અને જમણી તરફ વાંકી વળેલી જાણે તેના સરોદો પ્રમાણે નાચ કરતી ઉભેલી છે. મોહલ કહેછે કે ગવૈયાઓ અને રામશગરોસાથે કવિતાનાં દાસ્તાનો સાંભળવાનો રેવાજ અસલમાં પણ ઈરાનમાં હતો. નસર એબને અલહરથ નામનો એક આરબ સરદાર નોશેરવાન અદલની દરબારમાંથી પોતાને શેહેર કેટલીક ગાનારીઓ લઈ ગયો હતો. હાલમાં પણ ઇજીપ્ટ અને અરબસ્તાનમાં કેટલીક વીરરસ કવિતાઓ રબાબ નામનાં વાજીંત્રસાથે ગાવામાં આવેછે.

શાહે ઠેરવેલી બેતોની કીમત– શાહ મહમુદે ફીરદોસીના

બેતોથી ખુશી થઇને પોતાના વજીર[1] હસન મએમંદીને ફૂર-માવ્યું કે ફીરદોસીને દર હજાર બેતે હજાર સોનાના મેસકાલ[2] ભેટ આપે. એ કીમતી ઈનામની ઉલટથી અને ઉમેદપર ફીરદોસી પોતાનાં કામપર અઉ કોશીશ કરવા લાગ્યો. એક હજાર બેત તૈયાર થયા કે ખાજે હસન મએમંદીએ તેને હજાર સોનાના મીસકાલ આપવા માંગ્યા પણ ફીરદોસીએ તે કબુલ નહીં રાખ્યા એવું કહીને કે હું બધા પૈસા એકઠા થશે તે સાથે લઇશ. કહેછે કે ફીરદોસીની મોરાદ આપણે આગળ કહ્યું તેમ એ હતી કે જો ખોદા તેને પૈસા આપે તો તે પોતાના તુસ શેહેરની નદી ઉપરનો બંદ પાકો બંધાવે કે તેથી તેનાં શાદાબ ગામ તરફ પાણી હમેશાં નેહેર-મારફતે વહેતું રહે. એ મોરાદથી ફીરદોસીએ જેમ બેતો લખતો ગયો તેમ પૈસા લીધા નહીં પણ એકઠા થવા દીધા. શાહા મહમુદથી મળેલી ઉમેદની પુર લાગણી હેઠળ અને તેની મેહરેબાનીના ઉપકારની અસર હેઠળ ફીરદોસીએ પોતાના દીબાચામાં તે શાહની ઘણી તારીફ કરીછે. એ સાહિત્યના મુરબ્બીએ તેને જે હીમત અને મદદ શરૂઆત-માં આપી હતી તેની કદર તેણે પોતાના દીબાચામાં હરખ ભર્યાં હૈડાં અને ઉપકાર ભર્યાં દીલથી લીધી છે.

વજીર હસન મએમંદીની અદેખાઈના સબબો.— ફીરદો-સીએ ભવિષ્યની ઉમેદમાં જ્યારે પાકેલું નાણું ના પાડયું ત્યારે તે બી-ચારાને મુદલ ખબર ન હતી કે તે પોતા પાછલ કોઇક બીજાની અ-દેખાઇ ખેંચતો હતો અને તેને લીધે તેનાં નાણાં ઉપર પાણી ફરી

(૧) મેકન કહેછે કે હસન મએમંદી વજીર નહીં હતો પણ એક શાહપર વગ ધરા-વનાર દરબારી હતો, પણ મેકનના ફારસી દીબાચા પ્રમાણે જે લીટીઓ ફીરદોસી-ના મોહમાં મેલવામાં આવી છે તે જો ખરે તેની હોય તો ફીરદોસી પોતે તેને વજીર કહેછે (પાનું ૩૫)

(૨) મેકન એક હજાર સોનાનાં મેસકાલને ૬૭૪ પૌંડની બરાબર ગણેછે જે દર રૂપીઆ દસનો એક પૌંડ ગણતાં ૬૭૪૦ રૂપીઆ થાયછે. એટલે દરએક બેતની કી-મત આસરે રૂ. ૬।।। થવા જાયછે.

વળવાનો ભય હતો. શેહેરના અને શેહેરની બાહેરના ઘણાક અમીર ઉમરાવો તેને ચાહવા લાગા હતા અને તેનીઉપર મેહેરબાની રાખતા હતા અને તે તેઓની સીફતમાં બેતો રચતો હતો. એ ઉપરથી પેલા હસન મએમંદીને અદેખાઈ લાગવા માંડી. શાહે જેમ ફરમાવ્યું હતું તેમ તે ફીરદોસીની હાજતો પુરી પાડવા નહીં લાગો અને તેને બુમ પડાવા લાગ્યો. તેની એ વર્તણુક એટલી હદ સુધી ગઈ કે ફીરદોસી પોતાના શાહાનામામાં એક જગ્યાએ તેનો ઈસારો કરેછે જોકે તે હસન મએમંદીનું નામ દેતો નથી. તે કહેછે.

"ચુનીન સાલ બેગુઝાશતમ શસ્તો પંજ
બદરવીશી ઓ તંગદસ્તીઓ રંજ." એટલે

"મેં એપ્રમાણે ૬૫ વર્ષ ગરીબાઇ, નાણાસંબંધી ખરાબ હાલત અને મેહેનતમાં ગુજાર્યાં છે."

હસન મએમંદીએ તેની સાથ ખરાબવર્તણુક ચલાવા માંડી અને તેને હેરાન કરવા માંડયો તોપણ કહે છે કે તે પોતાના કામ પાછલ હીંમતથી મંડતો. તે એવું એવું માનતો કે "પેદાયશની શરૂઆતથીજ ખોદાતાલાએ તકદીર ફરમાવી છે કે આએ કેતાબ મારી જબાનથીજ તમામ થાશે. (તેટલામાટે) હું સુલતાનના માલની અથવા હસન મએમંદીના દરજ્જા અને અભિમાનની દરકાર નથી રાખતો." તે બોલતો કે

"મન બંદે કજ અબાદીએ ફેતરત ન બુદે અમ
માયલ બમાલ હરગેજ તામસ બજાહ નીજ
સુએ દરે વજીર ચેરા મુલતેફત શવમ
ચુ ફારેગમ જે બારગેહે પાદશાહ નીજ."

"હું સેવક જે કુદરતની શરૂઆતથીજ માલ મીલકતનો બાહેશમંદ અને વળી મરતબાનો લોભી નથી તે જ્યારે પાદશાહની દરબાર વતીકમાં જવાની કાળજી રાખતો નથી ત્યારે વજીરના દરવાજા તરફ શું કરવા જાઉં ?"

વળી કહેછે કે ફીરદોસી અને હસન મએમંદી વચ્ચે અણબનાવનો બીજો સબબ એ હતો કે ફીરદોસી એક 'તશીઅ' હતો એટલે કે શીહા પંથનો અને તેટલામાટે અલીને ખલીફ તરીકે માનનારો હતો પણ હસન મએમંદી સુની પંથ જેને સામી બાજુવાળાઓ 'ખારેજ' કહે છે તે પંથનો હતો. ફીરદોસીના મીત્રો અને ચાહનારાઓ જેમ તેને સમજાવતા કે હસન મએમંદીસાથે દોસ્તી કરે અને કજીઓ કરવાનું મેલીદે તેમ તે તેની તરફ વધારે ધીક્કાર દેખાડતો. તે કહેતો કે,

"બદેલ હરકે બોગજે અલી કર્દ જાએ
જે માદર બુવદ અઇબે આન તીરે રાએ
કે નાપાક જાદેહ બુવદ ખસમે શાહ
અગર ચંદ બાશદ બર અએવાનો ગાહ
જે મએમંદી આઈને મર્દી મજુઈ
જે નામો નીશાનશ મકુન જુસ્ત જુઈ
કલમબર સરે ઊ બેજન હમચુ મન
કે ગુમ બાદ નામશ બહર અનજુમન"

"**અર્થ**—જે દીલમાં અલી માટેના ધિક્કારે જગ્યા કરી હોય "તે કમઅક્કલ શખ્સમાં તેની ખુદ માતાનીજ કાંઈ ખામી હોવી "જોઈએ. તે નાપાકજાદોગમે તેટલા મેહેલો અથવા તખતો ધરા- "વતો હોય તોપણ તે પાદશાહનો દુશ્મન છે. મએમંદીથી તું "માણસાઈ રીતભાતની આશા ના રાખ અને તેનાં નામ નીશાન "માટે ખોલ ના કર. મારી માફક તું તેના માથાપર કલમ (ના ફટકા) "માર કે તેનું નામ દરેક મીજલસમાંથી ગુમ થાય."

ફીરદોસી સામે તેના દુશમનોનાં તોહમતો—કહેછે કે ફીરદોસીના એ સખ્ત સખુનો બીજાઓ હસન મએમંદીના કાન ઉપર લેઈ ગયા તેથી તે ફીરદોસી ઉપર વધારે કીનો રાખવા લાગ્યો. એથી ફીરદોસીના બીજા દુશ્મનો પણ તેની ઉપર ઉતરી પડવા લાગ્યા

અને તેને માટે તરેહવાર બુટ્ટાઓ ઉભા કરવા લાગ્યા. તેઓ એક જુના વીચારના ચુસ્ત મુસલમાન તરીકેના તેના આકીન ઉપર શક નાખવા લાગ્યા અને કહેવા લાગ્યા કે એતો તરેહવાર આકીનો અને મતો ધરાવેછે. તેઓ તેના દીબાચા ઉપર ટીકા કરી પોતાના ટેકામાં તેના બેતો ઉતારવા લાગ્યા. દાખલા તરીકે દીબાચાની શરૂઆતનીજ પાંચમી નીચલી બેત તેઓ નાપસંદ કરવા લાગ્યા.

"બબીનન્દેગાન આફ્રીનન્દેહેરા,
નબીની મરંજાન દો બીનન્દેરા" એટલે

"જો તારી એ આંખોથી પેદા કરનારને તું જોઈ ન શકે તો તું તારી આંખોને દુઃખ ના દે."

એ બેતના ટીકાકારો કહેવા લાગ્યા કે એતેજાલ મઝહબવાળાનો એવો વીચાર છે કે ખોદાતાલાને ચેહરો હોય એ બની શકે એવું નથી. એ વીચારને મળતો વીચાર ફીરદોસી ઉપલી બેતમાં દેખાડેછે માટે તે મઝહબમાં મોતઝલી છે.

વળી નીચલી બેતો ઉપર તેઓએ ટીકા કર્યા.[1]

"નેગેહે કુન બઇન ગુમબદે તીઝગર્દ
કેદરમાન અઝુ યસ્ત વઝુ નીઝ દર્દ
અઝુ જાર ગર્દી અઝુ સર પૂરાઝ
વઝુ દાન ફૂઝુની વ હેમ ઝુ નેઆઝ."

અર્થ—"આએ જલદીથી ફરનારા (આસમાનના) ગુમબઝ ઉપર નજર કર કે દરદ અને તેના ઉપાય પણ તેનીથીજ છે. તેનાથી તું પાયમાલ થાયછે અને તેનાથીજ ચહડતે દરજજેનો થાયછે. તેનીથીજ આબાદી અને તેનીથીજ ગરીબાઈ છે એમ તું જાણ.

એ ટીકાકારો કહેવા લાગા કે ફીલસુફી પંથવાળાઓનો એ વીચાર છે કે સઘળું સારૂં માઠું આસમાનની તાસીરથી થાયછે. સઘળાનો આ-

---

(૧) મોહલ 1 પા. ૧૦ પાછલી બે લીટીઓ મોહલ યા મેકનમાં મલતી નથી.

ધાર આસમાનનાં ચકરાવા ઉપર રહેછે. ફીરદોસી ઉપલી બેતોમાં એવોજ વીચાર આપેછે માટે એપણ ફીલસુફી પંથવાળાઓમાનો એકછે.

" ને ગસ્તે ઝમાને બે ફૂરસાયદશ
ને અઝ રંજે તીમાર બેગઝાય દશ
ને અઝ જુમબેશ આરામ ગીરદ હમી
ને ચુન મા તબાહી પઝીરદ હમી."

અર્થ—" જમાનાનું ફરવું તેને (આસમાનને) ઘસી નાખતું નથી. મેહેનત અથવા દુઃખથી તેની ઉપર અસર થતી નથી. હીલચાલ કરવાથી તે કદી આરામએશ લેતો નથી. આપણી માફક તેનો કદી નાશ થતો નથી."

એના ટીકાકારો કહેવા લાગ્યા કે દેહરી પંથવાળાઓનો એવો વીચાર છે કે આસ્માન અને તેના ભાગો એટલે બીજા આસ્માની ગોળાઓનો કદી નાશ થવાનોજ નથી અને તેઓ હમેશ અને હમેશ ફર્યા કરશે. ફીરદોસી ઉપલા બેતોમાં એવોજ વીચાર જણાવેછે માટે એ પણ એ દેહરી પંથનો છે. તે વખતમાં એ જુદા જુદા પંથવાળાઓનાં ઉપલાં મતો નજદીક નાસ્તીક ગણાતાં. ફીરદોસીના ટીકાકારોની મતલબ એવું દેખાડવાની હતી કે ફીરદોસી કેટલીક હદે નાસ્તીક છે. આસમાન પોતાની મેલે ફરેછે અને તે કદી નાશ થવાનો નથી અને સઘળું દુનિયામાં તકદીર પ્રમાણે થાયછે એવા વીચારવાળાઓ કુદરતમાં ખોદાનો હાથ ના પાડેછે. તેમ ફીરદોસી પણ નાસ્તીક જેવો છે. પાદશાહને અને બીજાઓને ઉશકેરવા માટે એમ ટીકા કરતી વખતે તેઓ ભુલી જતા કે ફીરદોસી શરૂઆતમાંજ ખોદાની હસ્તી માની તેનું મુબારક નામ લેઈ પોતાનું કામ શરૂ કરેછે.

વળી ફીરદોસી પોતે અલીને માનનાર સીહાપંથનો હતો[1] તે હસન

---

(૧) મન શેહરે એલમમ અલીઅમ દરસ્ત
દરૂસ્ત ઇન સખુન કોલે પએગમબર અસ્તઃ (બોહલ ૧ પા. ૧૪)
અર્થ—હું એલમનું શેહેર છું અને અલી મારો દરવાજો છે.

મએમંદીસામેના બેતો આપણે ઉપર ઉતાર્યા છે તે ઉપરથી જોયું. હવે શાહા મહમુદ પોતે સુની હતો અને સુની પંથવાળા સીહા પંથવાળાને રાફેઝ એટલે પાખંડી મતવાળા કહેછે. એ ઉપરથી સુની પાદશાહ મહમુદને સીહાપંથ માનનાર ફીરદોસી સામે ઉશકેરવા માટે તેઓ તેના દીબાચામાંથી અલીની તર્ફેણના બેતો ઉતારી લેઈ શાહનું ધર્મસંબંધી ઝનુન ઉશકેરવા લાગ્યા કે એ સીહાપંથનો છે એટલુંજ નહીં, પણ સીહાપંથની ભલામણ પોતાના પુસ્તમાં બીજાઓને કરેછે. તેઓ એમાટે ફીરદોસીના નીચલા બેતો તરફ આંગલી દેખાડવા લાગ્યા.

"અગર ચશમ દારી બ દીગર સરાએ
બનજ્દે વલી ઓ નબી ગીર જાએ
ગરત જીન બદ આયદ ગુનાહે મનસ્ત
ચુનીન અસ્તો ઇન રસ્મો રાહે મનસ્ત."

અર્થ—અગર જો તું બીજી દુનિયાની આશા રાખતો હોય તો તું વળી (પેગંબરની પછી તેની જગ્યાએ આવનાર અલી) અને પેગંબરની નજદીક તારી જગા લે. અગર જો એ (મારી શીખામણ)થી તુંને નુકશાન થાય તો તેનો ગુનેહગાર હું છું. મારી રાહ રીતી એજ પ્રમાણેની છે.

શાહને એ પ્રમાણે સીહા પંથવાળા ફીરદોસી સામે ઉશકેરવાની કોશીશ કરનારાઓ પોતાની હલકી મતલબને માટે તેના બીજા બેતો મુકી દેતા કે જેમાં તે સુનીપંથને માટે અને તે પંથવાળા અબુબેકર ઉમર અને ઉસમાન વાસ્તે પણ માનની નજરથી બોલેછે.[1] ફીરદોસી પોતાના દીબાચામાં ખોદાવિષે એક પરહેઝગાર અને ધર્મી ભણેલા મા-

---

આએ સાચ્ચાં સખુન પેગંબરનો કોલ છે.

"મનબન્દેહ અહલે બીતે નબી
સેતાયનદેહે ખાકે પાયે વસી"

હું પએગમબરનાં કુટુંબનો ગુલામ છું અને તે વસી (તે વસીઅત બતલાવનાર પગની ખાકનો સ્તુતિ કરનાર છું.

[1] ...હલ. પા. ૧–૧૪.

ણુસ માફક વીચાર જણાવેછે અને જો કે પોતે પોતાને ચુસ્ત સીહાપંથનો જણાવેછે તોપણ તે સુનીપંથવાળા માટે માનભરેલી રીતે બોલે છે. એ સઘળું છતાં એના ટીકાકારો એને પાદશાહની આગળ એક ઝનુની સીહા તરીકે, એક ચાર્વાકમત અને નાસ્તીકવિચાર ધરાવનાર શખસ તરીકે વગોવવા લાગ્યા. એપ્રમાણે ત્યારે ફીરદોસીના દુશ્મનો ધર્મસંબંધી આકીન અને મતને બાહને પાદશાહ મહમુદને તેની સામે ઉશ્કેરવા લાગ્યા. શાહને ઉશ્કેરાવાનો એ એક સબબ હતો.

બીજો સબબ એ હતો કે વળી તેઓ તેના જાતીઅભીમાન અને દીન અભીમાનને ઉશ્કેરી કહેવા લાગ્યા કે ફીરદોસી પોતાના શાહાનામામાં આગલા પાદશાહોની હદબાહેર સીફ્ત કરે છે. હવે અહીં યાદ રાખવું કે વખત જતાં મહમુદશાહ કાંઈ આગલો મહમુદશાહ જે સાહિત્ય અને કવિતાનો મુરબી હતો તે રહ્યો નહતો. તે બદલાઈ ગયો હતો. તેને કવિતા અને સાહિત્યનો શોખ થોડો ઘણો કમી થયો હતો. બીજા મુલકોની તેની ફતેહથી તેનું મન સાહિત્ય ઉપરથી હવે મુલકો જીતવાના લોભઉપર અને પાદશાહી દોર દમામ ઉપર વધુ લાગ્યું હતું અને તે પોતાનેવાસ્તે અને પોતાની પાદશાહી વિષે મોટો વીચાર રાખતો. એ કારણને લીધે તે ફીરદોસીનાં કામતરફ થોડોક બેદરકાર થયો હતો. એ વેળાએ ફીરદોસીના દુશ્મનોએ ફીરદોસીનાં કામ પાછળની તેની બેદરકારી વધારવાને તેને સમજાવા માંડ્યું કે ફીરદોસી તો હદબાહેર આગલા પાદશાહોની સીફ્ત અને તારીફ કરવા પડ્યો છે. તેઓ પોતાની ટીકામાં શાહ કેખશરૂ વિષેના તેના બેતોતરફ આંગલી દેખાડવા લાગ્યા. જેમાં પાદશાહ કેખશરૂ પોતાની ઉંચી બુનીઆદ માટે કહેછે કે—

જેહાંનદાર પુરે સીઆવશ મનમ
જે તોખમે કીઆન શાહે રૂઇન તનમ
નબીરે જેહાનદારે કાઊશે કએ
દેલ અફ્રુજો પુર દાનેશો નીક પએ

જ માદર હમ અજ તોખ્મે અફ્રાસીઆબ
કે બાખશમે ઊ ગુમ શુદી ખુર્દો ખાબ
નબીરે ફ્રરીદુનો પુરે પશંગ
કે બર પીલો શીરાન જેહાંન કર્દ તંગ

અર્થ—"હું સીઆવક્ષનો જેહાંનદાર છોકરો છું અને ત્રાંબાનાજેવી મજબુત દેહવાલા કીઆંની પાદશાહોની તોખમનો છું. દીલને રોશન કરનાર અક્કલવાલા અને નેક કદમવાલા જેહાંનદાર પાદશાહ કૈકાઊશનો હુંનબીરો થાઊં. વલી માએ તરફથી હું અફ્રાસીઆબની તોખમનો છું કે જે અફ્રાસીઆબના ગુસ્સાથી ભુખ અને ઊંઘ જતી રહે છે અને જે ફ્રરેદુનનો નબીરો અને પસંગનો બેટો થાય છે અને જેણે હાથીઓ અને વાગો ઉપર દુનિયાને તંગ કીધી."

વળી ફીરદોસીના દુશ્મનો બીજી આંગલી અસફ્રંદીઆરનાં સખુનો તરફ દેખાડવા લાગ્યા કે જે સખુનો અસફ્રંદીઆર રૂસતમને કહે છે.

નેજાદે મન અજ તોખમે ગુશ્તાસ્પ અસ્ત
કે ગુશ્તાસ્પ ખુદ પુરે લોહરાસ્પ અસ્ત
કે લોહરાસ્પ બુદ પુરે અરવંદ શાહ
કે ઊરા બુદી આન જમાન તાજો ગાહ
બુદ અરવંદ અજ ગુહરે કએપશીન
કે કરદી પશીન બર પેસર આફ્રીન
પશીન બુદ અજ તોખમે એ કૈકોબાદ
હુનરમંદ શાહી દેલશ પુરજે દાદ
હમીદુન બેરઓ તા ફ્રરીદુન શાહ
કે અસલે કીઆન બુદ વ જીબાએ ગાહ

અર્થ—"મારી બુનીઆદ ગોસ્તાસ્પના તોખમથી છે કે જે ગુશ્તાસ્પ પોતે લોહરાસ્પનો છોકરો થાય. એ લોહરાસ્પ અરવંદ પાદશાહનો છોકરો થાય અને તે તે વખતે તાજતખતનો માલીક હતો. અરવંદ કએપશીનની બુનીઆદનો હતો કે જે પશીને પોતાના બેટા ઊપર આ-

ફ્રીન કીધી. પશીન કૈકોબાદની તોખમનો હતો કે જે એક હુનરમંદ પાદશાહ હતો અને જેનું દીલ ઈનસાફથી ભરેલું હતું. એ પ્રમાણે છેક ફરીદુન પાદશાહ સુધી (તેઓના વડવાઓનાં નામ માટે) તમો ચાલ્યા જાઓ કે જે ફરીદુન સઘળા કેઆનીઓનો મુળ વડવો હતો અને તખતને શૃંગાર આપનાર હતો."

ફીરદોસીના દુશ્મનોએ ઊપલા બે અને એવા બીજા દાખલાઓથી શાહા મહમુદનું દીલ ઊશ્કેર્યું કે ફીરદોસી એ પ્રમાણે આગલા પાદશાહોની તારીફ પર તારીફ કરવા મંડ્યો છે.

ફીરદોસીની મુશકેલી—હવે ગમે તેવી તાનાજાની અને દુશ્મની છતાં ફીરદોસીએ જે દાસ્તાનો લખ્યાં હતાં અને જે દાસ્તાનો લખતો જતો હતો તે આજુબાજુનાં શેહેરોમાં પંથરાઈ જતાં. કહે છે કે જુદાં જુદાં શેહેરના અકાબરો તે દાસ્તાન વાંચી ખુશી થઇ ફીરદોસી ઊપર ભેટ સોગાદ મોકલતા જે ફીરદોસી ખરચી નાખતો તે એવી ઉમેદ ઉપર કે શાહા મહમુદ પોતાની કબુલાત પાળી છેવટે તેને કબુલેલી મોટી પૈસાની રકમ આપશે. ફીરદોસીનાં લખાણો ચોમેર ફેલાઇ જતાં એ ખરૂં; પણ તેના બદલામાં એને પૈસા મળતા હતા એમ જે બાઇસનગરખાનના દીબાચાવાળો જણાવે છે તેને ફીરદોસીનાં પોતાનાં લખાણથી ટેકો મળતો નથી. પોતાના શાહાનામાની છેવટે તો તે ફર્યાદ કરે છે કે મોટા આદમીઓ તેનાં દાસ્તાનો મુફ્ત ઉતારી લેતા અને તે બીચારાને કાંઇ પણ પુછતા નહીં હતા.

બુજોરગાંનો બાદાનેશ આઝાદગાંન
નબીશ્તંદ યકસર હમે રાયગાન
નશીશ્તે નઝારે મન અઝ દુરશાન
તો ગોફ્તી બુદમ પીશ મઝદુરે શાન
જુજ અહસન્ત અઝીશાન નબુદ બેહેરેઅમ
બે કેફૂત અન્દર એહસન્ત શાન જેહેરે અમ
સરે બદરહાએ કોહન બસ્તે શુદ
વઝાન બંદ રોશન દેલમ ખેસ્તે શુદ

અર્થ—"બુજર્ગો અને અક્કલમંદ ઉંચી બુનીઆદનાં માણસો (મારાં દાસ્તાનો) સઘળાં મુફત લખી લેતા. હું તો દુરથી તેઓને જોતો બેઠો હતો, જાણે કે હું તેઓની આગળ એક (ફોકટ વહીતરૂં કરનાર) મજુર હોઉં. તેઓથી વખાણ સીવાય મને કાંઈ હીસ્સો મલ્યો નહીં. તેઓનાં વખાણ વચ્ચે મારી હીંમત તુટી ગઈ. તેઓની પુરાની (પૈસાની) કોથળીઓનાં મોહોંડાં બંધ થયાં અને તે બંધ થવાથી મારૂં રોશનદીલ તુટી ગયું."

પોતાની કવિતા મુફત ઉતારી લેવાના વાંકમાંથી ફીરદોસી ત્રણ શખસોને બાદ કરેછે. એક દલીમી ખાનદાનનો [1]અબુ દોલાફ અલી નામનો એક ખાનદાની માણસ હતો જેને માટે ફીરદોસી કહેછે કે તે હમેશાં તેની સાથે સારી રીતે વરતતો. બીજો શખસ અબુ નસર વરક નામનો હતો જેને માટે તે કહેછે કે તેણે બીજાઓ પાસે તેના શાહનામામાટે ઘણી મદદ મેળવી હતી. એ શખસનું નામ મોહલ પોતાની નકલમાં આપેછે, જો કે તે પોતાના દીબાચામાં એ નામ આપતો નથી અને જો કે મેકન અને બીજા શાહનામામાં એ નામ મળતું નથી. ત્રીજો શખસ જેનો ફીરદોસી શાહનામાની છેવટે ઉપકાર માને છે તે હુસન કતીબ નામનો હતો. એને માટે તે કહેછે કે તે મુફત મારી કવિતા કદી મેળવતો નહીં હતો. તેની તરફ તે બીજી પણ મદદો માટે ઘણોજ આભાર જણાવેછે.

> "અઝુયમ ખુરો પુશેશો સીમો ઝર
> અઝુ યાફતમ જુમબેશો પાઓ પર્."

અર્થ—તેનાથી મને ખોરાક અને પોષાક અને રૂપું અને સુનું (યાને પૈસા) મળતાં હતાં. તેનાથી મને હીલવા ચાલવા માટે પગ અને પાંખ મળી હતી.

શાહની ઇતરાજીનો વધુ સબબ—હવે ત્યારે શાહા મહમુદને ફીરદોસી સામે ઉશકેરી મેલવાને ત્રીજો સબબ એ વખતે એ

---

(૧) મેકન એ નામ ફકત 'અલી' કરી આપેછે.

મળ્યો કે દલીમી ખાનદાનનો ફખરદદઓલે નામનો એક શાહજાદો હતો. મો. મોહલ પ્રમાણે એ શખસનું આખું નામ અબુથલેબ રૂસ્તમ હતું અને તે ફખરદદઓલેનો છોકરો હતો. તેનો ખેતાબ મજીઅદદઓલત હતો. તે હીજરી ૩૮૭ માં ઘણી નાની ઉમ્મરે પોતાના મુલકની ગાદી ઉપર આવ્યો હતો. છેવટે હીજરી સન ૪૨૦ માં મહમુદશાહે એને બંદીવાન કર્યો હતો. કહેછે કે એ શાહજાદા આગળ એક જણ ફીરદોસીનું રૂસ્તમ અને અસફંદીઆરવાળું દાસ્તાન લઇ ગયો. એ દાસ્તાનથી તે ખુશી થઈ ગયો અને તેથી તેણે તે લાવનારને સુનાના ૫૦૦ દીનાર ભેટ આપ્યા અને ફીરદોસી માટે ૧૦૦૦ દીનાર મોકલ્યા, અને વળી કેહેવાડયું કે અગર જો તું મારી દરબારમાં આવે તો તુને ઘણું માન ઇજત આપું. એ વાત ગીઝનીમાં ચોમેર ફેલાઇ. હવે એ દલીમીના ખાનદાનવાળા રાફેઝી યાને સીહા પંથના હતા અને મહમુદશાહના દુશ્મન હતા. વળી એ દલીમી ખાનદાનના કેટલાક શાહજાદાઓ મોતેઝલી પંથના પણ હતા. એ ઉપરથી હસન મએમંદી અને ફીરદોસીના બીજા દુશમનો એ વાત શાહામહમુદના કાનપર લાવ્યા કે તે તારી દરબારમાં રહી એક સીહા પંથના દુશ્મન શાહાજાદાનો આસરો શોધેછે. એ વાતથી પણ પાદશાહનો ફીરદોસી તરફનો અણગમો વધારે થયો.[1]

શાહની મેહેરબાની થોડોવખત પાછી જીતી લેવાનો

(૧) મો. મોહલ, શાહ મહમુદ અને ઉપલા શાહાજાદા વચ્ચે પાછળથી બનેલી એક વારતા જણાવેછે કે જે દેખાડેછે કે એ શાહાજાદાએ ફીરદોસીનાં સઘળાં દાસ્તાનો વાંચીઆં હતાં અને તેનો તેને ઘણો શોખ હતો તે ઉપરથી મહમુદશાહે પાછળથી તેને તાનો માર્યો.

કહેછે કે હીજરી ૪૨૦ માં એ દલીમી શાહજાદો રૂસ્તમ શાહ મહમુદને હાથ કેદ પડયો ત્યારે મહમુદે તેને પુછયું કે તેં શાહનામું વાંચ્યુંછે? શાહાજાદાએ જવાબ દીધો કે હા. મહમુદે પુછયું કે તેમાં તેં કોઈ જગ્યાએ વાંચ્યુંછે કે એકજ શેહેરમાં બે પાદશાહો રાજ કરે. શાહાજાદાએ કહ્યું કે નહીં. ત્યારે મહમુદે કહ્યું કે "હું એક પાદશાહની છાવણીમાં ત્યારે તું બીજો પાદશાહ કેમ રહી શકે?" એમ કહી તેનાં હાથ પગમાં બેડી નાંખી તેના મરણ સુધી તેને બંદીવાન રાખ્યો.

બનાવ. કામુશ કસાનીનું દાસ્તાન—મહમુદશાહનો ફીરદોસી તરફ ઉપલા તરેહવાર સબબોને લીધે જ્યારે અણગમો વધ્યો હતો ત્યારે એક દીવસ શાહની દરબારમાં ફીરદોસીની કવિતાવિષે વાતચીત નીકળી. ત્યારે તેના દુશ્મનો કહેવા લાગ્યા કે ફીરદોસીની કવિતા લોકપ્રીય થાયછે તે કાંઇ ફીરદોસીની જાતી કવિ તરીકેની શક્તિને લીધે નહીં પણ આગલા પાદશાહ પેહેલવાનોની હકીકત તરફની લોકોની પ્રીતિ અને ભાવને લીધે. દરબારમાં જેઓ ફીરદોસીના મીત્રો હતા તેઓ કહેવા લાગ્યા કે અસલી હકીકતને ફીરદોસી પોતાની શાએરી શક્તિથી કવિતામાં જે સરસ રીતે રચે છે તેને લીધે લોકોનો ભાવ તે હકીકત તરફ વધે છે. તકરારની છેવટે પાદશાહ અને દરબારીઓએ ઠેરવ્યું કે ફીરદોસીને એક દાસ્તાન આપવું કે તેની ઊપર તે તુરત ને તુરત તેજ દહાડે કવિતા જોડે કે તે ઊપરથી આપણે જોઇએ કે ફીરદોસી તે દાસ્તાનને પોતાની સાએરી કલમથી શું ઝમક અને રોનક આપે છે. એ પરીક્ષા માટે અશકબુસ કશાની સાથની રૂસ્તમની લડાઇનું દાસ્તાન ફીરદોસીને તેને તેજ દહાડે કવિતામાં રચવા આપ્યું.

એ દાસ્તાનનો સાર એ છે કે કામુશ કશાની નામનો એક સરદાર તુરાનીઓની મદદે ઇરાનીઓ સામે લડવા આવ્યો હતો. તેણે પોતાના એક પેહેલવાન નામે અશકબુસને ઈરાનીઓ સામે મેદાનમાં મોકલ્યો. ઇરાની પેહેલવાન રેહામ તેની સામે ગયો. પણ તે થોડા વખતમાં લડાઈના મેદાનમાંથી પહાડ તરફ નાઠો. ત્યારે શાહાજાદા તુસે પોતે ઇચ્છયું કે અશકબુશની સામે પોતે લડવા જાએ. પણ રૂસ્તમે તેને અટકાવી કહયું કે તું તો લશ્કરનો વડો સરદાર છે માટે તું કેમ લડાઈમાં જાએ? તું લશકરને બરાબર સફમાં રાખ અને હું લડાઈમાં જાઊં. એમ કહી પોતે લડાઇનાં મેદાનમાં પાંઊપેઆદો ગયો અને અશકબુશના ઘોડા તરફ તીર ફેંકયો તેથી અશકબુસ પણ પાંઊપાઆદો થઈ ગયો. પછી અશકબુસે એક તીર રૂસતમભણી ફેંકયો જે રૂસ્તમે છટકાવી નાંખી પોતે અશકબુસભણી તીર ફેંકી તેને તેથી વીંધી નાંખ્યો.

એ પ્રમાણેનું દાસ્તાન ફીરદોસીએ તેજ દાહડે કવિતામાં રચી કાહાડયું કે જેવું પછવાડેથી તેણે શાહનામામાં દાખલ કર્યું છે. કવિતામાં એ દાસ્તાન શાહ આગલ રજુ કર્યું ત્યારે આખી દરબાર તેથી અજાયબ થઇ અને ખુશી થઈ અને ફીરદોસીઉપર આફ્રીન કરવા લાગી. એ કવિતામાંથી ખાશ કરીને નીચલા તીર ફેંકવાને લગતા સુંદર બેતોએ સઘળાનું ઘણું ધ્યાન ખેંચ્યું. એક તીર ફેંકનાર તીર ફેંકતી વખતે પોતાના શરીરના ભાગોને અને ખુદ તીર અને કમાનને જે જુદી જુદી વલાણ આપેછે તેનું એમાં બારીક વર્ણન કરેલું છે.

“બે માલીદ ચાચી કમાનરા બદસ્ત
બચરમે ગુજન અન્દર આવુર્દ શસ્ત
સેતુન કર્દ ચપરા વખમ કર્દ રાસ્ત
ખરૂશ અજ ખમે ચર્ખે ચાચી બેખાસ્ત
ચું સુફારેશ આમદ બ પહેના એ ગુશ
જે ચર્મે ગુજનાન બર આમદ ખરૂશ
ચુ પએકાન બે બુસીદ સર અન્ગુસ્તે ઉ
ગુજર કર્દ અજ મોહરે એ પોસ્તે ઉ
કજા ગોફ્ત ગીરો કદર ગોફ્ત દેહ
ફલક ગોફ્ત અહસન મલક ગોફ્ત જેહ
કશાની હમ અન્દર જમાન જાન બેદાદ
તો ગોફ્તી કે હરગેજ જે માદર નજાદ

અર્થ—“ચાચી કમાનને હાથમાં મસલી અને સાબરનાં ચામડાં (વાલા ભાગ)[1] ને વલાંણ આપી. ડાબા હાથને સીદ્ધો કર્યો અને જમણાને વાંકો કર્યો. ચાચી કમાનના વાંકમાંથી પોકાર ઉઠયો.[2] જ્યારે તીરની નોક કાનના ચાબકા સુધી આવી[3] ત્યારે સાબરના

(૧) એમાં તીર મુકવામાં આવેછે. (૨) કમાન ખેંચતી વખતે તે મંડાયાથી જે આવાજ નીકલેછે તેનો એ ઈસારો છે. (૩) તીર ફેંકતી વખતે ડાબા હાથને લાંબો કરી જમણા હાથને વાંકો કરી તેની મારફતે નેમ લેવામાટે તીરને છેક કાન સુધી ખેંચવામાં આવેછે તેનો ઈસારો છે.

ચામડામાંથી પોકાર ઉઠયો. જ્યારે તીરની અણીએ તેના અંગોઠાને બોસો લીધો (એટલે અંગોઠાને લાગી) ત્યારે તે તે (દુશ્મન)ના બરડાનાં પાછલાં હાડકાંમાંથી પસાર થયો. કજાએ કહ્યું 'પકડ,' તગદીરે કહ્યું 'આપ.'[1] આસ્માને કહ્યું 'સાબાસ' ફરેસ્તાએ કહ્યું 'વાહ વાહ.' તેજ વખત (અશકબુસ) કસાનીએ પોતાનો જીવ આપી દીધો, જાણે કે તે પોતાની માએનેપેટે જન્મ્યોજ નહીં હતો."

આએ બેતોની રચનાથી આખી મીજલસ સાથે શાહા મહમુદ પણ ખુશી થઈ ગયો અને બોલ્યો કે "રૂસ્તમે કાબુલસ્તાન અને જાબુલસ્તાનથી જે કાંઈ (કીર્તી) મેળવ્યું હોય તેનીસાથ સરખાવતાં આએ બેતો (તેની કીર્તીમાં વધારો કરવા માટે) કીમતી છે."[2]

તેના બેટાનું મરણ—ફીરદોસી એ પ્રમાણે પાદશાહની મેહેરબાંની અને ઇતરાજી વચ્ચે ડોલા ખાતો અને દુશ્મનોની તાનાજાની અને

(૧) એટલે કજા અથવા મરણનો બનાવ એકાએક આવી પોહોચ્યો હતો અને તેણે દુશ્મનનો જાન લેવા ફરમાવ્યું ત્યારે તેની તકદીર અથવા સરજતે કહ્યું કે જાન આપીદો.

(૨) પાદશાહની મેહેરબાની ફીરદોસી ઉપર હતી, તેની આડે વજીર હસન મએમંદી આવતો. એ બીનાને પીકેરીંગ ઇંગ્લંડના સ્પેનસર કવીની જીંદગીની એક હકીકત સાથ સરખાવેછે. સ્પેનસરે પોતાની થોડીક કવીતાઓ રાણી એલીઝાબેથને દેખાડી જે તેણીને બહુ પસંદ આવી. તેઉપરથી તેણીએ પોતાના ખજાનચી લોર્ડ સેસીલ (બેરન બરલે)ને હોકમ આપ્યો કે સ્પેનસરને તેણે ૧૦૦ પૌંડ ભેટ આપવા. સેસીલે મહારાણીને કહ્યું કે "એ રકમ ઘણી છે". ત્યારે એલીઝાબેથે કહ્યું કે જે વાજબી ધારે તે આપ (Then give him what is reason). સેસીલે કાંઈપણ નહીં આપ્યું ત્યારે સ્પેનસરે એક કાગજ ઉપર નીચલી લીટીઓ લખીને રાણીને આપી જે વાંચતાં નેવાર તેણીએ એકદમ ૧૦૦ પૌંડ આપવા ફરમાવ્યું.

"I was promis'd on a time
To have reason for my rhyme
From that time into this season
I receiv'd nor rhyme nor reason."

(The Globe Edition of Spencer by Morris p. XIV).

બીજી હકીકત પ્રમાણે રાણીએ ૫૦૦ પૌંડ આપવા કહેલા તે સેસીલ જેને સ્પેનસર સામે કપટ હતો તેણે ૧૦૦ પૌંડ કરાવ્યા.

અદેખાઇ વચ્ચે જીંદગી ગુજારી પોતાનું કામ કરતો હતો. તેવામાં તેની ઉપર એક સંસારી દુખનો મોટો ફટકો પડયો. તે તેના એક વાહલા બેટાના મરણનો પૂટકો હતો જે ૩૭ વર્ષની નવજવાન ઉમ્મરે મરણ પામ્યો. એ વખતે ફીરદોસીની ઉમ્મર ૬૫ વર્ષની હતી. એવી જઇફ ઉમ્મરે, અને વલી તે દરબારી મુશકેલીઓ વચ્ચે, એ પૂટકો ફીરદોસી માટે ઘણો મજબુત હતો. એ બનાવ વખતે તે ખુશરોપરવીજનું દાસ્તાન લખતો હોવો જોઇએ કારણ કે એ પાદશાહના રાજ્યની હકીકત આપતાં તે એ બેટાના અકાળ મરણ માટે અત્યંત ગમ કરેછે. એ બેટા ઉપર એ બુઢા બાપની ઘણી ઉમેદો અને આશાઓ લટકેલી હતી. તે એને માટે વીલાપ કરી કહેછે.

“ મરા બુદ નોબત બેરસ્ત આન જવાન
જે દર્દશ મનમ ચુન તની બીરવાન
શેતાબમ મગર તા હમી યાબમશ
ચું યાબમ બપએગારેહ બે શેતાબમશ
કે નોબત મરા બુદ તો બીકામે મન
ચેરા રફતી ઓ બોર્દી આરામે મન
જે બદહા તો બુદી મરા દસ્ત ગીર
ચેરા રાહ જસ્તી જે હમરાહે પીર
મગર હમરાહાન જવાન યાફ્તી
કે અજ પીશે મન તીજ બે શેતાફ્તી

....

મરા શસ્તો પંજો વરા સી ઓ હફ્ત
ન પોરસીદ અજીન પીરો તનહા બેરફ્ત ”

અર્થ—મારે મરવાનો વખત હતો (પણ) તે જવાન ગુજરી ગયો. તેના દુખથી હું જીવવગરનાં એક શરીર મીસાલેછું. હવે હું (મરવાની) ઉતાવળ કરીશ કે તેને પકડી કાહાડું. તેને શોધી કાહાડી હું તેને ઠપકો આપવાને ઉતાવળ કરીશ કે મારી વારી હતી અને તું શું

કામ મારી મરજી વગર જતો રહ્યો અને મારો આરામ લેતો ગયો? મુશ્કેલીઓની વખતે તું મારો મદદગાર હતો. હું બુઢા સાથીથી તેં બીજો રસ્તો શું કરવા શોધ્યો? શું તને જવાન સાથીઓ મલ્યા કે તું મારી આગલથી જલદીથી જતો રહ્યો? .... મને ૬૫ વર્ષ અને એને ૩૭. હું ઘરડા આદમીને કાંઈ પુછ્યું નહીં અને એકલો જતો રહ્યો."

પોતાના એ દીકરાનો ગમ ફીરદોસી વીસર્યો ન હતો અને તેના મરણથી તેને બુઢાપામાં જે જબરો ફટકો લાગ્યો હતો તેનો ઇસારો છેક ૭ વર્ષ પછી પણ પોતાનું શાહનામું પુરૂં કરતી વેળા ફીરદોસી કરેછે.

ચું બોગુજસ્ત સાલ અજ બરમ શસ્તો પંજ
પૂજ્ઞુન કર્દમ અન્દીશે એ દર્દો રંજ
બ તારીખે શાહાન નયાજ આમદમ
બ પીશ અખતરે દીર સાજ આમદમ

અર્થ—"જ્યારે મારાં ૬૫ વર્ષ ગુજર્યાં ત્યારે મને દરદ અને મેહેનતનો વધારે વીચાર આવવા લાગ્યો. પાદશાહોની તવારીખ લખવાની મને વધુ ગરજ પડી અને મારો સેતારો વધારે ધીમી ચાલનો થતો ગયો."

એ અને એની પછીના બેતો ઉપરથી દીસેછે કે ફીરદોસીનો એ બેટો પોતાના બાપને પાંચ પૈસા પુછીને પણ મદદ કરતો હોય. ફીરદોસી તુરત ફૂર્યાદ કરેછે કે એવી વખતે મોટાં માણસો એનાં લખાણો મુફ્ત ઉતારી લેતા અને તેને કાંઇ દામ નહીં આપતા જેથી જાણે તેની મુશ્કેલીમાં વધારો થતો.

એ માઘા બનાવ પછી પણ ફીરદોસીના દુશ્મનોએ એની પુંઠ મુકી હોય એવું દીસતું નથી કારણ કે આપણે જોઇએછીએકે ખુશરૂ પરવીજનાં રાજ્યનાં દાસ્તાનમાં પોતાના બેટાના મરણનો શોક કર્યા પછી થોડુંકમાંજ આગળ ચાલતાં ખુશરૂ શીરીનનાં દાસ્તાનમાં તે હસન મએમંદીમાટે ફૂર્યાદ કરેછે. શીરીન માટેના ખુશરૂના પ્યારનું દાસ્તાન શરૂ કરતાં તે દલગીરી બતાવેછે કે એક બુરા શખસની શીખવ-

ણીથી તેનાં દાસ્તાનોપર શાહ નેગાહ કરતો નથી. તો પણ એ દાસ્તાનો સર્વ પુરાં થશે ત્યારે શાહા તે પસંદ કરી તેનું ઘટતું લવાજમ આપી તેને ખુશી કરશે એવી ઉમેદ રાખી તે પોતાનું કામ ચાલુ રાખેછે.

"બુવદ બીત શશબાર બીવર હજાર
સખુનહાએ શાયસ્તેએ ગમગોસાર
ન બીનદ કસી નામે એ પારસી
નવીશતે બાબીઆતે સદ બાર સી
અગર બાજ જુયંદ અજુ બીત બદ
હમાના ન બાશદ કમ અજ પંજ સદ
ચુનીન શેહરયારીઓ બખશન્દેઈ
બ ગેતી જે શાહાન દરખશન્દેઈ
ન કર્દ અન્દર ઈન દાસ્તાનહા નેગાહ
જે બદ ગુઈઓ બખ્ત બદ આમદ ગુનાહ
હસદ બોર્દ બદ ગુઈ દર કારે મન
તબે શુદ બર શાહા બાજારે મન
ચુન સાલારે શાહ ઈન સોખનહાએ નગ્જ
બે ખાનદ બબીનદ બ પાકીજે મગજ
જે ગનજશ મન ઈદર શવમ શાદમાન
કજુ દુર બાદા બદે બદ ગુમાન"

અર્થ—"(મારા પુસ્તકનાં) ગમ વીસરાવનાર લાયક સખુનો ૬૦૦૦૦ થાશે. કોઈપણ શખસ એક ફારસી પુસ્તક નહીં જોશે કે જેમાં ૩૦૦૦ પણ બેતો લખેલા હોય, અને વલી જેમાંથી જો ખરાબ બેતો ખોળી કાહાડ્યા હોય તો તે ૫૦૦ થી ઓછા નીકલે. આવા (મહમુદ જેવા) પાદશાહ અને બખશેસ કરનાર કે જે દુનીઆમાં સઘળા પાદશાહોમાં ચલકાતવાળો છે તેણે એક નિંદા કરનાર(ની નીંદા)થી અને ગુનાહ ભર્યા મારા કમનસીબથી મારાં દાસ્તાનો ઉપર નજર કરી નથી. તે નીંદા કરનારે મારાં કામની અદેખાઈ કીધી અને તેથી પાદશાહની ન-

જદીક મારૂં બજાર નુકસાન પામ્યું (એટલે મારા બેતોની કીમત ઓછી થઈ ગઇ). અગર જો સરદાર પાદશાહ મારા સુંદર સખુનો વાંચશે અને પોતાના સ્વચ્છ મનથી તે ઉપર નજર કરશે તો હું અહીં તેના ખજાનાથી (પૈસા મલવાથી) ખુશી થઈશ. તે(પાદશાહ)થી બુરા વીચારના શખસની બદી દુર રહેજો.”

ઉમેદ અને નાઉમેદી, આશા અને નીરાશા, સુખ અને દુઃખ, દોસ્તી અને દુશમનાઈ, મેહેરબાની અને અદેખાઇ વચ્ચે એ પ્રમાણે શાહની દરબારમાં નજદીક ૧૨ વર્ષ સુધી રહી ફીરદોસીએ પોતાનું કામ ખલાસ કર્યું. દોલત શાહા નામનો એનો જન્મચરિત્ર કર્તા કહેછે કે એ બાર વર્ષના અરસામાં ફીરદોસી એક વખત પોતાને વતન તુસ ગયો હતો અને ત્યાં ૪ વર્ષ રહી ગીઝની પાછો ફર્યો હતો. પણ એ વાત બરાબર હોય એમ દીસતું નથી. ફીરદોસી એ બાબે કોઈપણ જગ્યાએ પોતે શાહનામામાં ઇસારો કરતો નથી.

શાહનામું તયાર થવાનો શને—ફીરદોસીના લખવા પ્રમાણે એણે પોતાની ૭૧ વર્ષની ઉમ્મરે હીજરી સને ૪૦૦ નાં વર્ષમાં અસફંદાદ મહીનો ને અરદ (અશીસંગ) રોજે (તા૦ ૨૫ ફેબરવારી ઇસવી ૧૦૧૦ ને દીને) એ શાહનામાનું કામ, પોતાની જીંદગીનાં કીમતી ૩૫ વર્ષ તે ઉપર રોકી, તમામ કર્યું.

ચું સાલ અન્દર આમદ બહફ્તાદો યક
હમી જીરે શઅર અન્દર આમદ ફલક
સીઓ પંજ સાલ અજ સરાએ સેપંજ
બસી રંજ બોર્દમ બઉમીદે ગંજ

....

સર આમદ કનૂન કીસ્સેએ યઝદગર્દ
બમાહે સેફંદારમદ રૂઝે અર્દ
જે હેંજરત શુદે પંજ હસ્તાદ બાર
કે ગોફ્તમ મન ઈન નામે શાહવાર

અર્થ—"જ્યારે ૭૧ વર્ષની મારી ઉમ્મર થઇ ત્યારે આસ્માન
"મારી કવિતાની (અસર) નીચે આવ્યું. ખજાનો મેળવવાની ઉમેદમાં
"આએ ત્રણ પાંચ દહાડાની દુનિયામાં મેં ૩૫ વર્ષ સુધી ઘણી રંજ
"ખેચી.......સપ્ંદારમદ માહા અને અર્દ રોજે હવે યઝદગર્દનું દાસ્તાન
"ખલાસ થયું. આએ પાદશાહી પુસ્તક હું તમામ બોલી રહ્યો ત્યારે
"પાંચ વખત ઍંશી (એટલે ૪૦૦) વર્ષ થયાં હતાં."

શાહાનામું ખલાસ કરતાં છેવટના બેતોમાંજ તે ઘણી નીરાસી અને નાઉમેદી દેખાડે છે કે તેણે તેની જીંદગીનો મોટો કીમતી ભાગ એ કામ પાછળ બરબાદ કીધો. તોપણ તે પાદશાહ મહમુદની સખાવત ઉપર ભરૂસો રાખે છે. તે શાહાનામાની છેવટે તે શાહની સીફ્ત કરે છે. તે પુરઉમેદમાં દીસે છે કે શાહ પોતાની કબુલાત પાલી હવે તેને પેલું ૬૦૦૦૦ સોનાના મીસકાલનું ઈનામ આપી નવાજશે. તે શાહને છેવટે યાદ આપે છે, કે "મેં પાદશાહની એવી રીતે સીફ્ત
"કરી છે કે તે (સીફ્તનાં) સખુનો દુનિયાની અંદર જાહેર અને
"છુપા (યાદગાર) રહી જશે. બુજોર્ગોએ મારી તારીફ કરી છે
"પણ તેની સ્તુતિ તે કરતાં વધારે થઈ છે. છ વખત દસ હજાર
"(એટલે ૬૦ હજાર) બેતો સાથનું મારૂં આએ નામું તેને યાદગાર
"(અર્પણ) કરૂં છું."

પોતાનાં એ મહાભારત પુસ્તકની છેવટે એ જગપ્રસિદ્ધ શાએર નીચલા શબ્દોમાં પોતે દીલાસો અને મગરૂરી લે છે. "જ્યારે જવાનીના દહાડા તમામ થઈ બુઢાપો આવી પોંહોચ્યો ત્યારે જમાનો મારા દાસ્તાનનું છેવટ લાવ્યો. જ્યારે આએ કીર્તીવાન નામાનો છેડો આવ્યો ત્યારે આએ જમીનની સપાટી મારાં સખુનોથી ભરપુર થઇ. જે કોઈ શખ્સમાં હોશ અને અક્કલ અને આકીન હોય તે મારા મરણ પછી મારી ઉપર આફ્રીન કરશે. હવે પછી હું મરી જઈશ નહીં. હું (હમેશ) જીવતો રહીશ કારણ કે મેં મારા સખુનનાં બી સઘળે પાથર્યાં છે."

હસન મએમંદીની બુરી સમજાવતથી શાહે કબુલેલાં કરતાં ઓછું ઈનામ આપવું—ફીરદોસીએ એ પ્રમાણે ઉમેદો અને આશાઓ વચ્ચે પોતાનું શાહનામું તમામ કરી તેમાટે પાદશાહને ખબર કરી. પાદશાહે તે પુસ્તક પોતાપાસે મંગાવ્યું. ફીરદોસીએ શાહાના માનીતા ગોલામ અયાજપાસે તે મોકલ્યું. પાદશાહ તે જોઈ ખુશી થયો અને હસન મએમંદીને ફરમાવ્યું કે ફીરદોસીને એક હાથી બોજો ઉંચકી શકે તેટલું સોનું ઇનામમાં આપે કારણ કે એના જેવી સાએરી આજસુધી કોઇએ કરી નથી. હસન મએમંદીએ નરમાસથી શાહનું મત ફેરવી નાખ્યું એવું કહીને કે એટલું સોનું જો શાહ આપે તો અલબતે શાહાના ખજાના સાથ સરખાવતાં તે શાહની બીસાદમાં કાંઈ નથી. પણ ફીરદોસી જેવા એક ગામડીઆને એટલું બધું ૬૦૦૦૦ મીસકાલ જેટલું સોનું આપવું એ ઠીક નથી, માટે જો શાહનો હોકમ હોય તો તેને ૬૦ હજાર મીસકાલ રૂપું આપવામાં આવે.[1]

એ નાના ઈનામ તરફ શાએરનો ધીક્કાર—હસન મએમંદીની તાલમેલ ભરી સમજાવતથી શાહા મહમુદે એ વાત કબુલ કરી અને તેથી હસન મએમંદીએ અયાજપાસે ફીરદોસી ઉપર કોથળીઓમાં ભરી ૬૦ હજાર રૂપાના મીસકાલ મોકલ્યા. ફીરદોસી તે વખતે જાહેર હમામખાનામાં નાહવા ગયો હતો. ત્યાંથી બાહેર આવતાં અયાજે તેની આગળ એ રકમ ધરી. ફીરદોસી તે કોથળીઓ જોઈ ખુશી થયો કે શાહે કબુલાત મુજબ ૬૦ હજાર સોનાના મીસકાલ મોકલ્યા પણ જ્યારે કોથળીઓ ઉઘાડીને જોયું કે તેતો રૂપાના મીસકાલ હતા, ત્યારે દલગીર થયો અને અયાજને કહ્યું કે શાહે તો સોનાના મીસકાલ કબુલ્યા હતા. અયાજે હસન મએમંદી અને શાહા મહમુદ વચ્ચે એ બાબદ ઉપર થયેલી વાત ફીરદોસીને જણાવી. ત્યારે ફીરદોસીએ એ રકમ-

---

૧ મેકન પ્રમાણે ૬૦ હજાર સોનાના મીસકાલ તે ૪૦૪૪૦ પૌંડ એટલે ૪૦૪૪૦૦ રૂપીઆ બરાબર થાએ અને ૬૦ હજાર રૂપાના મીસકાલ તે ૨૬૦૦ પૌંડ એટલે ૨૬૦૦૦ રૂપીઆ થાય.

માંથી ૨૦ હજાર મીસકાલ રૂપું પેલા જાહેર હમામખાનાના માલેકને આપ્યું, ૨૦ હજાર અયાજને આપ્યું અને બાકીના વીસ હજાર ત્યાં શરબત વેચવા બેઠેલા એક દુકાનદારને આપી એક શરબતનું પ્યાલું પીધું. અને પછી અયાજપાસે મહમુદ શાહને પેગામ કેહેવાડયો કે આએ શાહનામાનું મહાભારત કામ મેં કાંઈ ફકત પૈસાની ઉમેદથી હાથ ધર્યું ન હતું પણ મારા નામ અને કીર્તીમાટે હતું.

એ ધીક્કાર બાબે વજીરની શાહાને ઉશકેરણી—અયાજે એ પેગામ પાદશાહને પોંહોચાડયો ત્યારે પેહેલવેહેલાં પાદશાહને તેથી સારી અસર થઈ અને તે હસન મએમંદી ઉપર ગુસ્સે થયો કે "તારી ચાલથી તેં મને બીજા શાએરોમાં બદનામ કીધો છે. તેઓ મારે માટે ખરાબ વીચાર બાંધશે કે પાદશાહ સારી રીતે શાએરો અને આલેમો સાથે વરતતો નથી." હસન મએમંદીએ પાદશાહનો પોતા તરફનો ગુસ્સો નરમ કીધો એવું કહીને કે "પાદશાહતરફથી એક હજાર દેરમ હોય કે એક દેરમ હોય તે તેણે માનની નજરથી કબુલ રાખવા જોઈએ. પાદશાહ તરફથી એક ધુળની ચમટી હોય તો તેપણ તેણે સુરમાની માફક પોતાની આંખ પર મેલવી જોઇએ." હસન મએ-મંદીની એ સમજાવતથી પાદશાહનું મન પાછું ફરી ગયું અને તે ફીરદોસી ઉપર ગુસ્સે થયો અને કહ્યું કે એ કરમતને[1] બામ-દાદ હાથીના પગતળે કચડાવી નાખીશ, કે તેથી બીજા બેઅદબોને ધડો મળશે.

શાહનો ગુસ્સો નરમ કરવામાટે શાએરે કરેલી કોશેશ—ફીરદોસીને પાદશાહના એ ગુસ્સાની ખબર પડી તેથી તે ઘણો

(૧) કરમતીઓનો એ વખતે ઈરાનમાં એક તાયફો હતો કે જે મોહલપ્રમાણે હિજરી સનેની ત્રીજી અને ચોથી સદીમાં પુષ્કલ ફેલાયલો હતો. તેઓ કોરાનને અલંકારીક રીતે સમજાવતા અને તેથી લોકો તેઓને ચુસ્ત મુસલમાન ગણતા નહીં હતા. ફીરદોસી પોતે એ તાયફાનો નહીં હતો તોપણ શાહા મહમુદ તેને એ નામથી કહેછે તે દેખાડેછે કે તેની ઉપર લઇજવામાં આવતા ઘણા શકોમાંનો આ એક હતો.

બીહુવા લાગ્યો અને ફીકર કરવા લાગ્યો. પણ સવારના પોહરમાં જ્યારે બાદશાહ પોતાના મેહેલના બાગમાંથી નાહવાની જગ્યા તરફ પસાર થતો હતો ત્યારે ફીરદોસી જેનું મકાન પડોશમાંજ હતું અને જે મકાનમાંથી પાદશાહના બાગમાં જવાનો રસતો હતો તે જઇને પાદશાહને પગે પડયો અને કહ્યું કે તેના દુશ્મનોએ અદેખાઇને લીધે તેને તરેહવાર જુદાં જુદાં આકીન માનતો જણાવ્યો છે. તેઓએ પોતાની દુશ્મનાઇનેલીધે મને બેઅદબી લાગુ પાડી તેને મોટું રૂપ આપ્યું છે. તેણે કહ્યું કે પાદશાહના મુલકમાં ખ્રીસ્તી, યાહુદી, પારશી વીગેરે તરેહવાર મઝહબના શખસો રહેતા હતા કે જેઓ પાસે જજીઆનો કર લેવામાં આવતો. તેજપ્રમાણે તેનીપાસે બી ગમે તો પાદશાહે એ કર લેઈ તેને રહેવા દેવો પણ મારી નખાવવો નહીં. નીચલા બેતોમાં તેણે પાદશાહને અરજ કરી.

ચું દર મુલ્કે સુલતાન કે ચર્ખશ સતુદ
બસી હસ્ત તોરસા ઓ ગબ્રો યહુદ
ફજીશાન બ જજીએ કેપ્રાયત કુનન્દ
જરો માલો ખુનશાન હેમાયત કુનન્દ
ગીરપ્તંદ દર જલે અદલશ કરાર
શુદે ઇમિન અજ ગરદશે રૂઝગાર
ચે બાશદકે સુલતાને ઝરદુન શેકુહ
રહીરા શુમારદ યકી જાન ગરૂહ.

અર્થ—જ્યારે સુલતાનનો મુલક કે જેની આસમાન પણ તારીફ કરે છે તેમાં ઘણા ખ્રીસ્તીઓ પારસીઓ અને યાહુદીઓ છે અને જ્યારે તેઓ પાસેથી જઝીઆનો કર લેઈ સંતોષ પામી તેઓનાં જર માલ અને જાનની તપાસ રાખવામાં આવે છે અને જ્યારે પાદશાહના ઇનસાફી છાયા હેઠલ તેઓ સુખ ભોગવે છે અને ફરતા જમાનાથી નીરાંત રહે છે ત્યારે જો આસમાની દબદબાનો પાદશાહ હું બંદાને તેઓમાંનો એક ગણશે તો તેમાં શું થયું?

એ સખુનોથી પાદશાહનાં દીલપર અસર થઈ અને તેને માફ કર્યું. ફીરદોસીએ પોતાનો જાન બચાવ્યો પણ મનમાં તે પાદશાહ સામે ઘણો ગુસ્સે હતો. તેણે હવે ગીઝનીમાં વધારે વખત રહેવાનું સલામત નહીં ધાર્યું. તે તુરત પોતાને મકાને આવ્યો અને ગુસ્સામાં કેટલાક હજાર બીજા બેતો જે તેણે જોડી રાખ્યા હતા પણ તેની સારી નકલ હજુર કરી નહીં હતી તેના કાગજો ફાડી ટુકડા કરી તે બાળી નાખ્યા. પછી શેહેરની મોટી મસજીદ જેમાં પાદશાહ પોતે નીમાજ ભણવા આવતો હતો ત્યાં ગયો અને જે જગ્યાએ પાદશાહ પોતે ઉભો રહેતો હતો ત્યાં દીવાલ ઉપર નીચલા બેતો લખ્યા.

"ખુજસ્તે દરગેહે મહમુદ જાવુલી[1] દર્યાસ્ત
ચેગુને દર્યા કાનરા કેરાને પએદા નીસ્ત
ચુ ગઓતેહા ઝેદમ વ અનદરૂ નદીદમ દોર્‌ર
ગુનાહે બખ્તે મનસ્ત ઈન ગુનાહે દર્યાનીસ્ત

અર્થ—"જાબુલી (એટલે જાબુલસ્તાનના પાદશાહ) મહમુદની મોબારક દરબાર એક દર્યો છે અને વળી તે કેવો દર્યો? એવો કે તેનો કીનારો દેખાતો નથી. મેં તેમાં ડુબકી મારી પણ તેમાં મોતીઓ જોયાં નહીં. એ મારા નસીબનો વાંક છે, નહીં કે દર્યાનો."

શાહાસામે સખ્ત કવિતા જોડી ફીરદોસીનું ગીજનીથી નીકળી જવું—ત્યારપછી ફીરદોસી પોતાના મીત્ર અયાજની આગળ આવ્યો અને તેના હાથમાં એક કાગજ આપી કહ્યું કે આજની તારીખથી વીસ દીન પછી જ્યારે પાદશાહ કોઈ બીજાં કામથી ફુરસદ ધરાવતો હોય ત્યારે આએ કાગજ તેને પોંહોચાડજે. બેઉજણ એક બીજાને બગલગીરી કરી છુટા પડ્યા. પછી ફીરદોસી શેહેર બાહેર નીકળી ચાલ્યો. તેનીપાસે મુસાફરી માટે જરૂરનો કાંઇપણ સામાન ન હતો. ફકત હાથમાં એક લાકડી અને ખાંધપર એક જબ્બો હતો. જ્યારે ફીરદોસીની ગીઝની શેહેર છોડી જવાની વાત કેટલાક બુજોર્ગો અને

---

૧ કોઈક નકલો એ શબ્દ 'ગીઝનવી' આપે છે.

તેના મીત્રોને ખબર પડી ત્યારે તેઓએ તેનીસાથે જવાનો અને તેને મુસાફરીનો સામાન પુરો પાડવાનો ખ્યાલ કીધો પણ એમ કરવાથી રખેને તેઓ પાદશાહનો અને તેના વજીર હસન મએમંદીનો કોપ ખેંચી લે એવા વીચારથી તેઓ પાછા હઠયા. પણ અયાજે પોતાની દોસ્તીનો તરીકો બતલાવ્યો. તેણે કોઈ જાણે નહીં તેમ તેની પાછલ સવારીમાટે એક ઘોડો અને બીજો મુસાફરીનો અસબાબ મોકલ્યો.

ફીરદોસીની શાહમાટે નિંદાભરેલી કવિતા—હવે વીસ દહાડા પછી અયાજે ફીરદોસીના ફરમાવવા પ્રમાણે પેલો કાગજ મહમુદ શાહને આપ્યો. ઉખેડી જોતાં શાહને માલમ પડયું કે તેતો તેની સામે જોડેલી સખ્ત ટીકા કરનારી એક કવિતા હતી. આતશ કદેહના લખનાર પ્રમાણે કેટલાકો કહેછે કે શાહાના પુસ્તકખાનાનાં પુસ્તક અધીકારી પાસે ફીરદોસીએ કોઈ બાહાને પોતે લખેલાં શાહનામાની નકલ માગી લીધી અને તેમાં એ કવિતા કોઈ ન જાણે તેમ લખી લીધી. પણ ફીરદોસી એટલો બધો જોખમ ખુદ શાહની દરબારમાં ખેંચે એ માની શકાતું નથી. જ્યારે આપણે જોઇએ છીએ કે પેહેલે દાહડેની રૂપીઆ કબુલ ન રાખવાની બેઅદબી માટે તે કેટલો બધો ગભરાયો હતો ત્યારે તે એટલો બધો જોખમ ખેંચે એ માની શકાતું નથી. એ કવિતા જેમ મેકને પોતાના ફારસી દીબાચાની છેવટે આપીછે તેમ તેનો તરજુમો અહીં કર્યોછે.

" અએ દુનિયાને જીતનાર મહમુદશાહ! જો તું કોઈથી નહીં બીહે તો ખોદાથી બીહ. તારી આગમચ ઘણા પાદશાહો થઈ ગયા છે કે જેઓ દુનિઆના તાજ ધરાવનાર પાદશાહો હતા. તેઓ દબદબામાં, ખજાનામાં, લશ્કરમાં, તખતમાં અને તાજમાં તારીથી સરસ હતા. તેઓએ ખુબી અને રાસ્તી સીવાય બીજું કાંઈ કર્યું નહીં. તેઓ ઘટાડા યા નુકસાન તરફ ફર્યા નહીં. તેઓએ પોતાની હાથનીચેનાઓનો હમેશાં ઈનસાફ કીધો. પાક યજદાનની સેતાયશ કરનારા સીવાય તેઓ બીજા કોઈ ન હતા. આએ દુનિયામાંથી તેઓએ નેકનામી સીવાય બીજું

કાંઈ સોધ્યું નહીં અને તે નેકનામી સોધવાથી સારૂં છેવટ મેળવ્યું. જેબી પાદશાહ દીનારના બંદમાં (એટલે પૈસાના લોભમાં) પડયો હોય તે અક્કલમંદ માણસો આગળ કંગાળ ગણાયછે. હમણા જ્યારે દુનિયામાં તારી પાદશાહી છે ત્યારે તું પુછેછે કે આએ બુરૂં બોલવું શાને માટેછે? તુંએ મારૂં આએ તેજ મગજ જોયું નથી? તું મારી લોહી રેડનારી તલવાર(એટલે જબાન)નો વીચાર કરતો નથી કે તું મને બુરી દીનનો અને બુરા તરીકાનો જણાવેછે? હું જે બહાદુરસિંહ જેવો છું તેને તું મેંહું કહેછે? તેઓએ મારી નીંદા કરીછે કે હું બદસખુનોનો બોલનાર, પેગંબર અને અલીના તરફના પ્યારમાં ઘરડો થઈ ગયોછું. જે ધણીનાં દીલમાં અલીને માટે ધીક્કાર હોય તે ધણીનાં કરતાં આએ દુનિયામાં વધારે કંગાળ નીચ માણસ કોણ હોય? જો કે પાદશાહ મારાં શરીરના ટુકડેટુકડા કરે તોપણ હું કેઆમતના દાહડાસુધી બેઉનો ગુલામ રહીશ. જો કે પાદશાહની તલવાર મારા માથા ઉપર પસાર થાએ તોપણ હું એ બેઉ પાદશાહોના પ્યારથી હાથ નહીં ઉઠાવું. હું પેગંબરનાં કુટુંબનો ગુલામ છું અને તેના વસી (વસીએત બજાલાવનાર અલી)ના પગની ખાકની સ્તુતી કરનારછું. મને તેં ધમકી આપી કે નીલના દર્યાવની[1] માફક હાથીના પગ તળે તારાં શરીરને કચડી નાંખું. (એ ધમકીથી) હું ડરતો નથી કારણ મારાં રોશન દેલને લીધે પેગંબર અને અલીના જાન માટે દીલમાં હું પ્યાર ધરાવુંછું. પેલા ઈશ્વિરોક્ત શાસ્ત્ર અથવા ઈશ્વરે પ્રગટ કરેલી સચ્ચાઈનો સાહેબ, જે ફૂરમાન આપનારો સાહેબ છે તેમ મનાઈ કરનારો સાહેબ છે તેણે શું કહ્યુંછે? "કે હું એલમનું શેહેરછું અને અલી મારો દરવાજો છે." એ સાચ્ચા સખુન પેગંબરનો કોલ છે. હું ખાતરી આપુંછું કે એ સખુન તેના વચનનો ભેદ સમાવેછે. તું કહે કે મારા બેઉ કાનો તેનો આવાજ (સાંભળવા) ઉપર છે. જો તારામાં અક્કલ અને તદબીર

---

(૧) જેમ નાઈલ નદીનાં પાણીના જોસથી માણસનું તન કચડાઈ છુંદાઈ જાય તેમ.

અને વીચારશક્તિ હોય તો પએગંબર અને અલીની નજદીક તારી જગા લે. અગર જો એ (મારી શીખામણથી) તુને નુકસાન થાય તો તેનો ગુનેહગાર હું છું. મારી રાહરીતી એજ પ્રમાણેછે.[1] એ (રાહરીતી અથવા આકીન) સાથે હું જન્મ્યોછું અને એની સાથે હું મરણ પામીશ. તું એમ જાણજે કે હું સિંહ (એટલે અલી) ના પગની ખાકછું. મને બીજાઓ સાથે કામ નથી, અને એ બાબદ ઉપર મને બોલવાની જગા નથી. જો શાહ મહમુદ એ આકીનથી દુર થાય તો તેનામાં એક જવભાર અક્કલ નહીં હોવી જોઇએ. જ્યારે ખોદા પેગંબર અને અલીને બીજી દુનિયામાં પાદશાહી તખતના ઉપર બેસાડે છે ત્યારે જો હું (અહીં) તેઓની તરફના મારા પ્યારનું વર્ણન કરૂં તો (ત્યાં) મહમુદ જેવા એકસો માણસની તરફેણ કરી શકું. જ્યાંસુધી દુનિયા કાયમ રહેશે ત્યાંસુધી પાદશાહો કાયમ રહેશે. તે તાજદાર પાદશાહોને મારો આએ પેગામ છે કે પાક માણસોની સંગત રાખનાર ફીરદોસી તુસીએ આએ શાહનામું મહમુદના નામ માટે લખ્યું નથી. મેં એ પેગંબર અને અલીનાં નામમાટે લખ્યુંછે અને તેમાં ઘણો મોટો અર્થ સમાવનારાં ગોહરો મેં વીધ્યાંછે. જ્યારે ફીરદોસી આએ જમાનામાં જન્મ્યો ન હતો ત્યારે તે એટલા માટે હતું કે તે(જમાના)નું નસીબ જવાન નહીં હતું.[2] તુંએ મારાં આએ પુસ્તક તરફ નજર નહીં કીધી અને એક બદગોઈ કરનારા શખસના કહેવાથી તું વાજબી માર્ગથી પાછો ફર્યો. જે કોઈ ધણીએ મારી કવિતાને હલકી પાડીછે તે ધણીનો હાથ આએ ફરતું આસમાન કદી પકડશે નહીં. આગલા પાદશાહોનું આએ પુસ્તક મેં મારા સુંદર શબ્દોમાં લખ્યુંછે જ્યારે મારી નજદીક એંસી વર્ષની ઉમ્મર થઈ ત્યારે મારી સઘળી ઉ-

---

(૧) એ બાબદના ઘણાક બેતો ફીરદોસીએ શાહનામાના દીબાચામાંથી લીધાછે.

(૨) આએ મુશકેલ બેતોમાં ફીરદોસી પોતામાટે ઘણો ઉંચો વીચાર રાખી કહેવા માગેછે કે હું અત્યાર અગાઉ જનમ્યો ન હતો કારણ કે જમાનાનું અથવા આએ દુનિયાનું નસીબ હજુર જવાન એટલે બખતાવર થયું ન હતું. જ્યારે જમાનાનું ભાગ્ય જવાન અથવા મોટું થયું ત્યારે મારા જેવા કવિનો જન્મ થયો.

મેહદ એકદમ બરબાદ થઈ. આએ ત્રણ પાંચ દહાડાની દુનિયામાં ત્રીસ વર્ષસુધી પૈસાની ઉમેદમાં મેં એટલી બધી રંજ ખેંચી. લડાઈને લગતા બેતો ૬૦ હજાર (મેં લખ્યા), તે સઘળા (નીચલી બાબદો ઉપરહતા). લડાઈને લગતી રીત ઉપર; તલવાર, તીર, કમાન અને કમંદ, રાજદંડ અને બુલંદ કટાર, ઘોડાનાં બખતર, લડાઈનાં બખતર અને કોલાહ; જંગલ, દર્યો, જમીન ને નદી; વરૂ, સિંહ, હાથી અને વાઘ; અફ્રીત[1] અજદહા અને મગર, ગુલની નીરંગ[2] અને દેવોનાં જાદુ કે જે દેવોના અવાજ છેક આસમાન સૂધી પોંહોચે છે; લડાઈને દીવસે પ્રખ્યાત થયલા મરદો અને લડાઈ અને લડાઈની બરાર મારતી વખતના જંગી પેહેલવાનો; દબદબા અને તેજસાથના નામદારો જેવા કે તુર, સેલમ, અને અફ્રાસીઆબ, જેવા કે પાદશાહ ફરીદુન અને કૈકોબાદ, જેવા કે બદ ચાલનો અને આફ્રીન અને ઈનસાફ વીનાનો જોહાક, જેવા કે ગોસ્તાસ્પ અને સામ નરીમાન પેહેલવાન, જેહાંન પેહેલવાનો કે જેઓ પોતાના હાથથી (ઘણી ચીજો ફતેહ કરી) લેઈ જતા હતા, જેવા કે હોસંગ અને દેવબંદ તેહમુરસ, મીનોચેહેર અને બુલંદ શાહ જમશેદ, જેવા કે કૌસ અને તાજ ધરાવનાર કૈખસરૂ, જેવા કે રૂસતમ અને નામદાર રૂઈનતન, જેવા કે ગોદરેજ અને તેના ચુનનદા એંસી છોકરાઓ જેઓ લડાઈનાં મેદાનમાં અચ્છા સવારી કરનારા અને કીનાની વખતે સિંહ જેવા હતા; વળી નામવર પાદશાહ લોહરાસ્પ અને લશ્કરનો સરદાર ઝરીર અને ગુસ્તાસ્પ, જેવા કે જામાસ્પ કે જે આસ્માનનો શુમાર કાહાડવામાં રોશન સુર્ય કરતાં પણ ચલકતો હતો; જેવા કે દારાએ દારાબ અને બેહમન અને સેકંદર કે જે શાહનશાહો નો શાહ હતો, જેવા કે અરદેશીર પાદશાહ અને તેનો શાપુર, જેવા કે બેહેરામ અને નેક નોશીરવાન, જેવા કે પરવીઝ અને હોરમજ અને તેનો છોકરો કોબાદ, જેવો કે ખુસરૂ કે જેનું નામ પરવીજ આપ્યું હતું. એવા

---

(૧) એક જાતના દેવનું નામ. (૨) એક જાતના દેવોની અસર દુર કરનારા શબ્દો.

ગરદનના ઉઠાવનાર નામદારો કે જેઓનું એક પછી એક મેં ચીત્ર રજુ કર્યુંછે, જે સઘળાઓ લાંબો જમાનો થયો મરણ પામ્યા છે તેઓનું નામ મારા સખુનોથી પાછું જીવતું થયું છે. ઈસાની માફક મેં એ સઘળા મરણ પામેલાઓને એકદમ તેઓના નામથી જીવતા કર્યાછે. ઓ પાદશાહ, મેં તુંને એક એવું નમન કર્યુંછે કે તે તારીથી દુનિયામાં યાદગાર રહી જશે. આબાદ કરેલાં મકાનો વરસાદથી અને સૂર્યના તાપથી ખરાબ થાયછે પણ મેં મારી કવિતાથી એક એવાં બુલંદ મકાનનો પાયો નાખ્યોછે કે જેને પવન અને વરસાદથી નુકસાન થશે નહીં. એ પુસ્તક ઉપર જમાના પાછલ જમાના પસાર થશે અને દરેક શખસ જેને અકલ હશે તે તે વાંચશે. તું એ મને એવી રીતની સારી આશા આપી હતી નહીં. તું દુનિયાના પાદશાહ પાસથી મને એવી ઉમેદ નહીં હતી પણ એક બુરા વીચારનો માણસ[1]. જેનો દહાડો કદી નેક હોતો મા, તે મારા સારા સખુનોનેમાટે બુરૂં બોલવા લાગ્યો. પાદશાહની આગલ તેણે મને ખરાબ રૂપમાં મુકયો. રોશન ઇંગારને કોલસા મીસાલે કર્યો. અગર જો તું રાસ્ત આદમીઓમાંનો એક ઈનસાફ કરનાર હતે તો (મારેવિષે) કહેવામાં આવેલી એ વાતબાબે તું વીચાર કર તે. તું કહેશે કે મેં (મારી કવિતાના) સખુનોનો પાયો નાખવામાં મારી બારીએત પ્રમાણે સખુનોને ઈનસાફ આપ્યોછે. મારા સખુનોથી મેં દુનિયાને બેહેસ્ત મીસાલે કરીછે.[2] એની આગમચ કોઈએ સખુનોનું બી નહીં રોપ્યું હતું. સખુનોનો ફેલાવો કરનારા ઘણા હતા. તેઓએ સખુનોને કાંઈપણ હદવિના (કવિતામાં) માપ્યાછે (રચ્યાછે). પણ જો કે તેઓ ઘણા થઈ ગયાછે તોપણ તેઓને વિષે કોઈ હવે કાંઈ

---

(૧) એ હસન મએમંદીનો ઈસારોછે.

(૨) અયાજની માટે ફીરદોસીએ જ્યારે બેતો જોડી હતી ત્યારે માહમુદશાહે ફીરદોસી માટે કહેલા સખુનો કે 'તું એ મારી દરબારને ફીરદોસ (બેહેશ્ત) જેવી બનાવી છે' તે સખુનોની ફીરદોસીએ માહમુદશાહને અહીં પાછી યાદ આપેલી દીસે છે.

બોલતું નથી. આએ ત્રીસ વર્ષ મેં ઘણી મેહેનત ખેંચી છે અને આએ ફારસી(પુસ્તક)થી ઇરાનને જીવતું કર્યુંછે. અગર જો પાદશાહ હાથનો તંગ નહીં હતે તો મને તખત ઉપર (એના બદલામાં) જગ્યા મળતે. પાદશાહને અક્કલ ઉપર સતા નહીં હતી, નહીં તો મને તે તખત ઉપર બેસાડતે. તે પોતાની દુનીઆદમાં તાજ ધરાવનાર નહીં હતો તેથી તેને તાજ ધરાવનારાઓની (રાહુરસમની) કાંઇ યાદ આવી નહીં. અગરજો શાહનો બાપ પણ શાહ હતે[1] તો મારા માથાપર સોનેરી તાજ મુકતે. અગર જો પાદશાહની માએ એક બાનુ હતે તો મને ગુંઠણભર સુનું રૂપું આપતે. તેના ખાનદાનમાં બુજોર્ગી નહીં હતી તેથી તે બુજોર્ગોનાં નામો સાંભળી શકયો નહીં.[2] બુલંદ બુનીઆદના પાદશાહ મહમુદનો હાથ ઘણો તંગ હતો.[3]

---

(૧) એ પાદશાહનો બાપ જાતે ગુલામ હતો.

(૨) ફીરદોસીના દુશ્મનોએ શાહને ઉશ્કેર્યો હતો કે એતો ફક્ત આગળા પાદશાહોની સ્તુતી કરવા પડયોછે તેનો એ ઇશારો છે.

(૩) એ બેત નીચે પ્રમાણેછે.

કફેશાહ મહમુદ આલી તબાર.
નેહ અન્દર નેહ આમદ સે અન્દ ચેહાર.

અર્થ—બુલંદ બુનીઆદના પાદશાહ મહમુદનો હાથ નવની અંદર નવ અને ત્રણની અંદર ચાર આવ્યો. અહીં મતલબ કંજુસની છે પણ 'નવની અંદર નવ' અને 'ત્રણની અંદર ચાર' એવી ઈબારતનો એ અર્થ કેમ થયો તે બાબે મો. મોહલ અટકલ કરેછે કે તે કોઇ જાતની રમત ઉપરથી લીધું હોય. કેટલાકો 'સેઅંદર ચેહાર'ને બદલે 'ચેહાર અંદર ચેહાર' લેછે અને પછી સમજાવેછે કે 'મુઠી વાળવી' એ કંજુસાઇની નિશાની છે. આપણે મુઠી વાળીને દેખાડીએ છીએ કે એનો હાથ તંગ છે-યાને એ કંજુસ છે. હવે અંગોઠો બાહાર રાખી મુઠી વાળતાં બેઉ બાજુએ ફારસી નવના જેવો આકાર બનેછે તેથી ફીરદોસી લખેછે કે 'નવની અંદર નવ' એટલે બેઉ બાજુએ ઉપર અને નીચે નવ બને તેવો મહમુદનો હાથ હતો. વલી અંગુઠો બાહાર રાખી મુઠી વાળતાં નીચે ચાર આંગલાં અંડેલાં હોયછે અને ઉપર તેજ આંગળાંનાં ચાર તાંચાં હોયછે તે ઉપરથી ફીરદોસી 'ચાર અન્દર ચાર' લખેછે.

જ્યારે મેં ત્રીસ વર્ષ સુધી શાહનામાં પાછળ રંજ ખેંચી એવી ઉમેદથી કે પાદશાહ તેના બદલામાં મને ખજાનો આપશે અને મને આએ દુનિઆમાં કશાનો ગરજાઉ નહીં રાખશે અને મોટા માણસોમાં મને સરફરાજી આપશે ત્યારે પાદશાહે મને બદલો આપવા ખજાનાનો દરવાજો ઉઘાડયો અને એક ફુકાની કીમત સીવાય બીજું કાંઈ નહીં આપ્યું.[1] પાદશાહના ખજાનાની મેં એક ફુકાની જેટલી કીમત ગણી. તે (ખજાના)થી મેં રસ્તામાં ફુકાનું એક પીણું ખરીદયું. એક નાહનો પૈસાનો સીક્કો આવા પાદશાહ કરતાં બેહેતર છે કે જે પાદશાહને નથી કાંઈ રીતભાત કે તરીકો કે આકીન. એક ગુલામજાદો જો કે તેનો બાપ પાદશાહ થયો હોય તોપણ કાંઈ કામ આવતો નથી. નાલાયક માણસોનું સર બુલંદ કરવું અને તેમાંથી ભલાઈની આશા રાખવી એ પોતાની (જીંદગીની) દોરીનો છેડો ગુમ કરવા બરાબર છે, એ પોતાના પોષાકના છાતીવાળા ભાગમાં (એટલે છાતીએ) સાંપ પાળવા બરાબર છે. એક ઝાડ કે જેની જાતજ કડવી હોય તેને જો તું બેહેસ્તના બાગમાં પણ રોપે અને તેના મુલમાં પાણી છીપવાને વખતે બેહેસ્તની નદીમાંથી તું સ્વચ્છ મધ પણ છીપે તોપણ છેવટે તે પોતાનો જાતી ખવાશજ કામમાં લાવશે અને મેવા તરીકે કડવાં ફળ આપશે. અગર જો તું અંબર વેચનારાઓ પાસેથી પસાર થશે તો તારો સઘળો પોષાક અંબર (ના જેવો ખુશબોદાર) થશે. અગર જો તું એક કોલસાવાળાની નજદીક જશે તો તેનાથી કોળસા શીવાય તુંને બીજું કાંઈએ નહીં મલશે. બદખાસીઅતનાં માણસોથી બદી થાય તો તેમાં અજબ જેવું નથી. રાતથી અંધારાને છીનવી લેવું નહીં જોઇએ. કોઈ નાપાક જાદા ઉપર તારી ઉમેદ ના બાંધ. એક હબસી નાહવા ધોવાથી સફેદ થતો નથી.

---

(૧) ફુકા એક જાતનું શરબતના જેવું પીણું છે. આપણે આગળ જોયું કે પાદશાહે સોનાને બદલે રૂપાના મીસકાલ મોકલ્યાથી ફીરદોસીએ તેમાંથી ૨૦ હજાર એક શરબતનું પ્યાલું પી તે વેચનારને આપી દીધા તેનો એ ઈસારોછે.

એક ખરાબ બુનીઆદના આદમીથી સારાંની આશા રાખવી તે પોતાની આંખમાં ધુળ ઘાલવા બરાબર છે. અગર જો પાદશાહ પાકનામવાળો હતે, જો એ બાબદમાં તે જ્ઞાનને કીમતી ગણતે, અને જો પાદશાહોની રીતભાતના અને કદીમ રાહરસમોના આએ (મારા) તરેહવાર સખુનો તે સાંભળતે તો મારી મોરાદ ઉપર તે બીજીજ રીતે નજર કરતે અને મારો વખત એ પ્રમાણે ખરાબ નહીં થતે. મેં આએ નામીચા બેતો એ વીચારથી લખ્યા છે કે પાદશાહ તે ઉપરથી શીખામણ લે અને હવે પછી જાણે કે સખુનો તે કેવા પ્રકારના હોયછે અને બુઢા પીરમરદની શીખામણનો વિચાર કરે, બીજા શાએરોને તે દુઃખ દે નહીં અને વળી પોતાની હોરમતને તપાસે કારણ કે એક કવિ જ્યારે તે કોઇથી દુખી થાયછે ત્યારે સખ્ત ટીકા કરનારી કવિતા જોડેછે. તે કવિતા કેઆમતસુધી યાદગાર રહી જાયછે. મારા માથા ઉપર ખાક નાખી અને ખાક છાંતી હું પાકયજદાનની દરગાહમાં પોકાર કરૂંછું કે, ઓ ખોદા ! તેના રવાનને આતશથી બાળી નાખ અને હું તારા લાયક બંદાનાં દીલને રોશન કર.

શાહસામેની કવિતામાંથી શાએરની જીંદગીની હકીકતોના મલતા ઈસારાઓ—શાહા મહમુદ સામે ટીકા કરનારી ઉપલી ફીરદોસીની કવિતા ઉપરથી આપણને તેની જીંદગી સંબંધી નીચલા ઈસારાઓ મળેછે જે આપણે આગળ જે કહ્યું છે તેને ટેકો આપેછે.

૧. એ એક ચુસ્ત સીહા હતો અને અલીના નામ ઉપર જાન ફેશાની કરતો હતો.

૨. તે પોતાને "ફીરદોસી તુસી" નાં નામથી ઓળખાવતો હતો કારણ તે પોતે એ કવિતામાં પોતામાટે એ નામ વાપરેછે.

૩. જો કે શાહા મહમુદ ઉપર મોટી આશા બાંધી તેના બદલાની મોટી ઉમેદમાં તેણે શાહનામું તમામ કર્યું તોપણ તેણે એ કામ આગળથી શરૂ કર્યું હતું અને તેમાં ગંજ મેળવવા સાથ પોતાના નામને અમ્મર કરી જવાની મોટી મતલબ હતી.

૪. એક નીંદાખોર (હસન મએમંદી)ની ઉશ્કેરણીથી પાદશાહે એના લખાણ ઉપર ધ્યાન આપ્યું ન હતું.

૫. તેણે ૩૫ વર્ષ બધાં મળી શાહનામાના કામ પાછળ રોક્યાં, અને તે અરસામાં ઘણીક ગરીબી, દુખ, સંકટ અને રંજ ખમ્યાં, એવી ઉમેદથી કે શાહ છેવટે એ સર્વનો બદલો વાળી આપશે.

૬. જ્યારે પાદશાહે પોતાનો કોલ તોડી તેને સુનાને બદલે રૂપાનાં મીસકાલ આપ્યા ત્યારે તેણે તે રકમમાંથી મોટો ભાગ એક શરબત-વાળાની દુકાનેથી 'ફુંકા' નામનાં એક જાતનાં શરબત યા પીણાની કીમત માટે આપી દીધો.

૭. તેણે ૬૦ હજાર બેતો શાહાનામામાં લખ્યા હતા.

તે કવિતાથી શાહને ઉપજેલો ગુસ્સો—ફીરદોસીના ફરમાવવા પ્રમાણે અયાઝે જ્યારે વીસ દીન પછી ઉપલી કવિતા મહમુદશાહને આપી ત્યારે તે વાંચી તે ઘણો ગુસ્સે થયો અને તેણે તુરત ઘોડેસવારોને ફીરદોસીની પાછલ દોડાવ્યા એવું કહીને કે જે એને પકડી લાવે તેને ૫૦ હજાર દીનારનું ઈનામ આપવામાં આવશે. ગીઝનીથી નાસી જવા પછીની ફીરદોસીની નાસભાગની જીંદગી વિષેની હકિકતો ચોકસ માલમ પડતી નથી. તે બાબેના જુદાં જુદાં વર્ણનોમાં ઘણો ફેર પડેછે. બાઈસનગરખાનવાળા દીબાચામાં ફીરદોસીની જીંદગીનો હેવાલ આપતાં જે કેટલીક બેતો આપેલી છે તે ફીરદોસીની જીંદગીના કોઈ આગલા બેતમાં લખાયલા એહવાલ ઉપરથી આપીછે. તે બેતોનાં વર્ણનમાં અને ખુદ એ દીબાચાના ગદ્યમાં લખાયલાં વર્ણનમાં કેટલોક ફેર છે. એ કારણને લીધે બેતમાં લખેલા આગલા હેવાલને મોહલ વાજબીરીતે વધારે વજન આપેછે.

ફીરદોસીની નાસભાગ—દોલતશાહ નામના ફીરદોસીની જીંદગીના એક એહવાલ લખનાર પ્રમાણે ફીરદોસી મહમુદશાહની તેની ઉપર ઈતરાજી ઉતર્યા પછી પણ નજકીક એક મહીનોસુધી ગીજનીમાં ભરાઈ રહ્યો અને પછી અબુલમાની નામના એક ચોપડી વેચનાર

વેપારીને ત્યાં હેરાતમાં ભરાઈ રહ્યો હતો. જ્યારે શાહાનો એની સામેનો ઢંઢેરો સારી રીતે જાહેર થયો ત્યારે વધારેવાર એજ શેહેરમાં ભરાઈ રહેવાનું સલામત નહીં ધારી ત્યાંથી માઝીનદરાન તરફ નીકળી ગયો. એક માસ સુધી ફીરદોસી ગીઝનીમાં છુપાઈ રહ્યો હતો એમ કોઈ બીજા અહેવાલને આધારે ચોકસ દીસતું નથી, પણ આતશ કદેહનો લખનાર એને થોડો વખત હેરાતમાં ભરાઈ રહેતો જણાવેછે. બાઈસનગરખાનના દીબાચાના લખનાર પ્રમાણે ફીરદોસી ગીઝનીથી પેહેલે કોહીસતાંન ગયો હતો પણ એજ દીબાચામાં જે આગલા કોઈ એહેવાલના બેતો આપ્યા છે તેમાં લખવા પ્રમાણે તે પેહેલે માઝંદરાન ગયો હતો. કોહીસતાંન તો તે પાછળથી ગયો હતો.

"જે ગીજની ચુ ફીરદોસી આમદ બીરૂન
અઝઆનજા બ માઝીનદરાન શુદ દરૂન" એટલે
"જ્યારે ગીજનીથી ફીરદોસી બાહેર નિકળ્યો ત્યારે ત્યાંથી માઝીનદરાનમાં દાખલ થયો."

શાએરનું માઝંદરાન ભણી નાસવું.—એ વખતે માઝંદરાન જોરજનના શાહજાદા કાબુસની સત્તા હેઠલ હતું. આંહી ફીરદોસી પોતાનાં શાહાનામાને સુધારવામાં રોકાયો. ફીરદોસીએ પોતાનું પુસ્તક એ શાહજાદાને ભેટ આપવા કહ્યું અને તેના માનમાં તેણે કેટલીક કવિતા જોડી. એ શાહજાદો પોતે પણ એક ભણેલો માણસ હતો અને તે પોતાની માએ તરફથી 'મર્ઝબાન' નામના પુસ્તકના લખનાર મર્ઝબાન બીન રૂસ્તમ બીન શર્દીનની છોકરીનો છોકરો થતો હતો. તેણે ફીરદોસીની કદર બુજી તેની હાજતો પુરી પાડવાને કબુલ્યું. પણ જ્યારે તેણે ફીરદોસીના મહમુદશાહ સાથના સંબંધની અને તેની નાસભાગસાથની સઘળી વાતનો વીચાર કર્યો ત્યારે તે ગભરાયો કારણ કે તે જાણતો હતો કે મહમુદશાહનો ડોળો તેનો મુલક જીતવા પર ભરાઈ રહ્યો હતો કે જેમ તેણે ખરેખર થોડાંક વર્ષ પછી કાબુસના છોકરા મીનુચેહેરના વખતમાં ત્યાં વડા પાદશાહ તરીકે પોતાનો દસ્ત સ્થાપી દે-

ખાડી આપ્યું. ફીરદોસીની મેહેમાનદારી રખે લડાઇનું કારણ થઇ પડે એવી ધાસ્તી રાખી કાબુસે ફીરદોસીને મોટી ભેટ આપી, બીજા કોઇ મુલકમાં જવાને વિનંતી કરી.

ફીરદોસીના બેતબાજીમાં અહેવાલ લખનાર પ્રમાણે એણે એ શાહાજાદાની એવી તો બેતોમાં તારીફ કરી કે જેવી રાતના વખતે પોતાનો માર્ગ ચુકેલો એક મુસાફર ચંદ્રમાની તારીફ કરે. એ બેતો તેણે શાહનામામાં દાખલ કીધી. પણ શાહાનામાની કોઇપણ હાલની નકલોમાં કાબુસની સીફતના બેતો માલુમ પડતા નથી. કાબુસની ભેટ સોગાદથી અને તેની પોતા તરફની વર્તણુકથી ખુશી થઇ ફીરદોસી તેની દરબાર છોડી બગદાદ શેહેર તરફ ગયો.

બગદાદ શેહેરની મુલાકાત—બગદાદમાં તેની પીછાનવાળું કોઈ નહતું તેથી કેટલોક વખત તે એકાંત રીતે રહ્યો. એવામાં એક દહાડો તેને એક વેપારી મળ્યો જેની સાથે તેને આગલની કાંઇક ઓળખાણ હતી. તે વેપારીએ તેને માન અકરામ આપ્યું અને તેને પોતાને ઘેર લઇ જઈ આરામ આપી રાખ્યો. ફીરદોસીએ તેની આગલ પોતાનો સઘળો અહેવાલ શરૂથી તે આખેરસુધી કહ્યો. પેલા વેપારીએ તેને દીલાસો આપ્યો કે "કાંઈ ફીકર નહીં. સારૂ થયું છે કે તું અમીરૂલ મોમીન (એટલે દીન ઉપર એતેકાદ રાખનારાઓના સરદાર) યાને ખલીફના શેહેરમાં આવ્યો છે. મને ખલીફના વજીરસાથે ઘણી સારી પીછાન છે હું તેને તારા અહેવાલથી વાકેફ કરીશ જે પોતે ખલીફને તેથી વાકેફ કરશે." પેલા વેપારીએ વજીરને ફીરદોસીના હેવાલથી વાકેફ કર્યો અને ફીરદોસી જે અરબી પણ સારી પેઠે જાણતો હતો તેણે વજીરની સીફતમાં જે થોડીક બેતો રચી હતી તે વજીર આગળ હાજર કરી. વજીરની દરબારમાં જ્યારે તે બેતો વાંચવામાં આવી ત્યારે સઘળાઓ તેથી ખુશી થયા અને ફીરદોસીની કાબેલીઅતની તારીફ કરવા લાગ્યા. વજીરે ખુશી થઇને ફીરદોસીને પોતાના મકાનમાં વાસો આપ્યો અને ખલીફ કાદરબીલ્લાસાથે તેની પીછાન

કરાવવાને જણાવ્યું. પછી વજીરે ખલીફ આગળ ફીરદોસીની સઘળી હકીકત કહી અને હસન મએમંદી અને સુલતાન મહમુદની તેની તરફની સઘળી વર્તણુકથી તેને વાકેફ કર્યો. ખલીફે ફીરદોસીને મળવાની ઇચ્છા જણાવી અને ફીરદોસી તેની દરબારમાં તેની સીફતમાં જોડેલી એક હજાર બેતો સાથે હાજર થયો. વજીર અને ખલીફની સીફતમાં જોડેલી ફીરદોસીની બેતો બચી રહેલી દીસતી નથી. ખલીફ ફીરદોસી ઉપર ઘણો મેહેરબાન થયો અને તેને ઘણા માન અને ઇજતથી રાખ્યો.

ફીરદોસી તરફના જાતીમાન અને મોહોબત છતાં ખલીફ અને તેના દરબારીઓને ફીરદોસીનું શાહનામું પસંદ નહીં પડયું કારણ કે તે ઇરાનના અસલી આતશની સેતાયશ કરનારા જરથોસ્તી પાદશાહોની સીફતમાં હતું. ખલીફ અને તેના દરબારીઓનો મજબુત પ્યાર અને પ્રીતી મેલવવા માટે ફીરદોસીએ બગદાદમાં યુસફ અને ઝુલીખા નામનો જાણીતો કીસ્સો બેતબાજીમાં લખી કાહાડયો કે જે કીસ્સાની વાત કોરાનમાં જણાવી છે. ખલીફ અને દરબારીઓ એ બેતોથી ઘણા ખુશ થયા અને ફીરદોસી તરફ ઘણી પ્રીતી દેખાડવા લાગા. એ કીસ્સાના તેણે નવ હજાર બેતો શાહાનામાના છંદમાંજ રચ્યા હતા.

બગદાદથી નાસભાગ—હવે જોકે ફીરદોસી બગદાદના દૂર દેશમાં ગયો હતો તોપણ સુલતાન મહમુદે તેની પુંઠ નહીં મુકી હતી. જ્યારે તેને ખબર પડી કે ફીરદોસી ખલીફની દરબારમાં ખુદ ખલીફ અને તેના દરબારીઓથી માન પામી રહે છે ત્યારે તેણે એક કાગજ ખલીફ ઉપર લખ્યો અને તેમાં માગણી કરી કે ખલીફે ફીરદોસીને મહમુદશાહને હવાલે કરી દેવો. પીકેરીંગ કહે છે તેમ બગદાદના ખલીફ અને મહમુદશાહવચ્ચેનો સંબંધ જેમ યુરોપમાં રોમના પોપ અને જર્મનીના શહાનશાહવચ્ચે હતો તેમ હતો. એ ખલીફો જોકે પોપની માફક જેમ ધર્મસંબંધી તેમ રાજદવારી મોટી સત્તા ધરાવતા હતા તોપણ તેઓ મહમુદશાહ જેવો નવો ઉગી નીકલેલો પાદશાહ જેને

પોતાને નામના નવા સીક્કા પાડવાનું પણ શરૂ કર્યું હતું તેને દલગીર કરવા નહીં ચાહતા હતા. આવો મામલો જોઈ ફીરદોસી બગદાદથી નીકલી અહવાઝ કે જે તે વખતે ઈરાક અજમીની રાજધાની શેહેર હતું ત્યાં ગયો. ત્યાંના હાકમને તેણે યુસફ ઝુલીખાની કવીતા અર્પણ કરી. એ અર્પણ કરવાની બાબત ઉપરથી અને એ કવિતામાં, ફીરદોસી જણાવે છે કે તેણે એ કવિતા એ હાકેમની મદદ અને ઉશકેરણીથી લખી હતી તે ઉપરથી ફીરદોસીનો અહેવાલ લખનારાઓ એ કવિતા બગદાદમાં લખેલી જણાવે છે તે મેકન કહે છે કે ભુલ ભર્યું છે. પણ એ બની શકે એમ છે કે ફીરદોસીએ એ કીસ્સાનો થોડોક ભાગ બગદાદમાં ખલીફની પસંદગી મેળવવા માટે લખી કાહાડયો હોય અને ત્યાર પછી તેણે તે ઈરાકના હાકમના આસરા હેઠલ તમામ કર્યો હોય. એ કીસ્સો નવ હજાર બેતોનો ઘણો લાંબો હોવાને લીધે અલબતે તેને તમામ થવાને ઘણો વખત લાગવો જોઈએ.

કોહીસ્તાનની મોલાકાત—અહીંથી તે હવે કોહીસ્તાન ગયો જ્યાંનો હાકમ નાસેરલક તેને માટે ઘણું માન ધરાવતો હતો. નાસેરલકે પોતાના કેટલાક માનીતા દરબારીઓને તેને લેવા મોકલ્યા અને પોતે પણ તેને મળવા જઈ તેને ઘણો મેહેરબાની ભરેલો આવકાર દીધો[1]. ફીરદોસીએ તેને પોતાનો વીચાર જણાવ્યો કે સુલતાન મહમુદ અને તેના વચ્ચે જે બીના બની છે તેનું તે એક પુસ્તક લખનાર

---

(૧) પીકેરીંગ ફીરદોસીની નાસભાગને ઈટલીઅન કવી દેન્ટીની નાસભાગ સાથે સરખાવેછે. જેમ ડીવાઇન કોમેડીનો લખનાર સ્વદેશ ફ્લોરેંસ શહેર છોડી નાસભાગ કરતો Guido da Polentia તે રેવેનાના ઉમરાવને ત્યાં જઈ આસરો પામ્યો હતો તેમ ફીરદોસી એ શાહજાદાને ત્યાં આસરો પામ્યો હતો. ફ્લોરેંસ પોતાના જાણીતા કવિને એટલેસુધી વિસરી ગયું હતું કે કહેછે કે જ્યારે ઇંગ્રેજી કવી બાયરને પોતાના ચાઇલ્ડ હેરલ્ડની કવિતામાં તેને નીચેપ્રમાણે તાણો માર્યો ત્યારેજ તેની યાદગારી માટે તેણે હીલચાલ કરી.

"Ungrateful Florence ! Dante sleeps afar
Like Scipio, buried by the upbraiding shore."

છે અને તેમાં તેને થયલો ગેરઇનસાફ જાહેર કરનાર છે. નાસરલક શાહા મહમુદનો મિત્ર થતો હતો તેણે ફીરદોસીને એ કામથી પાછો રાખયો એવું કહીને કે બીજાઓને અને ખાશ કરીને પાદશાહોને બુરૂં બોલવાથી દુર રહેવું. નાસરલકે ફીરદોસીને એક લાખ રૂપાંના સીક્કા આપી તેનીપાસે કબુલત લીધી કે તે હવે સુલતાન મહમુદની વીરૂધ કાંઈ વધુ બોલે નહીં. એ ઉપરથી ફીરદોસીએ એ બાબતવિષે થોડું ઘણું લખી જે કાંઈ તૈયાર કર્યું હતું તે નાસરલકને સવાધીન કરી દીધું જેણે તે સઘળાં લખેલાંનો નાશ કર્યો. નાસેરલકના સમજાવવાથી તેણે શાહ અને પોતાવચ્ચેની હકીકતનું પુસ્તક લખવાનું માંડીવાળ્યું તે બાબે તેણે થોડીક સતરો જોડી પોતાનો એ વીચાર જણાવ્યો હતો. એ સતરોનો અર્થ નીચેપ્રમાણે થાયછે.[1]

"જો કે પેલા બેદાદગર પાદશાહના ગેરઈનસાફથી ગીજનીમાં મારૂં જીગરનું લોહી થઈ ગયું હતું કે જેથી મારી ત્રીસ વરસની મેહેનત તદન ફોકટ ગઈ હતી અને જમીનપરથી આસમાને (વટીક) મારી ફર્યાદ સાંભળી હતી, અને જો કે મેં ઇછયું હતું કે હું ફર્યાદનો પોકાર ઉઠાવું અને દુનીઆમાં તેની હકીકત જાહેર કરૂં અને જ્યારે તેનામાં નેકીને માટેની કાંઈ ચીંતા ઉઠી ગઇ ત્યારે હું તેની સાથે બદી કરૂં અને તેની માએનેવાસ્તે અને વળી બાપનેવાસ્તે પણ બોલું અને ખોદાતાલા જેનું મકાંન નવમું બેહેશ્ત છે તે સીવાય કોઈથી નહીં ડરૂં અને તેને શરૂઆતથી એવો રૂસવા કરૂં કે તેનો ડાઘ કોઈપણ પાણીથી ધોવાએ નહીં અને જ્યારે તે દુશ્મનથી દોસ્તને પીછાનતો નથી ત્યારે જબાનની તલવારથી તેની પીઠ ઉખેડું, (જોકે એ સઘળું મેં ઇછયું હતું) તોપણ હું જાણતો નથી કે સરદારના હોકમથી હું સર કેમ ફેરવી શકું. જો કે હું તે બાબે લખાણ ધરાવતો હતો તોપણ તે મેં તે (સરદાર) ની નજદીક મોકલી દીધું અને મારી પાસે કાંઈ રાખ્યું નહીં. મેં (તે સરદાર નાસરલકને કહ્યું કે) અગર જો એ સખુનો

[1] મેકનનો ફારસી દીબાચો. પા. ૪૯.

બોલવા વાજબી નહીં હોય તો તેને આતશમાં બાળી નાખ યા પાણીમાં ધોઈ નાખ. ઓ ભલા વીચારના સરદાર ! હું આએ પ્રર્યાદથી પાછો હઠું છું કે બીજી દુનીઆમાં ખોદાતાલાની મહેર મારી પ્રર્યાદે પોહોચે અને કીઆમતને દાહાડે તેનીપાસે મારો ઇનસાફ માગે."

એ મુલકના શાહાજાદાએ શાહ મહમુદ ઉપર ફીરદોસી બાબે લખેલો પત્ર—ફીરદોસી એ બેતોમાં જણાવે છે તેમ નાસેરલકે એને સમજાવી લીધો અને તેને શાહ મહમુદ વિષે વધુ કડવું લખાણ કરતો અટકાવ્યો. પછી તેણે માહમુદશાહ ઉપર એક પત્ર લખ્યો અને તેમાં ફીરદોસીની શાહમાટેની પ્રર્યાદ વર્ણવી શાહની તેનીસામેની વર્તણુક માટે અજાયબી દેખાડી અને છેવટે ઉપલી સતરોમાંથી ફીરદોસીની છેલ્લી મન પિગળાવી નાખનારી એ બેતો ઉતારી લીધી જેમાં તે કહે છે કે " હું આએ પ્રર્યાદથી પાછો હઠું છું કે બીજી દુનિયામાં ખોદાતાલાની મેહેર મારી ફર્યાદે પોહોચે અને કીઆમતને દાહાડે તેનીપાસે મારો ઇનસાફ માગે." કહે છે કે નાસેરલકનો કાસદ ઉપલું કાગજ લઇને ગીઝનીમાં આવી પહોચ્યો તેજ દાહાડે પાદશાહે મસજીદમાં ફીરદોસીએ દેવાલઉપર લખેલી પેલી બેતો વાંચી[1] હતી અને તેથી તેનું દીલ તેની તરફેણમાં ઘણું પિગળ્યું હતું.[2]

એ તકનો લાભ લેઇને ફીરદોસીના દોસ્તો જેઓ અત્યારસુધી દરબારમાં તેની તરફેણ કાંઈ બોલી શક્યા નહતા તેઓએ તેની તરફેણમાં શાહ આગળ સઘળો ખુલાસો કર્યો અને હસન મએમંદીની ફીરદોસી સામેની દુશ્મની સઘળી ઉઘાડી પાડી. પાદશાહને એ ઉપરથી પોતાની

---

(૧) એ બે તો આગલ આપીછે.

(૨) બાઇસનગરખાનવાળો દીબાચો લખનાર ફીરદોસીના કોહેસ્તાન જવાના બનાવને સર્વથી પેહેલો ગણે છે. વલી જે બેતો ફીરદોસીએ મસીદમાં લખેલી જણાવવામાં આવી છે તે બેતો કેટલાકો કહે છે કે ફીરદોસીએ નાસેરલકે તેને સમજાવી લીધા પછી તેણે લખી હતી.

ફીરદોસી સામેની આગલી ચાલમાટે પસ્તાવો લાગ્યો અને તેણે હસન મએમંદીને એ સઘળી ગેરઇનસાફીનું કારણ ગણી મારી નખાવ્યો.[1]

ફીરદોસી તરફ શાહનું દીલ પીગળવાનો વધુ સબબ—વળી એ વખતે શાહનું ફીરદોસી તરફ દીલ પિગળવાનું બીજું એક કારણ આતશકદેહનો લખનાર અને બાઇસનગરખાનના દીબાચાવાળો એ જણાવે છે કે એ વખતે શાહ મહમુદને પોતાના એક દુશ્મન ઉપર એક નામું લખવું પડયું તેમાં તેને ધમકી આપવાની હતી કે "જો તું મારૂં કહેલું નહીં કરશે તો હું તારા મુલક ઉપર હુમલો કરી તુને સજા કરીશ." આતશકદેહ પ્રમાણે શાહે મુનશીને પુછયું કે, એ વીચારના ટેકામાં શું લખવું જોઇએ.[2] ત્યારે મુનસીએ કહ્યું કે ઉસ્તાદ અબુ કાસમ ફીરદોસીની નીચલી લીટીઓ લખવી જોઇએ.

---

(૧) મો. મોહલપ્રમાણે એક બીજો લખનાર જણાવેછે કે હસન મએમંદીની નામોશી શાહાની દરબારમાં એ આગમચ થઈ હતી. જ્યારે ફીરદોસી શાહ સામે સખ્ત ટીકા કરનારી કવિતા જોડી ગીજનીથી નાઠો ત્યારે તેણે ફીરદોસીને પકડવાને માણસો દોડાવ્યાં. એ માણસો ફીરદોસીને પકડ્યા વગર પાછાં આવ્યાં, ત્યારે શાહે હસન મએમંદી અને બીજા દરબારીઓને એ કામ બાબે ઠપકો આપ્યો અને તેઓને ફરજ પાડી કે ફીરદોસીને આપવા જોઇતા એક લાખ દીનાર તેઓએ આપવા. એ દંડ ઉપરાંત વળી તેઓને તેણે દેશનિકાળ કાહાડયા. એ બાબદને કોઈ બીજા લખનારાઓથી ટેકો મળતો નથી. વળી દોલતશાહ નામનો લખનાર ફીરદોસીની જીંદગીના પોતાના હેવાલમાં હસન મએમંદીની બહુ તરફેણ કરેછે અને તે તેને સામો ફીરદોસીના મીત્ર તરીકે ચિતારે છે. ફીરદોસીની પડતી લાવનાર તરીકે તે અયાજને રજુ કરેછે કે જે બીજા લખનારાઓ પ્રમાણે ફીરદોસીનો માનીતો મીત્ર હતો. દોલતશાહના એ લખાણ તરફ આતશકદેહના લખનાર લુતીફ અલીખાન નાપસંદગી દેખાડી અયાજનો બચાવ કરેછે.

(૨) દોલતશાહ જે હસન મએમંદીને ફીરદોસીનો મીત્ર ચીતારે છે તે પ્રમાણે હસન મએમંદીએજ એ સખુનો જ્યારે મહમુદશાહે દીલ્લીના પાદશાહ ઉપર પત્ર લખ્યો હતો ત્યારે યાદ કર્યા હતા. મોહલ કહેછે કે જામીના બેહરીસ્તાન નામનાં પુસ્તક પ્રમાણે હસન મએમંદીએ એ વખતે ફીરદોસીના કોઇ બીજા લાયક બેતો ટાંકવાથી શાહને ફીરદોસીની યાદ આવી હતી. જુદા જુદા લખનારાઓમાં ગમે તેવો મતફેર હોય તોપણ ઘણાકો એકમત છે કે ફીરદોસીના કોઇક અસરકારક બેતો શાહના કાનપર પડ્યાથી તેને એ કવિની યાદ આવી અને તેની તરફ તેનું દીલ પાછું પિગળ્યું.

"અગર બુજ બે કામે મન આયદ જવાબ
મનો ગુર્જો મએદાનો અફ્રાસીઆબ" એટલે

" અગર જો મારી મરજી વિરૂદ્ધનો જવાબ આવશે તો
હું, ગુરજ, મએદાન અને અફ્રાસી આબ"[1]

ફીરદોસીનો અંત—ફીરદોસીના એ બેતો સાંભળી કહેછે કે શાહ મહમુદને ગઈ ગુજરી યાદ આવી અને એ નામીચા શાહની ત્રીશ વર્ષની મેહેનતની કદર તેણે નહીં પીછાની તેથી પસ્તાવા લાગ્યો અને તુરત હુકમ કર્યો કે ૬૦ હજાર સોનાના દીનાર એક પાદશાહી પોષાક સાથે તેની ઉપર રવાના કરવામાં આવે. ફીરદોસી એ વખતે નાસેરલકની દરબાર છોડી પોતાને વતન તુસ જહી પહોંચ્યો હતો. નાસેરલકે તેની સીપ્રારસમાં શાહ મહમુદ ઉપર એક પત્ર લખ્યો હતો અને તેથી શાહનું દીલ તેની તરફેણમાં ફર્યું હતું એમ તેને ખબર પડી હોય તેથી તેણે હવે પોતાને વતન તુસ કે જે શાહની હકુમત હેઠલ હતું, ત્યાં જવાને જોખમ ભર્યું ધાર્યું નહીં હોય. તુસ ગયાપછી કહેછે કે ફીરદોસી એક દીન બજારમાં–આતશકદેહપ્રમાણે શેહેરબાહેર મેદાનમાં–ફરતો હતો ત્યારે તેણે એક છોકરાને શાહ મહમુદ સામેની ટીકા કરનારી તેની કવિતામાંથી નીચલી બેતો બોલતાં સાંભળ્યો કે

" અગર શાહરા શાહ બુદી પેદર
બસર બર નેહાદી મરા તાજે જર " એટલે

" અગર જો શાહનો બાપ પણ શાહ હતે તો મારા માથા ઉપર સોનેરી તાજ મુકતે."[2] એ સખુનો સાંભળી તેને પોતાની બરબાદ થયલી મેહેનત અને જીંદગી યાદ આવી. તેણે એક હાએ મારી અને

---

(૧) એ બેતો ઈરાનનો પાદશાહ, અફ્રાસીઆબ ઉપરના એક નામામાં લખે છે અને તેની મતલબ એ છે કે "જો તું મારૂં કહ્યું કરશે નહીં તો પછી હું જંગ ઉઠાવી મેદાનમાં તું અફ્રાસીઆબસામે ગુરજ ઉઠાવી તુંને જોઈ લઈશ." મહમુદશાહ ફીરદોસીના એ શબ્દો ટાંકી પોતાના દુશ્મનને પણ એજપ્રમાણે દમ ભરાવા માગે છે. (૨) જુઓ આગલ શાહ સામેની ફીરદોસીની કવિતા.

બેશુદ્ધ થઈ નીચે પડ્યો. તેને તુરત ઉઠાડી તેને ઘેર લઈ ગયા જ્યાં તે મરણ પામ્યો.

શાહ મહમુદે કબુલેલી ભેટ મોકલવી. તે ભેટનો ઉપયોગ— શાહ મહમુદે તેને માટે મોકલેલી પોષાકની ભેટ અને પૈસાની રકમ એ દુઃખી થયલા કવિમાટે ઘણી મોડી હતી. જે વખતે તેની મુએલી લોથને ભુમીદાહ કરવામાટે શેહેરમાંથી એક દરવાજા બાહેર લઇ જવામાં આવતી હતી તેજ વખતે બીજે દરવાજેથી શાહના કાસદો તે ભેટ લઈ શેહેરમાં દાખલ થયા. એ કાસદો એ ભેટ તેની એક છોકરી હતી તેની આગળ લઈ ગયા. તેણીએ તે કબુલ રાખી નહીં. ફીરદોસીની એક બેન હતી તેણીને યાદ આવી કે ફીરદોસીની મરજી તુસ શેહેરની નદીઉપર એક બંધ બાંધવાની હતી, માટે જો એ રકમ એ કામ ઉપર ખરચાએ તો સારૂં. કહેછે કે શાહ મહમુદે એ બાબે પરવાનગી આપી અને ફીરદોસીની ખાહેશ હતી તેમ એ બંધ બાંધવામાં આવ્યો. બાઈસનગરખાનના દીબાચાનો લખનાર કહેછે કે તેના વખતમાં પણ એટલે ફીરદોસી પછી ચાર સદીના અરસાબાદ પણ તે બંધની હસ્તીની નીશાન જોવામાં આવતી હતી. એ બંધ ઉપર એ ૬૦ હજાર સોનાના દેરમની રકમ સઘળી ખરચાઈ ગઈ નહતી પણ તેમાંની થોડીક રકમમાંથી ફીરદોસીની યાદગારીમાટે ધર્મખાતે એક કારવાનસરા મુસાફરોને માટે બાંધવામાં આવી હતી એમ હકીમ નાસર ખુસરો પોતાની 'સફરનામે' એટલે મુસાફરીની એક ચોપડીમાં લખેછે. તે કહેછે કે "૪૩૮ હીજરીમાં હું સફર કરતો કરતો તુસ આવી પોંહોચ્યો. એક મોટું નવું મુસાફરખાનું બાંધેલું હતું. મેં પુછ્યું કે એ મુસાફરખાનું કોણે બાંધ્યું છે તો મને કહેવામાં આવ્યું કે સુલતાન મહમુદે ફીરદોસીમાટે જે રકમ ભેટ મોકલી હતી તેમાંથી એ મુસાફરખાનું બાંધવામાં આવ્યું હતું."

તેની મરણક્રીયા—ફીરદોસીને એક બાગમાં દાટવામાં આવ્યો હતો. કહેછે કે શેખ અબુલ કાસમ ગુરગાની નામના શેહેરના વડા ધર્મગુરૂએ

તેની દફનની ક્રિયા કરવા ના પાડ્યું એવું કહીને કે જોકે ફીરદોસી પરહેજગાર અને ભણેલો માણસ હતો તોપણ તેણે પોતાની જીંદગી આતશની સેતાયશ કરનાર જુદદીનોની સેહ્બતમાં ગુજારી હતી. તે રાત્રે તે શેખને એક સ્વપનો આવ્યો જેમાં તેણે બેહેશ્ત જોયું અને બેહેશ્તમાં તેણે એક યાકુતનું તખ્ત જોયું. રજવાન નામના ફરેસ્તાને તેણે પુછ્યું કે એ તખ્ત કોણનું છે. રજવાને જવાબ આપ્યો કે ફીરદોસીનું છે અને તેજ વખતે ફીરદોસી લીલા રંગનો ઝભો પેહેરીને અને માથાઉપર લીલા પાનાંના ઝવેરનું તાજ પેહેરીને હાજર થયો. શેખે ફીરદોસીને પુછ્યું કે આવો દરજ્જો તેં શા સબબથી હાંસલ કર્યો? ફીરદોસીએ જવાબ દીધો કે ખોદાતાલાના એકતાપણા વિષે મેં નીચલી બેત લખી હતી તે સબબથી હું બેહેશ્તમાં એ દરજ્જો પામ્યો છું.

"સેતાયશ કુનમ યજદે પાકરા
કે ગુયા વ બીના કુનદ ખાકરા
બમુરી દેહદ માલશે નર્રે શીર
કુનદ પશે બર પીલે જંગી દલીર" એટલે

"હું પાક ખોદાતાલાની સેતાયશ કરૂં છું કે જે મતીને બોલતી અને જોતી કરે છે, જે એક કીડીને એક બહાદુર સિંહને હેરાન કરવાની શક્તિ આપે છે, જે એક મગતરાંને એક જંગી હાથી ઉપર દલેર કરે છે."[1]

---

(૧) આતશ કદેહ ઉપલી બેતોને બદલે નીચલી એક બેત આપે છે.

જેહાંનરા બુલંદીઓ પુસ્તી તોઇ
નદાનમ ચેઈ હરચે હસ્તી તોઈ" એટલે

"દુનિયાને ઉંચાઇ અને નીચાઈ તારીથી છે. હું જાણતો નથી કે તું શું છે. જે છે તે તું છે."

વળી કોઈ બીજા લખનારાઓ એ બેત સાથે નીચલી બેત પણ રજુ કરે છે.

"ખોદાયા બુજોર્ગી સજાવારે તોસ્ત
કે લુહો કલમ નકશે પરકારે તોસ્ત" એટલે

"ઓ ખોદા બુજોર્ગી તુંને સજાવાર છે કારણ કે (માણસ જાતના નસીબની) પાટી અને કલમ તારા હોકાયંત્રનાં ચીત્રો છે (એટલે સર્વેની સરજતનો ઘડનાર તું છે.)

જેવો શેખ સ્વપનાથી જાગી ઉઠયો તેવો તે ફીરદોસીની ઘોર આગળ ગયો અને ત્યાં બંદગી કીધી.

ફીરદોસીના મરણનો સને દૌલતશાહ અને અલીકુલીખાન પ્રમાણે ઈ. સ. ૧૦૨૦ (હીજરી ૪૧૧) નો છે. એટલે પોતાનું શાહનામું તમામ કર્યા પછી તે ૧૧ વર્ષે મરણ પામ્યો હતો. મરણવેળા ત્યારે તેની ઉમર ૮૩ વર્ષની હતી.

ફીરદોસીએ શાહાનામું પોતાને મળેલી હકીકતો પ્રમાણે જે રચ્યું છે તેની દલીલો.

સઘળી કવિતાઓમાં, અને તેમાં ખાસ કરી ઇરાન દેશની કવિતાઓમાં, ફીરદોસીનું શાહનામું ઉંચો દરજ્જો ભોગવેછે. તે તેના બનાવનારના વિશેષ બુદ્ધિ-બળનો એક મજબુત સ્તંભ છે. અહીં તહીં કેટે કાંકરા ખરવા શિવાય એ સ્તંભ સદીઓ સુધી તેના પુજારીઓનો ભક્તિભાવ ખેંચતો ઉભો રહ્યો છે અને હુજી જમાનાઓસુધી ઉભો રહેશે. પણ શાએરીના એક સ્તંભ ઉપરાંત તે અસલી ઇરાન દેશની તવારીખ, તેનાં ધર્મ, કાયદા કાનુનો, અને રીતભાતોના એક પુસ્તક તરીકે પણ આપણું વિશેષ ધ્યાન ખેંચેછે.

ઇરાનની અસલી હુકીકતોના એક પુસ્તક તરીકે શાહાનામું શી અગત્ય ધરાવેછે તે સવાલ તપાસવો અગત્યનો છે. ઇરાન દેશની તવારીખ, તેની રાહુરસમો, અને તેની રીતભાતોવિષેની પોતાને મળેલી હુકીકતોને ફીરદોસી વળગી રહ્યો છે, કે તેણે પોતાની શાએર તરીકેની કલ્પનાને પૂર્ણ છૂટ આપી ઇરાન દેશની સઘળી યા થોડી બાબતોને પોતે ઉભી કરી છે તે તપાસવું અગત્યનું છે. જેમ ફીરદોસીએ શાહાનામું બનાવ્યું તેમ શાહાનામાએ ફીરદોસીને બનાવ્યો એમ પણ કહીએ તો ચાલે, કારણ ફીરદોસીની આગમચ શાહાનામાની હુકીકતો એક યા બીજે હાથે એકઠી થતી આવતી હતી અને તે હુકીકતોને શાએરીમાં ગોઠવવા માટે ફક્ત એક ચતુર હાથ અને એક કવિભેજાની ખુટ હતી. શાહાનામું, અથવા તેના એક અસલી નામે બોલીયે તો ખોદાએનામું, જેનો અર્થ પણ શાહાનામું થાયછે, તેની હુકીકતો એક યા બીજે હાથે કેમ તૈયાર થતી આવતી હતી, તેની વિગતોની આગલ આપેલી લાંબી તવારીખ દેખાડેછે કે જોકે છૂટી છૂટી તોપણ મોટે ભાગે એ હુકીકતો ફીરદોસીમાટે તૈયાર હતી અને તૈયાર કરવામાં આવી હતી.

હવે ત્યારે આપણે તપાસવાનું છે કે ફીરદોસી એ હકીકતોને વફાદારીથી વળગી રહયો હતો કે તેઓ સાથે છુટ લેઇ, પોતાની કલ્પનાશક્તિને રમતી મેલી તેણે નવી હકીકતો ઉભી કરી હતી. મોહલ તપાસેછે તેમ ફીરદોસી પોતાને મળેલી હકીકતોને વળગી રહયો તે બાબતને આપણે મુખ્ય કરી બે ભાગમાં તપાસીશું. (૧) ખુદ શાહનામાની અંદરની દલીલો અને (૨) શાહાનામાની બાહેરની દલીલો. પેહેલાં આપણે મોહલ પ્રમાણે ખુદ શાહનામાની દલીલો તપાસીશું.

૧. ફીરદોસી પોતાના દીબાચામાં ખોલ્લું કહેછે કે (શાહાનામાની બાબત ઉપર) "સખુનો કહેવાયલા છે અને કહેવાવા જોગ કાંઈ કહેવાયા વિના રહ્યું નથી. જે કહેવાઈ ચુકયું છે તે હું તારી આગળ એક વખત ફરીથી કહી જઈશ. હું જે સખુન કહુંછું તે બીજાઓએ પણ કહેલા છે. અક્કલના બાગમાં બીજાઓ પણ ગયલા છે.... બીજાં દફ્તર ઉપરથી હું મારા બોલોમાં રજુ કરૂંછું." અહીં તે ખોલ્લું જણાવેછે કે તેને જે કાંઈ હકીકતો મળી હતી તે ઉપર તે પોતાનું શાહનામું રચેછે. જુની જણાયલી બાબતો ફક્ત તેણે પોતાની ઉમદા શાએરીથી કવિતામાં રચી છે. શાહ. મહમુદની દરબારમાં પોતાની પડતી થવા પછી જ્યારે તે ખલીફની દરબારમાં જાયછે ત્યારે ત્યાં તે યુસફ અને ઝુલીખાનું દાસ્તાન લખેછે. દીનચુસ્ત ખલીફ અને તેના ઇસલામી દરબારીઓનો ચાહ મેળવવા તે પુસ્તકમાં તે શાહનામા માટે જરા તોછડાઈ અને હલકાઇથી બોલેછે તોપણ ત્યાં તે ખોલ્લું જણાવેછે કે "મેં જે વાંચ્યું છે તેજ તેમાં જણાવ્યું છે." હકીકતોને વળગી રહેવાની તેની સચ્ચાઈની આ મજબુત ગવાહી છે.

૨. તે નવાં નવાં દાસ્તાનો રજુ કરતાં બનતાં સુધી પોતાની સત્તાઓ જણાવેછે કે તેને આ દાસ્તાનની હકીકત ફલાણા મૂળપરથી મળી છે. જ્યાં તેને તે હકીકત આપનારનું નામ મળ્યું છે ત્યાં તે ધણીનું નામ પણ આપેછે. દાખલા તરીકે, રૂસ્તમને શેગાદના દાસ્તાનની શરૂઆતમાં તે કહેછે કે "હવે હું રૂસ્તમનાં મારવા જવાની બાબત

રજુ કરૂંછું. તે પુસ્તક ઉપરથી મારા પોતાના બોલોમાં હું મુકુંછું. એક પીર મરદ હતો જેનું નામ આઝાદ સર્વ હતું કે જે સહલનાં આહમેદની દરબારમાં મર્વ ખાતે રેહતો હતો. તેનીપાસે પાદશાહોને લગતું એક પુસ્તક હતું." એ પ્રમાણે નવાં દાસ્તાનોની શરૂઆતમાં ફીરદોસી જણાવતો કે તે દાસ્તાન તેણે કોઈ પુસ્તક ઉપરથી લીધું છે. "જે દફતર બ ગોફતારે ખીશ આવુરમ" એટલે "બીજાં દફતર ઉપરથી મારા બોલોમાં લખુંછું" એવા અથવા એને મળતા એના શબ્દો નવાં દાસ્તાનોની શરૂઆતમાં કેટલીક વાર મળેછે. એ દેખાડેછે કે તે પોતાના શાહાનામાની હકીકતો બીજાં સત્તાદાર પુસ્તકો ઉપરથી લેતો. તે કેઠે પોતાનું દાસ્તાન 'બુલબુલ' ઉપરથી લેતો પોતાને જણાવે છે. અહીં બુલબુલથી તેની મતલબ કોઈ આગલા કવિનાં દાસ્તાનનો ઈસારો કરવાની છે.

૩. ફીરદોસીનાં લખાણોમાં કોઇકિ ભૂગોળ અને કાળના અનુક્રમની ભુલો દાખલ થઈ છે જે ઉપરથી કોઈ શક નાખે કે ફીરદોસી આગલી હકીકતોને બરાબર વળગી રહ્યો નથી. દાખલા તરીકે, ફીરદોસી બગદાદને ફ્રેદુનના વખતમાં હસ્તી ભોગવતું જણાવેછે,[1] જ્યારે તવારીખ લખનારાઓ પ્રમાણે તે બગદાદ શેહેર અમીર અબુજાફ્ર અલ મનસુરે ઈ૦ સ૦ ૭૬૩ માં સ્થાપેલું હતું. વળી ફીરદોસી સેકંદરને એક ખ્રિસ્તિ જણાવેછે, જ્યારે સીકંદર તો ક્રાઇસ્તની ત્રણ સદી આગમચ થઈ ગયો હતો. પણ મોહલ કહેછે તેમ એ ભુલો સામું દેખાડેછે કે ફીરદોસી પોતાને મળેલી હકીકતોને વળગી રહયો હતો. તેણે પોતે કાંઈ નવું જોડી કહાડયું ન હતું. તેને મળેલી હકીકતોમાં એ ભુલ થઇ હતી તે ભુલ તેણે ચાલુ રાખી હતી. પોતાને મળેલી હકીકતોને તે એટલો તો વફાદારીથી વળગી રહેતો કે તે હકીકતોમાં દાખલ થયલી ભુલ પણ તેણે સુધારી નહિ હતી. તેના જેવી ભુલો તેની એક સદી આગમચ થઈ ગયલો તબરી જેવો તવારીખનવેશ પણ કરી ગયો

(૧) Vuller શાહાનામું I પા. ૫૧.

હતો, જે દેખાડેછે કે પોતાને મળેલી હકીકતોને આધારે તેણે ભુલો કરી હતી.

હવે બગદાદ શેહેરની બાબતમાં ફીરદોસીએ અથવા જેને આધારે તેણે એ લખ્યું હોય તેણે લખાણની ભુલ કીધી હોય એ એક સવાલ છે. ખરૂં છે કે હાલનું બગદાદ શેહેર છેક પાછલા જમાનામાં સ્થપાયું છે, પણ એવું દિસેછે કે તે એક આગળાં એ નામનાં પુરાણાં શેહેરની જગ્યાએ અથવા નજદીકમાં સ્થપાયું છે. ખુદ "બગદાદ" નામની રચના અને અર્થ દેખાડેછે કે તે અસલ ઇરાની છે. એ નામમાં 'બગ' શબ્દ જેમ અવસ્તામાં તેમજ ખીલારેકી તખતીમાં 'ખોદા' ને અર્થે આવે છે. 'બગદાદ' શબ્દ અવસ્તાનો 'બગોદાત' શબ્દ છે જે ઇશ્વરે પેદા કીધેલું એવે અર્થે વંદીદાદમાં વપરાયલો છે. ડૉ૦ કાસારતેલી એ શેહેરના નામને એજપ્રમાણે અવસ્તાનું નામ ગણે છે.[૧] એ ઉપરથી દિસે છે કે જોકે હાલનું બગદાદ પાછલા લખનારાઓ પ્રમાણે છેક ખલીફાના વખતમાં સ્થાપવામાં આવ્યું હતું, તોપણ તે જગ્યાએ એજ નામનું એક આગલું શેહેર હસ્તી ધરાવતું હોવું જોઇએ.

સિકંદરને ખ્રિસ્તિ ગણવામાં ફીરદોસીએ કોઈ આગલા લખનારાઓને આધારે ભુલ ખાધી હોય. સાસાનીઅન જમાનામાં રોમ તરફથી ખ્રિસ્તિ પાદશાહો અવાર નવાર ઇરાન ઉપર હુમલો લાવતા અને જંગ મચાવતા હતા. તેજ પ્રમાણે સિકંદર પણ રોમને લગતા પશ્ચિમ એશિયાનામુલકો તરફથી આવેલો અને તેથી પેહેલવી પુસ્તકો તેને પણ રૂમી કહેતા હતા. તે ઉપરથી પાછલા લખનારાઓએ તેને પણ ખ્રિસ્તિ ગણવાનું ગોથું ખાધું હોય. પણ બીજા આગલા લખનારાઓને પગલે અને આધારે ચાલતાં ફીરદોસીએ એ ભુલ કરી છે, તે મોહલ કહે છે તેમ, દેખાડે છે કે એણે પોતાને મળેલી આગલી હકીકતોને વફાદારીથી વળગી રેહેવાની, અને પોતાની કલ્પનાશક્તિથી નવું કાંઈ પણ નહિ જોડી કહાડવાની પુરતી કોશેશ કીધી હતી.

---

(૧) La Religion des Rois Achéménides, પા. ૫.

ફીરદોસીની કાળના અનુક્રમની એક બીજી ભુલ તરીકે મેકન તે દાખલો રજુ કરે છે કે જેમાં ફીરદોસી પાદશાહ કએખુશરૂને જંદ અવસ્તાનું પુસ્તક ધરાવતો જણાવે છે. મેકન કહે છે કે જંદ અવસ્તા તો પએગમ્બર જરથોશ્ત છેક ગુશ્તાસ્પ પાદશાહના જમાનામાં લાવ્યો હતો, ત્યારે કએખુશરૂના જમાનામાં જંદ આવસ્તા જણાવવામાં ફીરદોસીએ ભુલ કીધી છે. પણ એમ નથી. જોકે ખરૂં છે કે પએગમબર જરથોસ્તે ઇરાનમાં માજદયશની જરથોશ્તી ધર્મ દાખલ કીધો અને તેના ધર્મપુસ્તક તરીકે જંદ અવસ્તાનાં લખાણો હસ્તીમાં આણ્યાં, પણ ખુદ અવસ્તા ઉપરથી આપણે જાણીએ છિયે કે પએગમ્બર જરથોસ્તની આગમચ એક જાતનો માજદયશ્ની ધર્મ ઇરાનમાં પ્રસિદ્ધ હતો. એ એક ખોદાને માનનાર ધર્મ ગુસ્તાસ્પની આગમચ ઇરાનમાં ફેલાયલો હતો પણ તે અવારનવાર બિગાડાનાં તત્વો દાખલ કરતો અને કોઇ માહાત્મા પાદશાહ તેને અવારનવાર સુધારતો. પાદશાહ કએખુશરૂને દાદેસ્તાને દીની, મીનોખેરદ વગેરે પેહેલવી કેતાબોમાં એક મોટો ધર્મી પાદશાહ ગણ્યો છે ત્યારે એવા પાદશાહના હાથમાં ફીરદોસી કોઈ ધર્મ પુસ્તકો જણાવે તો તે વાજબી દિસે છે. યાદ રાખવું જોઇએ કે સરોશ યષ્ટ પ્રમાણે ખુદ કએખુશરૂની આગમચ પણ હોમ નામના એક પએગમબરે પાપો અને પઇરીગા નામનાં અવસ્તાનાં પુસ્તકો લખેલાં હતાં.

૪. ઇરાનની અસલી હકીકતોની તવારીખની સાંકળમાં ફીરદોસી પ્રમાણે કોઇકિ કળીઓ તૂટેલી છે. દાખલા તરીકે પાર્થિઅન વંશની હકીકત ફીરદોસીએ ઘણી ટુંકમાં પતાવી છે. તેનો સબબ એ દિસે છે કે તેને એ વંશને લગતી હકીકત પુરતી મળેલી નહિ હોવી જોઇએ. એ વંશના વખતમાં ઇરાનમાં, પારકી હકુમતના શરૂઆતનાં દોરને લીધે, દેશની તેમ દીનની ઘણી હાલહવાલી થઈ હતી. ધર્મ અને ધર્મનાં પુસ્તકોની હાલહવાલીને લીધે એ વંશના કોઈ પાછલા ધર્મચુસ્ત જરથોશ્તી પાદશાહોએ ધર્મપુસ્તકો એકઠાં કરવાની મોટી કોશેશો કરી

હતી. એજ પ્રમાણે રાજ્યની હાલહવાલી હોવાને લીધે તેની હકીકત બરાબર નહિ જળવાઇ રહી હતી. બીજું, પારકા વંશની હકુમતની હકીકત અથવા બીજા શબ્દોમાં પોતાનાં અસલ પાદશાહી ખાનદાનોની હારની હકીકત કોઇ પ્રજા પોતામાં જાળવી રાખવાને કાળજી રાખતી નથી. એક દેશના કવિઓ અને લખનારાઓ તે દેશની કીર્ત્તિનાં ગાણું ગાવાનું પસંદ કરે છે પણ તેની અપકીર્તિની નોંધ લેવાની કાળજી રાખતા નથી. તેથી સિકંદરની ફતેહની અને તેના પછી સ્થપાયલાં પાર્થિઅન વંશની હકીકતો ઇરાનમાં પુરતી જળવાઈ રહેલી નહિ હતી. તેથી પાર્થિઅન વંશની હકીકત ફીરદોસીએ ઘણી ટુંકમાં અપૂર્ણ આપી છે અને સિકંદરની તેણે જે વિગતવાર હકીકત આપી છે તે તેને યુનાનીઓને આધારે આપવી પડી છે. મોજમેલ અલ તવારીખનો કર્તા કહે છે કે "યુનાની ફીલસુફોમાં સીકંદરનાં ડાહાપણની, તેનાં ભાષણોની અને તેનાં મરણની ઘણી દંતકથાઓ જણાયલી છે. તેનો આરબીમાં તરજુમો થયલો છે અને તેને ફીરદોસીએ કવિતામાં રચી છે." એ ઉપરથી દિસે છે કે જો ફીરદોસી હકીકતોને વળગી રહેવાને બદલે પોતાની કલ્પનાને છૂટ આપતે તો પાર્થિઅન વંશની હકીકત જે તેને ઇરાની પુસ્તકોમાંથી મુદલ નહીં મળી અને સિકંદરની હકીકત જે તેને ઇરાની પુસ્તકોને બદલે યુનાનીઓ મારફતે મળી તેને બદલે તે નવીજ હકીકતો જોડી કહાડતે. અસલી ઇરાનીઓએ સિકંદર અને તેની પછીનાં પાર્થિઅન વંશની હકીકત જાળવી ન રાખી હતી તે બુનદેહેશ ઉપરથી પણ માલમ પડે છે. તેમાં (બા૦ ૩૧) જ્યાં પાદશાહોના વંશની વંશાવળી આપી છે ત્યાં કેઆનિઅન વંશ પછી એકદમ અરદેસર બાબેગાનનું નામ આપી તેની થોડીક વંશાવળી આપી છે. વળી (બા૦ ૩૬) જ્યાં જુદા જુદા પાદશાહોનાં રાજ્યનાં વર્ષ આપ્યાં છે ત્યાં પણ અસકાનિઅનોની હકુમત ૨૮૪ વર્ષ હતી એટલુંજ જણાવ્યું છે, પણ નથી તે વંશના પાદશાહોનાં નામ આપ્યાં કે નથી તેઓનાં જુદાં જુદાં વર્ષો આપ્યાં. એ પ્રમાણે જ્યારે ફીરદોસીને

પોતાને પુરતી હકીકત નહિ મળી ત્યારે તેણે નહિ હોતી બાબદ જોડી કહાડવાને બદલે તે મેલી દીધી.

ખુદ શાહાનામું મેલી બાહેરની સાબેતીઓ આપણે જોઇએ છિયે તો આપણને કેટલીક સાબેતીઓ મળે છે જે દેખાડે છે કે ફીરદોસીએ પોતાની હકીકતો નવી જોડી કહાડી નથી પણ જેમ તેને મળી છે તેમ લીધી છે,

૫. આવી સાબેતીઓમાં કેટલાંક એવાં દાસ્તાનો છે કે જે આપણને બીજી પ્રજાઓનાં લખાણોમાં પણ મળે છે અને જે બીજી પ્રજાઓમાં શાહનામું લખાવા આગમચ દાખલ થયલાં છે. દાખલા તરીકે, શાહનામાંના કએખુશરૂના દાસ્તાનને મળતું દાસ્તાન મહાભારતમાં યુધીષ્ઠીરનું મળે છે. મહાભારત શાહનામા કરતાં પુરાણી કેતાબ છે તે ઉપરથી દિસે છે કે એ દાસ્તાન તેમા કાંઈ શાહનામા ઉપરથી લીધેલું નથી પણ કોઈ પુરાણા અસલી ઇરાની મૂળ ઉપરથી લીધું હોય અથવા બેઉનું મૂળ સામાન્ય હોય, એટલે જ્યારે અસલી ઇરાનીઓના પૂર્વજો અને હિંદુઓના પૂર્વજો એક જગ્યાએ હોય ત્યારે એ દાસ્તાન હિંદુઓમાં પ્રસાર પામ્યું હોય. એ દાસ્તાનને લગતી હકીકત અસલી પુરાણી હકીકત છે તેને એ ઉપરથી ટેકો મળે છે કે તેના ઇસારા પેહેલવી પુસ્તકો અને ખુદ અવસ્તામાં મળે છે.[1] બીજો દાખલો શાહાનામાના હોમાએ, બેહેઆફ્રીદ અને અરજાસ્પનાં દાસ્તાનનો છે જે કેટલીક હદે રામાયણનાં સીતા અને રાવણનાં અને ઇલિઅદનાં હેલન અને પૅરીસનાં દાસ્તાનને મળતું આવે છે.[2] એ રામાયણ અને ઇલિઅદ ફીરદોસીની આગમચ લખાયલાં છે. તે દેખાડે છે કે એ ફીરદોસીએ ઉભાં કર્યાં નથી, પણ અસલ પુરાણાં ઇરાની દાસ્તાનો છે. એજ પ્રમાણે કાઉસ, રોદાબે અને શીઆવક્ષનું દાસ્તાન અને સોહરાબ રૂસતમનાં દાસ્તાનો એજ પ્રકારના અસલી હિંદી અને આઇરીશ દાસ્તા-

---

(૧) Journal Asiatique, 1887, Darmestetter.

(૨) મી૦ પા. બ. દેસાઈ; જ્ઞાનપ્રસારક મંડળીનાં ૧૮૮૮—૮૯ નાં ભાષણો.

નોને મળતાં આવે છે.[1] એ સઘળી સરખામણી દેખાડે છે કે ફીરદોસીએ શાહાનામાંનાં દાસ્તાનો પોતાની કવિ તરીકેની કોઈ કલ્પનાશકિતથી જોડી કાહાડ્યાં નહિ હતાં પણ આગલાં ઇરાની સાધનો ઉપરથી લીધાં હતાં કે જે સાધનો ઉપરથી તે બીજી પ્રજાઓમાં પણ દાખલ થવા પામ્યાં હોય.

૬. ફીરદોસીના શાહાનામાની હકીકતોની સચ્ચાઈની બીજી મુખ્ય અને અગત્યની દલીલ અવસ્તા ઉપરથી મળે છે. પેશદાદિઅન અને કેઆનિઅન વંશને લગતી જે હકીકતો તેણે વિગતવારે આપી છે તેના ખોલ્લા ઇસારાઓ આપણને પુરાણા અવસ્તા ઉપરથી મળે છે. અવસ્તાના ઘણાક ઇશારાઓનો વિગતવાર ખોલાસો શાહનામા ઉપરથી મળે છે કે જે ખોલાસા વગર તે ઇશારાઓ મુદલ સમજ પડતે નહિ. એ દેખાડે છે કે ફીરદોસીએ પોતાની હકીકતો પુરાણું મૂળો ઉપરથી લીધી હતી.

૭. અવસ્તા પછી પેહેલવી પુસ્તકો શાહાનામાની હકીકતોની સચ્ચાઈ સાબેત કરે છે. શાહાનામાના પાદશાહોનાં નામો અને તેઓને લગતી કેટલીક હકીકત આપણને બુનદેહેશ અને બીજાં પેહેલવી પુસ્તકોમાંથી મળે છે. એટલુંજ નહિ પણ તવારીખનાં લખાણો તરીકે બચી રહેલાં બે પેહેલવી લખાણો આપણની ખાતરી કરે છે કે ફીરદોસીએ ફકત પોતાની હકીકતોજ એ પેહેલવી પુસ્તકો ઉપરથી લીધી છે એટલુંજ નહિ પણ કેટલાક ભાગોમાં ખુદ તેઓના ફકરાઓનો તરજુમો કર્યો છે. એવાં પેહેલવી લખાણોમાં પેહેલું યાદગારે જરીરાન નામનું પુસ્તક છે જેમાં ગુસ્તાસ્પના ભાઈ જરીરને લગતી કેટલીક બાબત છે.[2] બીજું કારનામે અરદેશર બાબેગાન નામનું પુસ્તક

(૧) જુઓ મારા રેસાલાઓ "The so-called Pehelvi origin of the Sindibad-nameh or the story of the seven Wise Masters" અને Cucullin and Conloch and Rustam and Sohrab."

(૨) "Das Yâtkâr-i Zarîrân und sein Verhaltnis Zum Sâhnâme" by Dr. Geiger."

છે.[1] સારા ભાગ્યે તવારીખરૂપી અસલી પેહેલવી લખાણોમાં એ અગ-ત્યનાં બે પુસ્તકો બચી રહ્યાં છે જે બીજી દલીલો કરતાં વધુ મજબુત રીતે દેખાડે છે કે ફીરદોસીએ પોતાની હકીકત પેહેલવી પુસ્તકો ઉપ-રથી લીધી હતી.

૮. વળી ફીરદોસીની આગમચના કોઈક લખનારાઓ ફીરદોસીએ જે દાસ્તાનો આપ્યાં છે તે દાસ્તાનો આપી જાય છે અથવા તેનો ઇ-સારો કરી જાય છે. તે દેખાડે છે કે તે દાસ્તાનોની હકીકત પુરાણી હતી. દાખલા તરીકે, ખોરેન નો મોઝીસ નામનો એક આરમીનિયન લખનાર જે નોશેરવાન અદલની આગમચ પાંચમી સદીમાં થઈ ગયો હતો તે જોહાકનાં અને રૂસ્તમનાં દાસ્તાનોનો ઇસારો કરી ગયોછે. એ દેખાડેછે કે એ દાસ્તાનો તેના વખ્તમાં જણાયલાં હતાં. વળી તબરી નામનો જાણીતો તવારીખનવેશ જે ફીરદોસીથી નજદીક ૧૦૦ વર્ષ આગમચ થઈ ગયો હતો તે શાહનામામાં વર્ણવેલાં કેટલાંક દા-સ્તાનોની હકીકત આપેછે. તે પણ દેખાડેછે કે શાહનામાનાં દાસ્તાનો ફીરદોસીએ જોડી કહાડ્યાં નથી પણ જેમ તેને મળ્યાં હતાં તેમ તેણે આપ્યાં છે.

૯. ફીરદોસીની પછીના તવારીખ લખનારાઓ ફીરદોસીને તવા-રીખની બાબતમાં મૂળસત્તા તરીકે ગણી ગયા છે. મોજમેલ અલ તવારીખનો કર્તા જે ફીરદોસી પછી સો વર્ષે થઈ ગયો છે અને જે એક સત્તાદાર તવારીખ લખનાર થઈ ગયો છે તે ફીરદોસીને "મૂળ-દરખ્ત અને બીજા લખનારાઓને તેની શાખા" ગણી ગયોછે. તેણે પોતાનું પુસ્તક તરેહવાર જુદાં જુદાં પુસ્તકો ઉપરથી બનાવ્યું છે, જે પુસ્ત-કોની તે ટીપ આપેછે. તેમાં તે ફીરદોસીને પોતાની એક સત્તા ગ-ણેછે. જો એ લખનાર ઇરાનની તવારીખના પોતાના અભ્યાસમાં જોતે કે ફીરદોસીએ ઘણુંક નવું જોડી કહાડયું છે કે જે વિષે કોઈ પુ-સ્તકોમાં આધાર નહિ હતો તો તે એ પ્રમાણે ફીરદોસીની હકીકતની સચ્ચાઇવિષે સારૂં મત નહિ જણાવતે.

---

(૧) "Geschichte des Artachsîr i Pâpakân" by Dr. Nöldeke.

૧૦. વળી હકીકતો મેળવવાની ફીરદોસીની રીત ખાતરી આપેછે કે તે જુની હકીકતોને વળગી રહેવાની કાળજી રાખતો. જોકે તેને શાએરીનો ઘણો આગમચથી શોખ હતો અને જોકે તેણે અવાર નવાર અસલી ઇરાનની તવારીખની બાબતો ઉપર દાસ્તાનો જોડ્યાં હતાં તોપણ સામટું શાહનામું રચવામાટે તે દાનેશ્વર દેહેકાનનાં પુસ્તક માટે ખોટી હતો. જો તે પોતાની કલ્પનાને છૂટ આપતે તો તેને તે પુસ્તકમાટે ખોટી થવાની જરૂરિઆત નહિ હતી. તેના શાહનામા માટે જેટલી હકીકત તેણે પોતે એકઠી કરી ન હતી તેટલી શાહ મેહ-મુદ અને બીજાઓએ એકઠી કરી હતી.

૧૧. વળી તે જેમ દાસ્તાનો લખતો જતો હતો તેમ શાહ મેહમુદ આગળ વાંચતો જતો હતો. યાદ રાખવું જોઇયે કે શાહ પોતે આ-ગલા ઇરાની પાદશાહોની હકીકતો એકઠી કરવાને ઘણો શોક ધરાવતો હતો અને તે હકીકતોથી તે વાકેફ હતો. તેથીજ તેણે તે હકીકતોને એક કવિતાના પુસ્તકમાં રચાવાની કાળજી દેખાડી હતી. ત્યારે આવો એક માહિતગાર પાદશાહ જે પોતે આગલી પાછલી તવારીખ જા-ણતો હતો તે, જ્યારે તે દાસ્તાનો તેની આગળ અવારનવાર વંચાતાં ત્યારે, જો તે ખોટાં હતે અથવા જોડી કહાડેલાં હતે અથવા સહરાગ-તથી ભરેલાં હતે તો ચાલવા કેમ દેતે? તે એકદમ તેવી ખોટી બાબ-તોને અંદર દાખલ થતી અટકાવતે.

૧૨. વળી યાદ રાખવું જોઇયે કે શાહ મેહમુદની દરબારમાં ફીર-દોસી સામે કેટલાક દુશ્મનો હતા, જેઓ શાહના કાન તરેહવાર રીતે ભેરવી આપતા હતા. તેઓ કેહેતા કે એ તો ખોદાને બરાબર માનતો નથી, એ તો જરથોસ્તી ધર્મ ઉપર ફીદા છે, એ તો આગલા ઇરાની પાદશાહોની હદ બાહેર સીફતો ગાવા બેઠોછે. એવા તરેહવાર વાંકો તેઓ ફીરદોસી સામે મુકતા. તેથી જો ફીરદોસી પોતાને મળેલી ખરી હકીકતોને તરક કરી જો પોતાની કલ્પનાશક્તિને છૂટ આપતે અને નહિ હોતી બાબતો જોડી કહાડતે તો તેઓ તે બાબતનો કાગનો વાઘ

બનાવતે. તેઓ તુરત કોઈ ચોકસ દાસ્તાન ઉપર આંગળી મેલી શાહને કહેતે કે આ બાબત ઉપર આગલાં પુસ્તકોમાં કંઈ નથી લખેલું અથવા તેને માટે સત્તાવાર હકીકત રજુ કરનાર કોઈ નથી, માટે તે ફીરદોસીએ જોડી કહાડેલી છે. પણ પોતાની ગમે તેવી કડવી દુશ્મની છતાં તેઓ એક પણ એવાં દાસ્તાન તરફ ખાતરીથી આંગળી બતાવી શક્યા ન હતા કે તે દાસ્તાન ફીરદોસીએ હકીકતોથી વેગળો જઈ લખ્યું હતું. તેના દુશમનો એના ઉપર કેઆનિઓની હદ બાહેર સ્તુતિ કરવાનો જે વાંક મેલતા તે વાંકને ટેકો આપવા માટે જો એવું કોઈ જોડી કહાડેલું દાસ્તાન હતે તો તે તરફ તેઓ જલદીથી આંગળી દેખાડતે.

૧૩. વળી આપણે આગળ કહ્યું તેમ તે પોતાનાં પુસ્તકની ઘણીક બાબતો કુળવંત સત્તાધાર દેહકાનો પાસે મેળવતો હતો. પાદશાહ મહમુદનો આગલા પાદશાહોની હકીકતો જાણવાનો શોખ જાણી કોઇક હાકમો તેની પ્રીતિ મેળવવા એવા દેહકાનોને ખાસ સીફારસ સાથે તેની દરબારમાં મોકલતા. દાખલા તરીકે, ફીરદોસીને રૂસ્તમ ને શોગાદનાં દાસતાનની હકીકત પુગાડનાર દેહકાન સર્વ આઝાદ, મરવ શેહેરથી ખાસ સીફારસથી આપ્યો હતો. ત્યારે જો ફીરદોસી પોતાને મળેલી હકીકતો સાથે છૂટ લઈ તેમાં વધાર ઘટાડ કરતે અથવા નહિ હોંતી બાબતોને દાખલ કરતે અથવા નવી બાબતોને જોડી કહાડતે તો શું એ દેહેકાનો તે ચાલવા દેતે ? તેઓ કાંઈ ફીરદોસીના બોલાવેલા આવેલા નહિ હતા, પણ ખુદ શાહ મહમુદના બોલાવેલા આવેલા હતા. તેથી જો ફીરદોસી પોતાને મળેલી હકીકતોથી વેગળો જતે તો તેઓ તેની રૂખ રાખવા વગર એકદમ શાહને તે વિષેની ખબર કરતે. વળી પોતાના નેઆગાનો તરફનું સ્વમાન તેઓને ઉશકેરતે કે જો આગલી બાબતોમાં કાંઈ ખોટું દાખલ થાય તો તેને તેઓ ઉઘાડું પાડે.

હવે ફીરદોસીના શાહાનામાની હકીકત કેટલાક દેહકાનો પાસેથી એકઠી કરવામાં આવી હતી તે બાબત ઉપરથી તે હકીકતની સચ્ચાઈ ઓછી કરવામાં આવે કે દેહકાન અથવા ગામડીઆઓથી ભરૂસે-

દાર હકીકત શી મળે ? પણ મો. મોહલ એ શબ્દ જેમ ફીરદોસી વાપરેછે તેમ, તેનો અર્થ બરાબર રીતે સમજાવેછે. એ કહેછે તેમ ફારસી શબ્દકોશો એ શબ્દના બે અર્થ આપેછે. એક ખેડુત અને બીજો તવારીખનવેશ. અસલમાં ઇરાનના ખેડુતો તે મુલકની તવારીખ સારી રીતે જાણનારા હતા. અસલી ઈરાનમાં ખેડુતનો ધંધો ઉંચા પ્રકારનો ગણાતો. વંદીદાદ પ્રમાણે જમીનની ખેતી કરવી એ મોટું પુણ્યનું કામ ગણાતું. જમીનને ખેડવાથી ખોદાતાલા ખુશી થાયછે. જમીનની ખેતી કરવી તે જરથોસ્તી ધર્મની વૃદ્ધી કરવા બરાબર છે. વંદીદાદની ત્રીજી પરગરદ એ વિષેના હોકમોથી ભરેલી છે. એ કારણને લીધે અસલ ઈરાનમાં સારાં ખાનદાનના કુળવંત પુરૂષો ખેતીના ધંધામાં પડતા હતા. એ કારણને લીધે ત્યારે દેહકાનનાં ખેતીવાડી કરનારાં કુટુંબો ઈરાનમાં પેહેલી પંક્તિનાં કુટુંબો ગણાતાં. મોજમલ અલ તવારીખનો લખનાર એ કારણને લીધે દેહેકાન શબ્દનો અર્થ ‘ સરદારો અને જમીન અને ગામોના માલેકો ’ એમ કરેછે. એ દેહેકાનોનાં કુટુંબોએ જરથોસ્તીઓની સલતનત ખલાસ થયા પછી આરબોના વખતમાં પણ પોતાની ઉંચી પંક્તિ જાળવી રાખી હતી. ખલીફોના વખતમાં બગદાદથી જે આરબ હાકેમો આવતા તેઓ સાથે ‘ નીધારીસ્તાન ’ ના કર્તા પ્રમાણે એ દેહકાનોને વારેઘડીએ ખટપટ થતી હતી. હિંદુસ્તાનમાં જે જગ્યા અને દરજ્જો મોટા જમીનદારો આગળ ધરાવતા હતા તે જગ્યા અને દરજ્જો દેહકાનો ઇરાનમાં ધરાવતા. મો. મોહલ સરખામણી કરેછે તેમ નૉર્મન ફતેહ પછી નૉર્મનોના દોરમાં પણ ઇંગ્લંડમાં અસલી ‘ એંગ્લોસૅકસન ’ કુટુંબો જે દરજ્જો જાળવી શકયાં હતાં તે દરજ્જો આરબ ફતેહ પછી આરબોનાં દોરમાં પણ દેહકાની કુટુંબો જાળવી શકયાં હતાં. ઇંગ્લંડમાં હમણા પણ એ અસલથી ઉતરી આવેલાં county families ના નામથી જણાતાં પુરાણાં કુટુંબો જે દરજ્જો ધરાવેછે તે દરજ્જો ઇરાનમાં ઘણું સુધી એ દેહેકાનો જાળવતા હતા. એઓમાનાં ઘણાંક પોતાની પેહેડી અસલી સાસાનિયન

પાદશાહો સાથ જોડતા હતા. નામીચાં કુટુંબો ત્યારે પોતાના અસલી બાપદાદાઓ અને પુરાતન વડીલોની તવારીખ અને હકીકતો વંશપરંપરા જાળવી રાખે તેમાં નવાઈ નહિ. તેઓ એક રીતે પોતપોતાનાં કુટુંબના વડીલોની તવારીખ લખનારાઓ મીસાલ હતા. હાલ જેમ ઘણાંક ઇંગ્રેજી પુરાણાં કુટુંબો પોતાના વડીલોની તવારીખની હકીકતો નોંધરૂપે પોતાનાં કુટુંબમાં જાળવી રાખવાને મગરૂર રહેછે, તેમ દેહકાનો પણ મગરૂર રહેતા. જેમ હાલ ઘણાંક જુનાં કુટુંબો પોતાની પેહેડી ત્રણસો ચારસો વર્ષપરનાં વડીલ ઉપર લઇ જાયછે તેમ એ દેહકાનો પણ લઇ જતા. એ કારણને લીધે ત્યારે દેહકાનો પોતાના અસલી વડીલોનાં પરાક્રમોની ઘણીક હકીકતો પુરી પાડતા. મહમુદ ગીઝનવીની દરબારમાં જે દેહકાંનો અસલી ઇરાની પાદશાહ પેહેલવાનોને લગતી પોતાનાં કુટુંબમાં જાળવી રાખેલી નોંધો રજુ કરતા અને મોહોડેથી સાંભળેલી દંતકથાઓ કહેતા તે એવા ખાનદાની દેહેકાનો હતા. ફીરદોસી જે દેહકાનો માટે બોલેછે તે એવા પ્રકારના દેહેકાનો હતા કે જેઓમાં દોલત, કેળવણી, ડાહાપણ, તવારીખનું જ્ઞાન, સર્વ જળવાઇ રહેલાં હતાં. ફીરદોસીની આગમચ તબરી પણ કેટલીક હકીકત એવા દેહેકાનોથી એકઠી કરેલી જણાવેછે. એ ઉપરથી જણાયછે કે ફીરદોસીની હકીકત ઉપર ફક્ત એટલા કારણ ઉપરથી શક નાખવો કે તેણે તે હકીકત દેહકાનો ઉપરથી એકઠી કરી હતી એ તદન ભુલભર્યું છે. તે દેહકાનોની હકીકત ઉપર શક નાખવો તેટલોજ ખોટો છે કે જેટલો ઇંગ્લંડ દેશના કેટલાંક પુરાણાં કુટુંબોની, તેઓના વડીલો વિષેની હકીકત ઉપર, અથવા કોઇક મુલકના જમીનદારોની તેઓના વડીલોની હકીકત ઉપર શક નાખવો.

૧૫. પણ ફીરદોસી પોતાને મળેલી આગલી હકીકતોને ઘણો વફાદાર રીતે વળગી રહયો હતો, તેની છેવટની તોપણ સૌથી અગત્યની સાબેતી તો, મોહલ કહેછે તેમ, આગલ કહેવા પ્રમાણે એ છે કે તેની કવિતા આજસુધી ઇરાનમાં માનીતી અને પ્યારી થઇ રહીછે. એક વીરરસ

કવિતા પોતાની હકીકતોનો મદાર આગલી દંતકથાઓ, આગલી લાવણીઓ યા ગરબીઓ ઉપર રાખેછે. હવે જે પ્રમાણમાં તે વીરરસ કવિતા આગલી કવિતાઓ અથવા ગરબીઓ અને લાવણીઓને વિસરાવી દેછે તે પ્રમાણમાં તે વીરરસ કવિતાની ફતેહ નક્કી દિસેછે. જો તે વીરરસ કવિતા પોતાના દેશની આગલી હકીકતો, જે એકને મોંહડેથી બીજાએ, વંશપરંપરા લાવણીઓ યા ગરબીઓ યા કવિતાઓરૂપે, યાદ રાખેલી તેને વફાદારીથી વળગી રહેછે અને ખરી હકીકતોનેજ પોતાનાં નવાં રંગીલાં રૂપમાં જાહેર પાડેછે તો લોકો તે અસલી લાવણીઓ યા ગરબીઓને ભુલી જઇ તે નવી રંગીલી કવિતા ઉપર ભાવ અને પ્રેમથી ફીદા થઇ તેજ ગાયછે અને તેનેજ યાદ રાખેછે. પણ જો તે વીરરસ કવિતા આગલી હકીકતોને વળગી રહેતી નથી, તો લોકોને પોતાના મુલકની આગલી હકીકતોની દંતકથાનો એટલો શોખ હોયછે કે તેઓ તે વિષેની આગલી લાવણીઓ વગેરેનેજ ગાય છે અને નવી વીરરસ કવિતા તરફ બેદરકાર રહેછે. પણ ફીરદોસી, હોમરની માફક, પોતાના શાહનામામાં આગલી હકીકતોને એવો તો વફાદારીથી વળગી રહયો હતો કે લોકો આગલી લાવણીઓ વગેરે ભુલી જઇ હોંસથી તેનું શાહનામું ગાવા લાગ્યાં અને આજસુધી ગાયછે.

આ લખનારનાં બીજાં પુસ્તકો.

ગુજરાતી.

વાયુચક્રશાસ્ત્ર.
જમશેદ હોમ અને આતશ.
અવસ્તા જમાનાની ઘરસંસારી જીંદગી, ભુગોળ અને એકરારનામું.
અનાહીત અને ફ્રોહર.
ભવીષ્યની જીંદગી અથવા આત્માનું અમરપણું.
મહેર અને જશને મહેરગાંન.
અવસ્તાના વિશેષ નામોની ફરહંગ.
ઇરાની વિષયો.
મોતઉપર વાએજ.

અંગ્રેજી.

The Religious System of the Parsees.
Wine among the ancient Persians.
Asto-dan.
The River Karun.
The Game of Ball-Bat among the ancient Persians as described in the Epic of Firdousi.
The Funeral Ceremonies of the Parsees, their origin and Explanation.
Dante and Viraf, and Gardis and Kaus.
The Persian Mar-nameh or the Book for the taking Omens from Snakes.
Cucullin and Conlokh, and Rustam and Sohrab.
The Bas Relief of Behram Gour and the Horse in Ancient Iran.
Charms or Amulets and a few Ancient Beliefs about the Eclipse.
Chashmere and the Ancient Persians and the Indian Game of Chess.
The Antiquity of the Avesta.

00066077